પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ બુધવાર

૨૧ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬ ● ભાદરવા વદ આઠમ સંવત ૨૦૮૦

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**


| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૬૧ |
| પાઉન્ડ | ૧૧૨.૦૩ |
| યુરો | ૯૩.૩૩ |
| સઉદી રિયાલ | ૨૨.૨૯ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૭,૦૧૦ |
| ચાંદી (૧ કિલો) | ૯૮,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૫૭ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# PM અને રાષ્ટ્રપતિ હિન્દુ જ નથી : શંકરાચાર્ય કાળઝાળ

**રામ મંદિર નિર્માણ બાદ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ટીકા કરનાર જ્યોતિર્મઠના શંકરાચાર્યજી દ્વારા ગૌરક્ષા મામલે ભાજપ પર આકરા પ્રહારો**

**લખનૌમાં 'ગૌધ્વજ સ્થાપના ભારત યાત્રા'ના બીજા દિવસે અવિમુક્તેશ્વરાનંદ કહે છે કે, ભાજપનું બેવડું ચારિત્ર્ય છે, કેમ કે નાગાલેન્ડમાં આ યાત્રા અટકાવી હતી**



(એજન્સી) લખનૌ, તા.૨૪

ગૌરક્ષા મામલે હિન્દુ ધર્મના સર્વોચ્ચ ધર્મગુરૂ જ્યોતિર્મઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ ગૌરક્ષાના મામલે ભાજપને આડે હાથ લેતા એવા ગંભીર વિધાનો કર્યા હતા કે, અત્યારે તો રાષ્ટ્રપતિ કે, વડાપ્રધાનના હોદ્દા પર કોઈ હિન્દુ નથી તેમણે આક્ષેપ કર્યો હતો કે, વર્તમાન શાસનમાં પણ ગૌ હત્યા બેરોકટોક થઈ રહી છે.

લખનૌમાં ગૌધ્વજ સ્થાપનાના બીજા દિવસે પ્રવચન આપતાં જગદગુરૂએ જણાવ્યું હતું કે, કોઈ પણ હિન્દુ રાષ્ટ્રપતિ કે, પીએમ હોત તો ગૌ હત્યા પર પ્રતિબંધનો આદેશ બહાર પડી ગયો હોત અથવા તો વિરોધ રૂપે રાજીનામા આપી દીધા હોત. તેમણે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના હોદ્દા પરના લોકોના હિન્દુત્વ ચારિત્ર્યને લખનૌમાં મૂકાયેલા હાથીના પૂતળા સાથે સરખામણી કરી હતી અને કહ્યું હતું કે, એમનું હિન્દુત્વ માત્ર દેખાવનું છે. એમાંથી હિન્દુ કોણ કે? કયા રાષ્ટ્રપતિ હિન્દુ છે? કયા પીએમ હિન્દુ છે? જો તેઓ ખરેખર હિન્દુ હોત તો ગૌ હત્યા પર પ્રતિબંધ આવી ગયો હોત. તમે હિન્દુ હોવ અને તમને વડાપ્રધાન બનાવે તો તમે તમારા શાસનમાં ગૌ હત્યા થવા દેશો તેવો સવાલ તેમણે કર્યો હતો. તેઓ હિન્દુ ધર્મની ચાર આધ્યાત્મિક પીઠ પૈકી એક પીઠના શંકરાચાર્ય છે.

તેમણે એવો કટાક્ષ કર્યો હતો કે, અત્યારે તો આ બે મોટા હોદ્દાઓ પર કોઈ હિન્દુ છે જ નહીંના નહિંતર એમના અંતરાત્મા ગૌ હત્યા ચાલુ રહેવા ન દેત અને જો એવું ન થાત તો રાજીનામું આપી દીધું હોત અથવા તો ગૌ હત્યા પર પ્રતિબંધ મૂકી દીધો હોત. તેમણે રોષભેર કહ્યું કે તમે હાથીના પૂતળા જોયા? શું એ ચાલી શકે છે એ તો માત્ર દેખાવના હાથી છે એ ઝાડ ઉખાડીને ફેંકી ન શકે કે, કુદરતી સમૃદ્ધિને ખેદાન મેદાન ન કરી શકે એ જ રીતે આજના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન દેખાવ પૂરતા હિન્દુ છે. તેમણે અયોધ્યાના રામ મંદિર હજુ કેમ નથી ગયા તેવા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું કે, ગૌ હત્યા અટકી જાય પછી જ હું રામ મંદિરમાં દર્શન કરવા જઈશ. વળી જ્યાં સુધી મંદિરનું કામ પૂરૂં ન થાય અને શિખર નિર્માણ ન થાય ત્યાં સુધી પ્રાણપ્રતિષ્ઠા થઈ ન શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધૂરા મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરી એ કાર્ય શાસ્ત્રોની વિરૂદ્ધ હતું. તેમણે યોગી સરકારની પણ ટીકા કરી હતી અને કહ્યું કે, મહંત યોગી યુપીના સીએમ હોવા છતાં સૌથી વધુ ગૌ માંસની નિકાસ યુપીથી થાય છે. ગૌ માંસ ખાવું અમારો અધિકાર છે એવું લઘુમતી કહી ન શકે જો એવું હોય તો તઓએ શરિયત કાયદાનો અમલ કરતા બીજા દેશમાં ચાલ્યા જવું જોઈએ.

## બદલાપુરના એન્કાઉન્ટર પર રાજકીય ઘમાસાણ : અદાલતી તપાસ માંગતો વિપક્ષ

(એજન્સી) મુંબઈ, તા.૨૪

બદલાપુર શાળામાં બે માસુમ બાળાઓ પર બાળાત્કારના આરોપીના પોલીસ કસ્ટડીમાં એન્કાઉન્ટરને પગલે મહારાષ્ટ્રમાં જબરૂ રાજકીય ઘમાસાણ જાગી ઉઠયું છે અને પોલીસની સ્વબચાવની થીયરી વિપક્ષોએ નકારી કાઢી છે અને આ ઘટનાને બનાવટી એન્કાઉન્ટર ગણાવી અદાલતી તપાસની માંગણી કરી છે. આ રીતે રાજ્યમાં આરોપી અક્ષય શિંદેનું એન્કાઉન્ટર એકનાથ શિંદેની સરકાર માટે માથાનો દુખાવો બની જાય તેમ લાગે છે. પોલીસની કથની એવી છે કે, ૨૪ વર્ષના આરોપીને જેલમાંથી લઈ જવાતો હતો ત્યારે તેણે આસી. ઈન્સ્પેક્ટરની રિવોલ્વર આંચકી લીધી હતી અને ગોળીબાર કર્યો હતો. જેમાં નિલેશ મોરે નામના અધિકારીને ઈજા થઈ હતી. વળતા ગોળીબારમાં અક્ષય ઠાર મરાયો હતો એવું પોલીસનું કહેવું છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ઘટનાને કમનસીબ ગણાવી હતી અને મીડિયાને કહ્યું હતું કે, અક્ષય સામે તેની પૂર્વ પત્નીએ જાતીય



**પોક્સોના આરોપીના પોલીસ કસ્ટડીમાં મોતને લઈને સ્વબચાવ વિ. ફેક એન્કાઉન્ટર મુદ્દા પર જબરો વિવાદ**

સત્તામણીની ફરિયાદ કરી હતી એ કેસમાં તેને પૂછપરછ માટે લઈ જવાતો હતો. ડે. સીએમ દેવેન્દ્ર ફડણવીસે પણ પોલીસની કામગીરીનો બચાવ કર્યો હતો અને દાવો કર્યો હતો કે, સ્વબચાવમાં પોલીસે વળતો ગોળીબાર કર્યો હતો. જો કે વિરોધ પક્ષોએ ઘટના અંગેનું સરકારી કથન ફગાવી દઈ આક્ષેપ કર્યો છે કે, આ બનાવટી એન્કાઉન્ટર હતું. પવારની પાર્ટીના નેતા અને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખે સ્વબચાવની દલીલ બહાનું ગણાવી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપના હોદ્દેદારોને બચાવવા બનાવટી એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોળેએ સવાલ કર્યો હતો કે, સચ્ચાઈ દબાવી દેવા માટેના વ્યાપક કાવતરાના ભાગ રૂપે આરોપી ઠાર મરાયો છે? ઉદ્ધવ શિવસેનાના નેતા સુષ્મા અંધારે કહ્યું હતું કે, અક્ષય એ કોઈ સંત ન હતો પરંતુ બધી પ્રક્રિયા કાનૂની રીતે થવી જોઈએ. હકીકતે કાયદાની પ્રક્રિયા મારફત તેને ફાંસી પર લટકાવવો જોઈતો હતો. આ તો મામલો દબાવવા થયું હોય તેવું લાગે છે. વિપક્ષની ટીકાના જવાબમાં ફડણવીસે કહ્યું કે, બનાવને રાજકીય રંગ આપવો એ ખોટું છે.

## યુપીમાં શંકાના ઓછાયા હેઠળ આવતા તમામ એન્કાઉન્ટરની અદાલતી તપાસ થવી જ જોઈએ; પ્રિયંકા ગાંધીની માંગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ઉત્તર પ્રદેશના સુલતાનપુર ઝવેરી સ્ટોર લૂંટ કાંડના વધુ એક આરોપીને ઉત્તર પ્રદેશની પોલીસે ગોળીબારમાં ઠાર માર્યા બાદ કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડરાએ જણાવ્યું હતું કે યુપીમાં શંકાના ઓછા યા હેઠળ આવતા તમામ પોલીસ એકાઉન્ટરની અદાલતની તપાસ થવી જ જોઈએ. ગઈકાલે યુપી પોલીસે જાહેર કર્યું હતું કે સુલતાનપુર જ્વેલરી સ્ટોરમાં થયેલી લૂંટના બીજા એક આરોપીને ઉનનાઓ જિલ્લામાં એકાઉન્ટરમાં ઠાર મારવામાં આવ્યો હતો.



**કોંગ્રેસ નેતાનો રોષ, અપવાદરૂપ કેસ સિવાય અદાલતના હુકમ વિના કોઈનો જાન લઈ લેવો એ હત્યાથી ઓછું નથી**

સોમવારે વહેલી સવારે અચલ ગંજ વિસ્તારમાં આરોપી અનુજ પ્રતાપસિંહ અને એસટીએફના લખનઉ યુનિટ વચ્ચે સામસામા ગોળીબાર થયા હતા જેમાં અપરાધી મારિયો ગયો હતો તેમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. ૨૮ ઓગસ્ટે સુલતાનપુર શહેરમાં આવેલા ભરત જ્વેલર્સમાંથી રૂપિયા દોઢ કરોડની કિંમતના ઝવેરાતની લૂંટ થઈ હતી. આ પહેલા પોલીસે એટલે કે એસ.ટી.એફ દ્વારા મુખ્ય આરોપી મંગેશ યાદવનું એન્ડ કાઉન્ટર કરવામાં આવ્યું હતું જેના પગલે રાજકીય વિવાદ ઊભો થયો હતો અને સમાજવાદી પાર્ટી તથા કોંગ્રેસે આ એકાઉન્ટર બનાવટી જણાવ્યું હતું. પ્રિયંકા ગાંધીએ ટ્વિટ કર્યું હતું કે હત્યા તથા હિંસા તેમજ રક્તપાત અને કોઈનો જાન લઈ લેવાનું રાજકારણનો જે નવો કાયદો છે અને બુલડોઝરનો જે નવો કાયદો છે તેને બંધારણ અને ન્યાય સાથે કોઈ લેવાદેવા નથી. દહેશક ફેલાવીને રાજકીય વર્ચસ્વસ્થા આપવા માટે કરવામાં આવતા આવા કૃત્ય એ બંધારણનું અપમાન છે કાયદો અને વ્યવસ્થાનો અર્થ સમાજમાં શાંતિ સ્થાપવાનો છે અને ગુનેગારોને સુધારા માટે સજા કરવાનો છે અને દરેક નાગરિકને જીવવાનો અધિકાર અને તક આપવી એ જ બંધારણમાં આલેખ આયુ છે. કેટલાક અપવાદરૂપ કિસ્સા સિવાય અદાલતની મંજૂરી વિના કોઈનો જાન લઈ લેવો એ હત્યા જ છે. યુપીમાં છેલ્લા સાત વર્ષમાં ૧૩૦૦૦ એનકાઉન્ટર થયા છે છતાં અપરાધો અટકી ગયા છે એવા સવાલો તેમણે પૂછ્યા હતા. જો અપરાધો અટક્યા નથી તો આવા એકાઉન્ટરનો અર્થ શું? આ કઈ જાતની રમત છે? આવા ગેર બંધારણીય કૃત્ય બંધ થવા જોઈએ અને જેટલા શંકાસ્પદ એકાઉન્ટર છે એ તમામની અદાલતી તપાસ થવી જોઈએ.

CELEBRATING EXCELLENCE
34 years
GT

## આઘાતજનક, શંકાઓ ઊભી થાય છે : બદલાપુર રેપ કાંડના આરોપીના પોલીસ એન્કાઉન્ટર અંગે વિપક્ષની પ્રતિક્રિયા

બદલાપુર રેપ કાંડના આરોપીના એન્કાઉન્ટરના મામલે વિપક્ષ મહાવિકાસ અઘાડીએ સવાલો ઉઠાવ્યા છે અને આખી ઘટનાને આઘાતજનક તથા શંકાસ્પદ ગણાવી છે. ઉદ્ધવ શિવસેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ શિંદેની મહાયુતિ સરકારને બિનકાર્યક્ષમ ગણાવી હતી અને ટકોર કરી હતી કે, રેપ કાંડનો બીજો આરોપી હજુ ફરાર છે. રાજ્ય સરકારે આ આખી ઘટના ઉપજાવી કાઢી છે. મુખ્ય આરોપી ઠાર થઈ ગયો છે અને બીજો આરોપી જે સ્કૂલ બોર્ડનો સભ્ય છે અને ભાજપના હોદ્દેદાર પણ છે એ ફરાર છે. ગોળી મારો અને ભાગી જાવ જેવી આ પ્રકારની યુક્તિઓ તો બિનકાર્યક્ષમ સરકારો જ અપનાવે છે. પ્રિયંકાએ કટાક્ષ કર્યો કે, "તુરંતમાં આવે છે, કોઈએ છ વર્ષની બાળાઓ પર દુષ્કર્મ કર્યું નથી, સ્ટોરી આલેખન તથા સ્પોન્સર્સર અને અમલ કરનાર પણ છે રાજ્ય સરકાર." શિવસેના ઉદ્ધવના પ્રવકતા આનંદ દુબેએ શંકાના વાદળો વિખેરવા માટે સિટની રચના કરવા અને તપાસ કરવા માંગણી કરી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા વિપક્ષના નેતા વિજય વદેટીવારે અદાલતી તપાસની માંગણી કરી છે તો પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોળેએ સ્કૂલના ટ્રસ્ટીઓને બચાવવા એન્કાઉન્ટર કર્યાની શંકા વ્યક્ત કરી છે. શરદ પવારે પણ ટ્વિટ કર્યું છે કે, બે માસુમ બાળકીઓ પર અત્યાચારના આરોપીને કાનૂની માળખામાં રહી ફાંસી અપાઈ હોત તો એ બાળાઓને ન્યાય મળ્યો હોત. આ ઘટનાની સચ્ચાઈ બહાર લાવવા ઊંડી તપાસ થવી જોઈએ. NCP સાંસદ સુપ્રિયા સુલેએ ગંભીર કેસમાં સરકારનું વલણ આઘાતજનક ગણાવ્યું હતું અને કહ્યું કે, પહેલા એફઆઈઆર નોંધવામાં મોડું કર્યું અને હવે મુખ્ય આરોપી કસ્ટડીમાં માર્યો ગયો. મહારાષ્ટ્રની જનતાને ન્યાય મળ્યો નથી.

## અક્ષય શિંદેની માતા કહે છે, દિવાળીના ફટાકડાથી પણ ડરતો મારો છોકરો બંદૂક છીનવી ગોળીઓ છોડે એ માની ન શકાય

પોલીસ ગોળીબારમાં ઠાર થયેલા અક્ષય શિંદેની માતા અલકા શિંદેએ દીકરાને એન્કાઉન્ટર અંગે પોલીસે ઘડેલી વાત ફગાવી દીધી છે અને જણાવ્યું છે કે, મારો દીકરો દિવાળીના ફટાકડા ફોડવાથી પણ ડરતો હતો એટલે એ રિવોલ્વર છીનવીને ગોળીબાર કરે એ બિલકુલ માની ન શકાય એમ નથી. અલકાએ કહ્યું કે, હું સોમવારે સાંજે ૪-૩૦ વાગે તલોજા જેલમાં મારા દીકરાને મળી હતી. હું સવારથી રાહ જોતી હતી અને છેલ્લે મળે ૧૫ મિનિટ વાત કરવાનો મોકો મળ્યો હતો. મારા દીકરાએ કહ્યું કે, ગયા સોમવારે મને મળવા આવી ત્યારે પોલીસ અધિકારીઓએ મને ખૂબ માર માર્યો હતો. અલકાએ આખી ઘટના પૂર્વઆયોજિત ગણાવી હતી અને દાવો કર્યો હતો કે, કેટલાક રાજકીય નેતાઓના કહેવાથી મારા દીકરાને મારી નાખ્યો છે. જેલમાં પણ મેં એને અનેક વાર પૂછ્યું હતું કે, તેણે આવું કામ કર્યું છે ત્યારે મારા દીકરાએ સાફ ના પાડી હતી. મારા દીકરાને બચાવની પણ તક ન મળી એ સૌથી મોટો અપરાધ કહેવાય.

# લેબેનોન પર ઈઝરાયેલી હવાઈ આક્રમણમાં ૫૦૦થી વધુ નિર્દોષ લોકોનાં મોત બાદ મૂકપ્રેક્ષક અમેરિકાએ વધુ મોટી સંખ્યામાં લશ્કરી દળો મોકલ્યા

**નાગરિકોને લેબેનોનથી નાસી જવા ઈઝરાયેલી પ્રમુખ નેતાન્યાહુનો આદેશ**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪

લેબેનોન પર ઈઝરાયેલના ભયાનક અને ભીષણ હવાઈ આક્રમણમાં ૫૦૦થી વધુ લોકો માર્યા ગયા બાદ અને ઈઝરાયેલ તથા હિઝબુલ્લા સંઘર્ષ વધુ ઉગ્ર બની ગયા બાદ અત્યારસુધી મૂકપ્રેક્ષક બની રહેલા અમેરિકાએ મધ્ય પૂર્વમાં વધારાના લશ્કરી દળ મોકલ્યા છે. વધતા સંઘર્ષને કારણે આ પ્રદેશમાં વધુ ગંભીર મોટું યુદ્ધ ફાટી નીકળવાની પેન્ટાગોનને આશંકા છે. ૨૦૦૬ પછીના સૌથી વધુ ભયાનક અને ઘાતકી ઈઝરાયેલી હવાઈ હુમલાથી ડઝનબંધ બાળકો અને મહિલાઓ તથા તબીબી કર્મચારીઓ સહિત ૫૦૦ લોકો માર્યા ગયા છે અને ૧૦૦૦થી વધુ લોકો ઘવાયા છે અને હજારો લોકો લેબેનોન છોડીને ભાગી રહ્યા છે અને હિજરત કરવા લાગ્યા છે. દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ લોકોને ઈઝરાયેલના હુમલાથી બચવા માટે હિજરત



માહિતી જણાવે છે. ૧૯૮૨માં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડની મદદથી ખીણમાં પ્રતિકાર જૂથની સ્થાપના કરવામાં આવી હતી અને એમના મથક ઊભા કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલના મીલીટરી ચીફ લેફ. જનરલ હરજી હાલેવીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન l હિઝબુલ્લાહે જે કોઈ માળખું કરવામાં આવ્યું છે તેનો નાશ કરવા માટે અત્યારે હુમલા કરવામાં આવ્યા છે. હવે આક્રમણનો બીજો તબક્કો શરૂ થશે. જેટલા વિસ્થાપિત ઈઝરાયેલી નાગરિકો છે એ તમામ ઉત્તર ઈઝરાયેલમાં પાછા ફરી શકે એ અમારું લક્ષ્યાંક છે. દરમિયાન ઈરાનના પ્રતિકાર જૂથ દ્વારા હાઈફા

ચિંતાની લાગણી વ્યક્ત કરી છે અને હિંસાને કારણે નાગરિકોની જે રીતે મોટાપાયે જાનહાની થઈ રહી છે તે અંગે ગંભીર ચિંતા દર્શાવી છે. લેબેનોનમાં તમામ હોસ્પિટલોમાં જરૂરી ન હોય એવી તમામ શસ્ત્રક્રિયા અટકાવી દેવા અને ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઘવાયેલા લોકોની તાકીદે સારવાર કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. અમેરિકા એક તરફથી વધારાના દળો મધ્યપૂર્વમાં મોકલી રહ્યું છે તો બીજી તરફ અમેરિકાના પ્રમુખ જો બાઈડેન એવું જાહેર કરે છે કે તંગદિલીનો અંત લાવવા માટે અને લોકો સલામત રીતે તેમના ઘરે પાછા ફરે એ માટે વોશિંગ્ટન કેટલીક નક્કર

**ક્યા બાત હૈ ?!**

જમુ, આ આપણને ના પોસાય ! આ પાંચસો રૂપિયા પાઘડી માગે છે !



- જામી

## નામ નહીં જાહેર કરવાની શરતે એક અમેરિકન અધિકારીએ જણાવ્યું કે ઈઝરાયેલ ઈરાન સમર્થિત પ્રતિકાર જૂથ હિઝબુલ્લાહ સામે જમીની આક્રમણ શરૂ કરે તેનો વોશિંગ્ટન વિરોધ કરે છે અને કટોકટી હળવી બનાવવા માટેના કેટલાક નક્કર વિચારો અમેરિકા આપવા માંગે છે


કરીને ચાલ્યા જવા લોકોને ફરમાન કર્યું છે. એવું પ્રમુખે વીડિયો પર લોકોને અપીલ કરી હતી કે પ્રતિકાર જૂથના ૮૦૦થી વધુ લશ્કરી મથકો અને શસ્ત્રગારો પર ઈઝરાયેલી હવાઈ હુમલા કરવામાં આવ્યા છે એટલે મહેરબાની કરીને તમે સલામત સ્થળે ચાલ્યા જાઓ અને અમારી લશ્કરી કાર્યવાહી પૂરી થાય એ પછી તમે તમારા ઘરોમાં સલામત પાછા આવી શકો છો. ઈઝરાયેલના પ્રમુખે લેબેનોનના નાગરિકોને શહેરો અને ગામો ખાલી કરી દેવા માટેની ઈઝરાયેલની ચેતવણીને ધ્યાનમાં લેવા અને તેને ગંભીરતાથી લઈને જગ્યા ખાલી કરી દેવાની અપીલ કરી છે. પણ હુમલા પછી હજારો નાગરિકો સીદોન હાઈવે તરફ થઈને હિજરત કરવા લાગ્યા છે જેના કારણે રાજધાની બૈરુત તરફ જતો આખો હાઈવે જામ થઈ ગયો છે અને મોટરો સહિત વાહનોના ખડકલા થઈ ગયા છે કેમ કે હજારો નાગરિકો નાસી રહ્યા છે. લેબેનોનના આરોગ્ય મંત્રી ફિરાસ અબીદે જણાવ્યું હતું કે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૩૫ બાળકો તથા ૫૮ મહિલાઓ સહિત ૫૦૦ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૬૪૫ લોકો ઘાયલ થયા છે. આ એક જ દિવસનો આંકડો છે જે અત્યારસુધીનો સૌથી વધુમાં વધુ ઘાતકી હુમલો કહેવાય છે. અનેક વિસ્તારોમાં હોસ્પિટલો તથા મેડિકલ સેન્ટર અને એમ્બ્યુલન્સ ઉપર પણ બોમ્બ પડ્યા હોવાનું આરોગ્ય મંત્રાલય કહે છે. જેના કારણે લગભગ આખા દેશમાં તમામ શાળાઓ અને યુનિવર્સિટીઓને બંધ કરીને તેમને આશ્રય સ્થાનમાં તબદિલ કરી નાખવામાં આવી છે. અને હજારો વિસ્થાપિતોને આશરો આપવાની કોશિશ થઈ રહી છે. ઈઝરાયેલના લશ્કરે માહિતી આપી હતી કે હિઝબુલ્લાહના ૧૬૦૦ જેટલા ટાર્ગેટ પર મિસાઈલ અને રોકેટ તથા ડ્રોનથી હુમલા કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલને અંદાજો છે કે પ્રતિકાર જૂથ પાસે દોઢ લાખ જેટલા રોકેટ અને મિસાઈલ છે જેમાં લાંબા અંતરના અને ઈઝરાયેલમાં ગમે ત્યાં ત્રાટકી શકે એવા ગાઈડેડ બેલિસ્ટિક મિસાઈલ પણ એમની પાસે છે. ગઈકાલે બૈરુતમાં પણ ઈઝરાયેલી હુમલો થયો હતો જેમાં છ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલો આવ્યા છે. હવે ઈઝરાયેલ સીરિયા સાથે જોડાયેલી લેબેનોનની પૂર્વ સરહદ પરના વિસ્તાર પર હુમલા કરવાનું આયોજન કરી રહ્યું છે કારણ કે આ ખીણ વિસ્તારમાં લાંબા સમયથી પ્રતિકાર જૂથની હાજરી છે અને એમના મથકો આવેલા છે તથા શસ્ત્રગારો આવેલા છે એવું ઈઝરાયેલ પાસેની ગુપ્ત સહિતના ઈઝરાયેલી વિસ્તારો તરફ ડઝનબદ્ધ રોકેટ આજે છોડવામાં આવ્યા હતા એટલે હવે સામસામે હુમલા વધી રહ્યા હોવાથી ખૂબ મોટા અને વ્યાપક પ્રમાણના યુદ્ધની આશંકા છે. જે ગમે ત્યારે ફાટી નીકળશે. ગાઝાના હમાસ જૂથની સાથે રહીને ઈઝરાયેલ પર આક્રમણ ચાલુ રાખવાનું ઈરાની પ્રતિકાર જૂથ દ્વારા અગાઉ પણ જાહેર કરવામાં આવ્યું હતું. યુનોના એક શાંતિ રક્ષક દળના કાફલાને પણ ઈઝરાયેલની સરહદ પાસે દક્ષિણ લેબેનોન વિસ્તારમાં અટકાવી દેવામાં આવ્યો હતો તેમ યુનોના પ્રવક્તાએ જણાવ્યું હતું. સામસામે ગોળીબાર અને રોકેટમારા થઈ રહ્યા હોવાથી યુનોની ટુકડીને ત્યાં અટકાવી દેવામાં આવી હતી. વધતા જતા સંઘર્ષ અને તણાવને કારણે યુનોના વડાએ પણ ઘેરી યોજના પર કામ કરી રહ્યું છે. મધ્ય પૂર્વમાં અત્યારે પણ અમેરિકાના ૪૦,૦૦૦ સૈનિકો મોજુદ છે અને વધારાના થોડાક લશ્કરી દળ મોકલવામાં આવ્યા છે તેવું મેજર જનરલ પેટ રાઈડરે જણાવ્યું હતું. અત્યારે મધ્ય પૂર્વના દરિયામાં અમેરિકાનું વિમાન વાહક યુદ્ધ જહાજ તેમજ બે વિનાશિકા અને એક ક્રુઝર પણ મોજુદ છે જે યુરોપમાં મોજુદ અમેરિકાના નૌકાદળના છઠ્ઠા કાફલા સાથે જોડાશે એટલે તેનો અર્થ એ થયો કે અમેરિકા તેના બે યુદ્ધ જહાજને અખાતમાં જ રાખશે જેથી કરીને વધુ હિંસા થાય તો તેને અટકાવી શકાય અને તણાવને ઓછો કરી શકાય કેમ કે અત્યારે ઈઝરાયેલ લેબેનોનમાં જમીનથી યુદ્ધ કરે અને લશ્કર મોકલે તેનો વિરોધ કરી રહ્યું છે અને કટોકટી હલ કરવા માટેના નક્કર વિચારો પર કામ કરી રહ્યું છે.

# બડે મિયાં છોટે મિયાં નિર્માતાઓનો દિગ્દર્શક અલી અબ્બાસ ઝફર પર ફંડ ગુપચાવી દેવાનો આરોપ; ફરિયાદ દાખલ

## બડે મિયાં છોટે મિયાંના નિર્માતા વાશુ ભગનાની, જેકી ભગનાનીએ અલી અબ્બાસ ઝફર વિરૂદ્ધ છેતરપિંડી, ચોરી, બનાવટનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી છે

(એજન્સી) તા.૨૪

પૂજા એન્ટરટેઈનમેન્ટના વાશુ ભગનાની અને જેકી ભગનાનીએ અલી અબ્બાસ ઝફર વિરૂદ્ધ બડે મિયાં છોટે મિયાંના શૂટિંગ દરમિયાન અબુ ધાબીના સત્તાવાળાઓ પાસેથી લીધેલા સબસિડી ફંડને ઉડાવી દેવાની ફરિયાદ નોંધાવી છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી આ ફિલ્મ ૧૧ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ફરિયાદ વિશે ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદીઓએ અલી અબ્બાસ ઝફર, હિમાંશુ મેહરા, એકેશ રાણાદિવે અને અન્ય લોકો પર છેતરપિંડી, ચોરી, ભંડોળનો દુરૂપયોગ, ગુનાહિત કાવતરું, મની લોન્ડરિંગ અને હેરાનગતિ સહિતના અનેક ગંભીર ગુનાઓનો આરોપ મૂક્યો છે. આ આરોપો ફિલ્મ બડે મિયાં છોટે મિયાં (BMCM)ના નિર્માણમાં તેમની સંડોવણીના કારણે ઉભા થયા છે. ફરિયાદી દાવો કરે છે કે ઝફર અને તેના સહયોગીઓએ તેમની ક્ષમતાઓને ખોટી રીતે રજૂ કરી અને ફિલ્મના નિર્માણનું ગેરવ્યવસ્થાપન કર્યું, જેના કારણે નોંધપાત્ર નાણાકીય નુકસાન થયું. તેમના પર અબુ ધાબીમાં શેલ કંપની દ્વારા બજેટમાં વધારો



કરવાનો, કિકબેક મેળવવા, ઈન્વૉઈસ બનાવવી અને ભંડોળનો ઉપયોગ કરવાનો આરોપ છે. વધુમાં ભગનાની દાવો કરે છે કે ખાતરી હોવા છતાં, આરોપીઓએ કોન્ટ્રાક્ટમાં ગેરરીતિ કરી, યોગ્ય નાણાકીય રેકોર્ડ પ્રદાન કરવામાં નિષ્ફળ ગયા અને અપ્રુવ્ડ પેમેન્ટ્સની માંગણી કરી. આ, ખંડણી, બળજબરી અને બદનક્ષીના દાવાઓ સાથે ભગનાનીને કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પડી. અગાઉ, મીડિયાના અહેવાલ મુજબ, અલી અબ્બાસ ઝફરે નિર્માતાઓ પર આરોપ મૂક્યો હતો કે તેણે તેને રૂા.૭.૩૦ કરોડ ચૂકવ્યા નથી, જે તેણે કહ્યું હતું કે બડે મિયાં છોટે મિયાંના નિર્દેશન માટે તેની ફી હતી. દરમિયાન જૂનમાં ક્રૂના કેટલાક સભ્યોએ પ્રોડક્શન હાઉસ પૂજા એન્ટરટેઈનમેન્ટ પર સમયસર ચૂકવણી ન કરવા બદલ આરોપ લગાવ્યો હતો. ક્રૂ મેમ્બર, રુચિતા કાંબલે, ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ લખી હતી જ્યાં તેણે અન્ય લોકોને પ્રોડક્શન હાઉસ સાથે કામ ન કરવા વિનંતી કરી હતી. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE)ના પ્રમુખ બીએન તિવારીએ એવો પણ દાવો કર્યો હતો કે વાશુ ભગનાનીએ તેમની ત્રણ ફિલ્મો-મિશન રાનીગંજ, ગણપથ અને બડે મિયાં છોટે મિયાંમાં કામ કરનાર ક્રૂ સભ્યોને રૂા.૬૫ લાખથી વધુની રકમ ચૂકવવાની બાકી છે. એક અધિકૃત નિવેદનમાં, જેકીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી સમગ્ર કાસ્ટ અને ક્રૂને ચૂકવણી કરવામાં ન આવે ત્યાં સુધી અક્ષયે ફિલ્મ બડે મિયાં છોટે મિયાંમાંથી તેની ચૂકવણી હોલ્ડ પર રાખવા માટે કહ્યું છે. ૧૯૮૬માં સ્થપાયેલ પૂજા એન્ટરટેઈનમેન્ટ, કુલી નંબર ૧, બીવી નંબર ૧, રંગરેઝ, શાદી નંબર ૧ અને જવાની જાનેમન જેવા પ્રોજેક્ટને સમર્થન આપવા માટે જાણીતું છે. બડે મિયાં છોટે મિયાં બોક્સ ઓફિસ પર ઉંધા માથે પછડાઈ હતી કારણ કે તેણે રૂા.૫૯.૧૭ કરોડનો બિઝનેસ નોંધાવ્યો હતો. તે લગભગ રૂા.૩૫૦ કરોડના ઊંચા બજેટમાં બનાવવામાં આવી હતી જેમાં પૃથ્વીરાજ સુકુમારન, અલયા એફ અને માનુષી છિલ્લર પણ હતા. એક્શન ફિલ્મને રિલીઝ થયા પછી સમીક્ષકો નબળી સમીક્ષાઓ મળી હતી.

# અલ્બેનિયા બેક્તાશી સૂફી મુસ્લિમો માટે વેટિકન જેવો ખૂબ નાનો દેશ બનાવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

અલ્બેનિયામાં ટૂંક સમયમાં દેશની રાજધાની તિરાનામાં સૂફી બેક્તાશી મુસ્લિમોને સમર્પિત નાનો દેશ હશે. આ પગલાનો હેતુ શાંતિપૂર્ણ અને સહિષ્ણુ સહઅસ્તિત્વને પ્રોત્સાહન આપવાનો અને લઘુમતીઓને તેમની ધાર્મિક પ્રથાઓ પર સ્વાયત્તતા આપવાનો છે. બાલ્કન રાષ્ટ્ર ૧૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું વેટિકન સિટી જેવું પ્રદેશ પ્રદાન કરવાની યોજના ધરાવે છે, જ્યાં બેક્તાશી લોકો પાસે વહીવટ, પાસપોર્ટ અને સરહદો હશે. અહેવાલો અનુસાર, વડા પ્રધાન એડી રામાએ જણાવ્યું હતું કે, નાનો દેશ આલ્કોહોલને મંજૂરી આપશે, લોકોને તેઓ જે જોઈએ તે પહેરવા દેશે અને બેક્તશી સંપ્રદાયની સહનશીલ પ્રથાઓ અનુસાર જીવનશૈલીના કોઈ નિયમો લાદશે નહીં. ૨૨ સપ્ટેમ્બર, રવિવારના રોજ સંયુક્ત રાષ્ટ્રમાં બોલતા, અલ્બેનિયન વડા પ્રધાને કહ્યું કે, દેશને બેક્તાશી સમુદાય પર ગર્વ છે, જે ઈસ્લામના સૌથી સહિષ્ણુ સંસ્કરણોમાંથી એક માનવામાં આવે છે.



બેક્તાશિયા અથવા બેક્તશિયાએ એક સૂફી ચળવળ છે જેનો ઉદ્દભવ તુર્કીના અનાતોલિયા પ્રદેશમાં થયો હતો. તેની સ્થાપના ૧૨મી સદીમાં સૈયદ મુહમ્મદ બિન ઈબ્રાહીમ અતા દ્વારા કરવામાં આવી હતી, જેને હાજી બેક્તશિયા વલી તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમણે પ્રેમ અને દયાનો ઉપદેશ આપ્યો હતો. બેક્તશિયા સમુદાયની માન્યતાઓ અને પ્રથાઓ રૂઢિચુસ્ત ઈસ્લામની તુલનામાં એકદમ હળવા છે, જેમાં પુરૂષો અને સ્ત્રીઓને એક જ રૂમમાં નમાજ પઢવી વગેરે ની છૂટ છે. બેક્તશિયા સમુદાયે રાજકીય મહત્વ મેળવ્યું જ્યારે તે ઓટ્ટોમન સામ્રાજ્યના ભયાનક ચુનંદા લશ્કરી એકમોની વિચારધારા બન્યા, જેને જેનિસરીઝ તરીકે ઓળખવામાં આવે છે. જેનિસરી પાયદળ એકમો સામ્રાજ્યની સફળતા માટે મહત્વપૂર્ણ હતા, જેમાં ઉગ્ર યોદ્ધાઓ ઓટ્ટોમનના વિસ્તરણના વર્ષો દરમિયાન લડવામાં આવેલી મોટાભાગની લડાઈઓ જીત્યા હતા. જેનિસરીઓને છોકરાઓ તરીકે ભરતી કરવામાં આવી હતી અને ઓટ્ટોમન સામ્રાજ્યના કર ચૂકવતા ઈસ્લામિક સમુદાયોની બહારના સમુદાયોમાંથી, મોટે ભાગે ખ્રિસ્તી અથવા સ્લેવિક સમુદાયો માંથી યોદ્ધાઓ બનવાની તાલીમ આપવામાં આવી હતી. જેનિસરીઓને બેક્તાશી ફિલસૂફીના છૂટક સિદ્ધાંતો પોતાને માટે વધુ સુસંગત જણાયા કારણ કે તેઓ મોટા થયા અને આદરણીય યોદ્ધાઓ, રાજદ્વારીઓ અથવા ઓટ્ટોમન સામ્રાજ્યના ટોચના સરકારી અધિકારીઓ બન્યા. તુર્કીમાં જેનિસરી અને બેક્તાશી સમુદાયોનો પ્રભાવ કેમલ અતાતુર્ક દ્વારા છીનવાઈ ગયો હતો, જેમણે ઓટ્ટોમન સામ્રાજ્યના પતન પછી તુર્કી પ્રજાસત્તાકની સ્થાપના કરી હતી. દેશ પર કબજો કર્યા પછી, તેમણે જેનિસરીઓને દેશમાંથી દેશનિકાલ કર્યા. તે અલ્બેનિયા હતું જેણે ભાગી રહેલા જેનિસરીઝ અને બેક્તાશીનું સ્વાગત કર્યું, જ્યાં સમુદાય હવે તેની રાજધાની, તિરાનામાં સ્થિત છે. બેક્તશીઓનું નેતૃત્વ એક વડીલ કરે છે, જેને બાબા કહેવાય છે. વર્તમાન આધ્યાત્મિક નેતા અથવા બાબા, દરવેશ બાબા મોંડી નવા સાર્વભૌમ રાજ્યના નેતા બનવા માટે તૈયાર છે.

# 'શું તેને હાથકડી પહેરાવી ન હતી ? પિસ્તોલ લોક શા માટે ન હતી ?' બદલાપુરના આરોપીનું 'એન્કાઉન્ટર' અને તેમાં રહેલી ક્ષતિઓ

(એજન્સી) તા.૨૪

થાણેના બદલાપુરની એક શાળામાં જાતીય શોષણના કેસમાં કથિત નિષ્ફળતા સાથે મુખ્ય આરોપી અક્ષય શિંદે સોમવારે, ૨૩ સપ્ટેમ્બરના રોજ થાણે પોલીસ દ્વારા એન્કાઉન્ટરમાં કથિત રીતે માર્યો ગયો હતો. પોલીસે આ અંગે હજુ સુધી સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી અને નાયબ મુખ્ય પ્રધાન અને રાજ્યના ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મીડિયાને જણાવ્યું હતું કે અક્ષય શિંદેને તલોજા જેલમાંથી બદલાપુર ક્રાઈમ બ્રાન્ચમાં લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તેણે પોલીસ વાહનની અંદર એક કોન્સ્ટેબલની બંદૂક બળપૂર્વક છીનવી લીધી હતી. મુંબ્રા ફ્લાયઓવર પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેના પગલે જવાબી ગોળીબારમાં તેનું મોત થયું હતું. આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર (API) નિલેશ મોરેને કથિત રીતે પગમાં ગોળી વાગી હતી. વિપક્ષી નેતાઓએ આક્ષેપ કર્યો છે કે આ એન્કાઉન્ટર અન્ય આરોપીઓને બચાવવા માટે કરવામાં આવ્યું છે. થાણે પોલીસ દ્વારા આ કેસને હાથ ધરવા અંગે શરૂઆતથી જ શંકાઓ ઊભી થઈ છે, જેમાં પરિવારજનોની ફરિયાદ લેવામાં વિલંબ થયો હોવાના આક્ષેપો અને આરોપો સાથે સ્કૂલ મેનેજમેન્ટ સભ્યો હજુ પણ ફરાર છે.

**આ કેસની કથિત ક્ષતિઓની વધુ વિગતોની ઝાંખી :**

- શિંદે દ્વારા ૧૨ અને ૧૩ ઑગસ્ટના રોજ સ્કૂલના વૉશરૂમમાં બે ચાર વર્ષની સગીરોનું કથિત રીતે જાતીય શોષણ કરવામાં આવ્યું હતું.
- ૧૬ ઓગસ્ટે એફઆઈઆર નોંધવામાં આવી હતી અને બીજા દિવસે શિંદેની ધરપકડ કરવામાં આવી હતી
- શાળા અને પોલીસની કથિત ભૂલો સામે બદલાપુરના રહેવાસીઓ દ્વારા વિરોધ પ્રદર્શન ૨૦ ઓગસ્ટના રોજ આ પ્રદર્શન હિંસક બન્યું, જેમાં નવ કલાકથી વધુ સમય સુધી ટ્રેનના પાટા બ્લોક કરવામાં આવ્યા, પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો.
- ભારતીય જનતા પાર્ટી (BJP) સાથે સંબંધ ધરાવતા શાળાના ટ્રસ્ટીઓ અંગે રાજકારણ ચાલુ છે.

'તેને કોઈ હાથકડી પહેરાવવામાં આવી હતી ? પિસ્તોલમાં લોક તાળું નથી ?' : બદલાપુરના આરોપીનું 'એન્કાઉન્ટર' અને તેની મોટી ભૂલો ગયા મહિને વિરોધીઓના ગુસ્સા પાછળનું એક મુખ્ય કારણ એફઆઈઆર નોંધવામાં કથિત વિલંબ હતો. આ ગુનાઓ ૧૨ અને ૧૩ ઓગસ્ટના રોજ થયા હતા, મહારાષ્ટ્ર નવનિર્માણસેના (MNS)ના સ્થાનિક નેતાઓ દ્વારા માતા-પિતાને મદદ કરવામાં આવ્યા પછી જ ૧૬ ઓગસ્ટે FIR દાખલ કરવામાં આવી હતી. વાલીઓએ દાવો કર્યો હતો કે POCSO એક્ટ ફરજિયાત છે અને પોલીસે FIR દાખલ કરવામાં ૧૨ કલાકનો સમય લીધો હતો. આક્રોશને પગલે ફરિયાદ નોંધાવતી વખતે હાજર પોલીસ ઈન્સ્પેક્ટર, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ૨૩ ઓગસ્ટના રોજ, બોમ્બે હાઈકોર્ટે પણ થાણે પોલીસને એફઆઈઆર દાખલ કરવામાં વિલંબ કરવા અને પરિવારોના નિવેદનો ન નોંધવા બદલ ઝાટકણી કાઢી હતી. બદલાપુર પોલીસે આજદિન સુધી બીજી પીડિત છોકરીનું નિવેદન નોંધવા માટે કોઈ પગલાં લીધાં નથી. એવું લાગે છે કે ગઈકાલે સુઓમોટો પીઆઈએલ નોંધાયા પછી જ કે પીડિતોમાંના એકના પિતાનું નિવેદન મધ્યરાત્રિ પછી વિલંબિત રીતે રેકોર્ડ કરવામાં આવ્યું

> **બદલાપુરની એક શાળામાં ૨ સગીરોનું યૌન શોષણ કરનાર સફાઈ કામદાર અક્ષય શિંદે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે**

હતું. એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે કોર્ટને ખાતરી આપી હતી કે ભવિષ્યમાં તમામ જરૂરી નિવેદનો ઝડપથી નોંધવામાં આવશે. ૨૬ ઓગસ્ટના રોજ પીડિતોનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ પ્રિયેશ જાધવે ઉલ્હાસનગર કોર્ટને જણાવ્યું હતું કે એફઆઈઆરમાં નામ આપવામાં આવેલા ઓછામાં ઓછા ત્રણ આરોપીઓ-ટ્રસ્ટી તુષાર આપ્ટે, ટ્રસ્ટના ચીફ જય કોટવાલ અને પ્રિન્સિપાલ અર્ચના અઠાવલે ફરાર છે. FIRના એક મહિના પછી પણ પોલીસ તેમની ધરપકડ કરવામાં નિષ્ફળ રહી છે. શાળાના વહીવટની તપાસ ચાલી રહી હતી, ત્યારે આચાર્ય અને ટ્રસ્ટી પગલાં લેવામાં કથિત વિલંબ માટે એકબીજા પર દોષારોપણ કરતા હતા. આપ્ટે કોણ છે અને શા માટે તેમને ખાસ નિશાન બનાવવામાં આવી રહ્યા છે ? આદર્શ વિદ્યા પ્રસારક સંસ્થાની વેબસાઈટ અનુસાર તેઓ આદર્શ શાળા ચલાવે છે જ્યાં આ ઘટના બની હતી, આપ્ટેને ટ્રસ્ટી મંડળની યાદી હેઠળ 'સચિવ' તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. આપ્ટેની ફેસબુક પ્રોફાઈલ પર તે પોતાને ભાજપની અંબરનાથ જિલ્લા લોક કલ્યાણ સમિતિના પ્રમુખ કહે છે. તેની ફેસબુક પ્રોફાઈલ પરના મોટાભાગના પાર્ટી બેનરોમાં તે તેના ભાઈ ચેતન શરદ આપ્ટે સાથે દેખાય છે, જે બદલાપુર શહેરના તત્કાલીન ભાજપ ઉપાધ્યક્ષ છે. અન્ય ટ્રસ્ટી અને ભાજપના નેતા નંદકિશોર ગોપાલ પાટકરે કહ્યું કે : આપ્ટે ભાજપ સાથે હતા. પરંતુ છેલ્લી નગરપરિષદની ચૂંટણી દરમિયાન ટિકિટ નકારવામાં આવતાં તેમણે બળવો કર્યો હતો અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડી હતી. અક્ષય શિંદેના પરિવારે અનેક વિપક્ષી નેતાઓ સાથે મળીને તેમના મૃત્યુના ઘટનાક્રમ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમના પુત્રની હત્યા કરવામાં આવી હોવાનો આરોપ લગાવતા શિંદેના પરિવારે મીડિયાને જણાવ્યું કે તેઓ સોમવારે જ તેમને જેલમાં મળ્યા હતા અને આ એક્રાઉન્ટરને 'પોલીસનું કાવતરું' ગણાવ્યું હતું. તેની માતાએ કહ્યું કે, મારો દીકરો પિસ્તોલથી ગોળી કેવી રીતે ચલાવી શકે ? શું તે પિસ્તોલનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતો હતો ? ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના નેતા અને આ કેસમાં રાજ્યના વકીલ ઉજ્જવલ નિકમે જણાવ્યું હતું કે એક્રાઉન્ટર અંગેના અનેક દાવાઓ ન્યાયિક તપાસને આધિન છે. હમણાં આ દાવાઓ પર ટિપ્પણી કરવી વહેલું ગણાશે. પરંતુ શું અક્ષય શિંદેને હાથકડી પહેરાવવામાં આવી ન હતી ? શું તેણે જે પિસ્તોલ છીનવી હતી તે લોક ન હતી ? આ બધા જવાબો માત્ર ન્યાયિક તપાસમાં જ મળી શકે છે. શિવસેના (UBT)ના નેતા સુષ્મા અંધારેએ સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયોમાં કહ્યું છે કે જો અક્ષય શિંદે આવી ગુનાહિત માનસિકતાનો હતો, તો શા માટે તેની બદલી કરવામાં આવી રહી હતી ત્યારે પૂરતી સાવચેતી રાખવામાં આવી ન હતી ? શું પોલીસકર્મીની બંદૂક છીનવી લેવાનું શક્ય છે ? શું તેને હાથકડી પહેરાવવામાં આવી હતી ? પહેલા દિવસથી જ તપાસની નિષ્પક્ષતા પર શંકા હતી. આરોપી ટ્રસ્ટી તુષાર આપ્ટેની હજુ સુધી ધરપકડ કેમ કરવામાં આવી નથી ?' તેણીએ આ મામલે સીબીઆઈ તપાસની અને ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસના રાજીનામાની માંગણી કરી હતી. વિપક્ષના નેતાઓ દાવો કરી રહ્યા છે કે આ એક્રાઉન્ટર 'કોઈ અન્યને બચાવવા' માટે કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ફડણવીસ બંનેએ કહ્યું કે આ ઘટનાઓની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવશે, પરંતુ તેઓએ થાણે પોલીસનો બચાવ કર્યો હતો અને કહ્યું કે, વિપક્ષો તેમના પગ નીચેથી જમીન સરકતી જોઈ રહ્યા છે. એક તરફ, તેઓ અક્ષય શિંદે માટે મૃત્યુદંડની માંગ કરી રહ્યા હતા. પરંતુ આજે તેઓ તેમના દ્વારા ઘાયલ થયેલા પોલીસકર્મીઓની પૂછપરછ કરી રહ્યા છે. રાજ્યના ગૃહ મંત્રાલય દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ (SIT)નું નેતૃત્વ ઈન્સ્પેક્ટર જનરલ આરતી સિંહ કરી રહ્યા છે. બદલાપુર પોલીસ પાસેથી તપાસ સંભાળ્યા બાદ તેણે બે ચાર્જશીટ દાખલ કરી છે. SIT એ POCSO હેઠળ ફરિયાદ દાખલ કરવામાં નિષ્ફળતા માટે POCSO અધિનિયમની કલમ ૨૧ હેઠળ શાળાના મેનેજમેન્ટ સામે કેસ કર્યો. ૨૭ ઓગસ્ટના રોજ, SITએ વિશેષ POCSO કોર્ટને કહ્યું કે તે આરોપી અક્ષય શિંદેની ઓળખ પરેડ કરશે. SIT દ્વારા ગયા અઠવાડિયે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ :

- અક્ષય શિંદેએ ડોકટરો સમક્ષ ગુના કર્યાની કબૂલાત કરી હતી જ્યારે તેની તબીબી તપાસ કરવામાં આવી રહી હતી
- બંને સગીર છોકરીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા અને આઈડી પરેડ દરમિયાન શિંદેની ઓળખ પણ કરી હતી
- શાળાના CCTV નિષ્ક્રિય હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશનના CCTVના ફૂટેજનો ઉપયોગ ગુનાના દિવસોમાં શાળાના પરિસરમાં તેની હાજરી સ્થાપિત કરવા પુરાવા તરીકે કરવામાં આવ્યો હતો.

# ભારતીય યુવા વ્યાવસાયિક મહિલાઓ વૈશ્વિક સ્તરે સૌથી વધુ અઠવાડિયામાં ૫૫ કલાક કામ કરે છે

(એજન્સી) તા.૨૪

પુણે સ્થિત ૨૬ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અન્ના સેબેસ્ટિયન પેરાઈલના મૃત્યુથી ભારતમાં વ્યાવસાયિકોના કામના ભારણ વિશે તીવ્ર ચર્ચાઓ થઈ રહી છે. અન્નાની માતા, અનીતા ઓગસ્ટિન દ્વારા લખાયેલા પત્ર અનુસાર, અર્ન્સ્ટ એન્ડ યંગ (EY)ના યુવા વ્યાવસાયિકે "કામના તણાવ"ને કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. શ્રીમતી ઓગસ્ટિને EYના અધ્યક્ષને લખેલા તેમના પત્રમાં જણાવ્યું હતું કે અન્નાને આગલી સવારે સમયમર્યાદા સાથે રાત્રે કામ સોંપવામાં આવ્યું હતું. આ એક પ્રણાલીગત સમસ્યા છે અને કામનો બોજ, નવું વાતાવરણ અને વધુ કલાકોએ તેની પુત્રી પર અસર કરી હતી તેણીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે અન્નાના અંતિમ સંસ્કારમાં ઓફિસમાંથી કોઈ આવ્યું ન હતું.

સુશ્રી ઓગસ્ટિનનો આ પત્ર વાયરલ થયો હતો, અને EY ઈન્ડિયાના અધ્યક્ષ રાજીવ મેમાણી તરફથી જવાબ મળ્યો હતો, જેમણે અન્નાના અંતિમ સંસ્કારમાં કંપનીના કર્મચારીઓ ગેરહાજર હોવાનો ખરેખર અફસોસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે અમારા લોકોની સુખાકારી એ મારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ ઘટના ભારતમાં વધતા જતાં વર્કલોડ કેવી રીતે ખાસ કરીને પુરૂષ-પ્રધાન વાતાવરણમાં કામ કરતી યુવતીઓને અસર કરે છે તે દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે ભારતીય મહિલાઓ વૈશ્વિક સ્તરે સૌથી વધુ કલાકો સુધી કામ કરે છે. ચાર્ટ ૧ એ સરેરાશ સાપ્તાહિક કલાકો દર્શાવે છે અને ભારતીય મહિલાઓ ૨૦૨૩માં વિવિધ પ્રકારની નોકરીઓમાં કામ કરે છે તે દર્શાવે છે.

માહિતી અને સંદેશા વ્યવહારની નોકરીઓમાં ભારતીય મહિલા કામદારો, જેમાં IT વ્યાવસાયિકો અને પત્રકારોનો સમાવેશ થાય છે, તેઓએ ૨૦૨૩માં દર અઠવાડિયે ૫૬.૫ કલાક કામ કર્યું હતું, જે ભારતમાં કોઈપણ પ્રકારની નોકરી માટે સૌથી વધુ છે. જો આપણે પાંચ દિવસના કાર્ય સપ્તાહને ધ્યાનમાં લઈએ, તો તે દિવસમાં ૧૧ કલાકથી વધુ કામ કરે છે, અથવા છ દિવસના કાર્ય સપ્તાહના કિસ્સામાં, તે દિવસમાં ૯ કલાકથી વધુ કામ કરે છે. ભારતમાં વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તકનીકી પ્રવૃત્તિઓમાં કામ કરતી મહિલાઓ અઠવાડિયામાં ૫૩.૨ કલાક કરે છે. તેની સરખામણીમાં ભારતમાં મહિલા શિક્ષક અઠવાડિયામાં ૪૬ કલાક કામ કરે છે.

જો માત્ર નાના કામદારોને ધ્યાનમાં લેવામાં આવે તો આ કલાકો વધે છે. દાખલા તરીકે, ૧૫-૨૪ વર્ષની વયની ભારતીય મહિલા આઈટી/મીડિયા વર્કર્સ દર અઠવાડિયે ૫૭ કલાક કામ કરે છે. ૧૫-૨૪ વર્ષની વયના વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તકનીકી ક્ષેત્રોમાં ભારતીય મહિલાઓ ૫૫ કલાક કામ કરે છે, જે તમામ વય જૂથોમાં સૌથી વધુ છે. માહિતી અને સંદેશા વ્યવહારની નોકરીઓમાં અને વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તકનીકી નોકરીઓમાં ભારતીય મહિલાઓ દર અઠવાડિયે અનુક્રમે ૫૬.૫ કલાક અને ૫૩.૨ કલાક કામ કરે છે.


આઈટી અને મીડિયામાં ભારતીય મહિલાઓ દ્વારા કરવામાં આવત ૫૬.૫ કલાકનું કામ વિશ્વમાં સૌથી વધુ છે. દાખલા તરીકે, જર્મનીમાં IT અને મીડિયામાં મહિલાઓ ૩૨ કલાક અને રશિયામાં ૪૦ કલાક કામ કરે છે. વૈશ્વિક સ્તરે આવી નોકરીઓમાં માત્ર ભારતીય મહિલાઓ સૌથી વધુ કલાકો કામ કરે છે એટલું જ નહીં, પરંતુ તેઓ પુરૂષોના વર્ચસ્વવાળી ઓફિસોમાં પણ કામ કરે છે. વ્યાવસાયિક વૈજ્ઞાનિક અને તકનીકી નોકરીઓમાં માત્ર ૮.૫% ભારતીય કર્મચારીઓ મહિલાઓ છે, અને માહિતી અને સંદેશા વ્યવહારની નોકરીઓમાં માત્ર ૨૦% ભારતીય કર્મચારીઓ મહિલાઓ છે. વ્યાવસાયિક વૈજ્ઞાનિક અને તકનીકી નોકરીઓમાં ભારતીય મહિલાઓનો હિસ્સો ૮.૫% છે અને તે ૧૪૫ દેશોની યાદીમાં નીચેથી ૧૫મું સ્થાન છે.

# બેંગ્લુરૂ મહિલાની હત્યા : પીડિતાના શરીરના અંગો કાપીને ફ્રીજમાં સ્ટોર કરેલ તસવીરો અને વીડિયો સામે આવ્યા

## અપરાધના હેતુપૂર્વકના વીડિયોમાં માનવ શરીરના ટુકડા ભરેલ ફ્રીજ દેખાય છે, વીડિયોમાં દાવા સાથે શેર કરવામાં આવ્યો છે કે શરીરના અંગો બેંગ્લુરૂના ગુનાનો ભોગ બનેલી યુવતીના છે અને તેમાં એક મહિલા ભયાનક રીતે બૂમો પાડતી અને ફ્રીજમાં શરીરના અંગોને જોયા બાદ રૂમમાંથી બહાર નીકળતી દેખાય છે

(એજન્સી) તા.૨૪

બેંગ્લુરૂમાં ભયાનક હત્યા કેસ જ્યાં ૨૯ વર્ષીય મહિલાના કથિત રૂપે ૩૦ ટુકડા કરવામાં આવ્યા હતા અને તેના બોયફ્રેન્ડ દ્વારા ઘરના ફ્રિજમાં સંગ્રહિત તેના શરીરના ભાગોએ સમગ્ર શહેર અને દેશમાં આઘાત ફેલાવ્યો હતો. જઘન્ય અપરાધ પ્રકાશમાં આવ્યા પછી ઘટનાના હેતુપૂર્ણ ચિત્રો અને વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર શેર કરવામાં આવ્યા હતા. વીડિયો અને તસવીરો ગુનાના ગંભીર સ્વરૂપને દર્શાવે છે. જો કે, X પર પ્રસારિત કરવામાં આવેલ વીડિયો અને તસવીરો અધિકૃત છે અને બેંગ્લુરૂના ગુના સાથે સંબંધિત છે કે કેમ તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ નથી.૨ અપરાધના હેતુપૂર્વકના વીડિયોમાં માનવ શરીરના ભાગો



ભરેલા ફ્રિજ દેખાય છે. વીડિયોમાં દાવા સાથે શેર કરવામાં આવ્યો છે કે શરીરના અંગો બેંગ્લુરૂના ગુનાનો ભોગ બનેલી યુવતીના છે અને તેમાં એક મહિલા ભયાનક રીતે બૂમો પાડતી અને ફ્રિજમાં શરીરના અંગોને જોયા બાદ રૂમમાંથી બહાર નીકળતી દેખાય છે.

**ઘાતકી ગુનો :** પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અહીંના મલ્લેશ્વરમમાં એક ઘરમાંથી ૨૯ વર્ષીય મહિલાનો ખંડિત મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, મહાલક્ષ્મીના મૃતદેહને ૩૦થી વધુ ટુકડાઓમાં કાપીને રેફ્રિજરેટરમાં ભરવામાં આવ્યો હતો. જાણવા મળ્યું છે કે મહિલા તેના પતિથી અલગ રહેતી હતી. મહાલક્ષ્મી મલ્લેશ્વરમમાં રહેતી હતી અને એક મોલમાં કામ કરતી હતી, જ્યારે તેનો પતિ શહેરથી દૂર એક આશ્રમમાં કામ કરતો હતો. ઘટનાની જાણ થતા તેઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા.

**આરોપીએ બંગાળનો રહેવાસી :** મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરોપીની ઓળખ અશરફ તરીકે થઈ છે અને તે પશ્ચિમ બંગાળનો છે. બેંગ્લુરૂ પોલીસે આરોપીને પકડવા માટે ટીમો બનાવી છે કારણ કે તે ગુના બાદ ફરાર છે.

# SEBIએ F&O ટ્રેડિંગમાં નાના વેપારીઓના ભોગે નફો કરનાર 'મોટા માથાઓ'ના નામ જાહેર કરવા જોઈએ : રાહુલ ગાંધી

## સેબી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, F&O સેગમેન્ટમાં ૭૩ લાખથી વધુ વ્યક્તિગત વેપારીઓએ F&O સેગમેન્ટમાં વ્યક્તિ દીઠ સરેરાશ રૂા.૧.૨ લાખની ખોટ સાથે પોતાના નાણાં ગુમાવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ૯૦ ટકા નાના રોકાણકારોએ ત્રણ વર્ષમાં ફ્યુચર્સ એન્ડ ઓપ્શન (F&O) ટ્રેડિંગમાં રૂા.૧.૮ લાખ કરોડ ગુમાવ્યા છે અને સેબીએ નફાખોરી કરનારા 'કહેવાતા મોટા માથાઓ'ના નામ જાહેર કરવા જોઈએ. બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં સોમવારે બહાર આવ્યું છે કે, ૯૧ ટકા અથવા ૭૩ લાખથી વધુ વ્યક્તિગત વેપારીઓએ F&O સેગમેન્ટમાં નાણાકીય વર્ષ ૨૪માં વ્યક્તિદીઠ સરેરાશ ૧.૨ લાખ રૂપિયાની ચોખ્ખી ખોટ સાથે નાણાં ગુમાવ્યા હતા. વધુમાં ૧ કરોડથી વધુ વ્યક્તિગત F&O વેપારીઓમાંથી ૯૩ ટકાએ FY૨૨થી FY૨૪ સુધીના ત્રણ વર્ષ દરમિયાન પ્રતિ વેપારી (ટ્રાન્ઝેક્શન ખર્ચ સહિત) આશરે રૂા.૨ લાખની સરેરાશ ખોટ કરી હતી. આ સમયગાળા દરમિયાન આવા વેપારીઓની કુલ ખોટ રૂા.૧.૮ લાખ કરોડને વટાવી ગઈ છે. સેબીનો આ અભ્યાસ દર્શાવે છે કે F&Oમાં ૯૩% છૂટક વેપારીઓએ નાણાકીય વર્ષ ૨૨-૨૪માં રૂા.૨ લાખ ગુમાવ્યા હતા; અને આ સામૂહિક નુકસાન રૂા.૧.૮ લાખ કરોડ થયું છે. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા છે, તેમણે જણાવ્યું હતું કે, અનિયંત્રિત F&O ટ્રેડિંગ ૫ વર્ષમાં ૪૫ ગણું વધ્યું છે અને ૯૦% નાના રોકાણકારોએ ૩ વર્ષમાં ૧.૮ લાખ કરોડ ગુમાવ્યા છે. સેબીએ તેમના ભોગે કમાણી કરનાર કહેવાતા 'મોટા ખેલાડીઓ'ના નામ જાહેર કરવા જોઈએ. અભ્યાસમાં જણાવાયું છે કે માત્ર FY૨૪માં જ વ્યક્તિઓએ લગભગ રૂા.૭૫,૦૦૦ કરોડની ચોખ્ખી ખોટ કરી હતી. આ ખોટ કરનારા ટોચના ૩.૫ ટકામાં લગભગ ૪ લાખ વેપારીઓએ સમાન સમયગાળા દરમિયાન ટ્રાન્ઝેક્શન ખર્ચ સહિત વ્યક્તિ દીઠ સરેરાશ રૂા.૨૮ લાખની ખોટ કરી હતી. માત્ર ૭.૨ ટકાએ વ્યક્તિગત રીતે F&O વેપારીઓએ ત્રણ વર્ષના ગાળામાં નફો કર્યો છે અને માત્ર ૧ ટકા વ્યક્તિગત વેપારીઓ વ્યવહાર ખર્ચને સમાયોજિત કર્યા પછી રૂા.૧ લાખથી વધુનો નફો મેળવવામાં સફળ થયા છે. વધુમાં, છૂટક વેપારીઓ અથવા વ્યક્તિગત વેપારીઓની સંખ્યા બે વર્ષમાં લગભગ બમણી થઈને FY૨૪માં લગભગ ૯૬ લાખ થઈ ગઈ છે જે FY૨૨માં લગભગ ૫૧ લાખ હતી. આવા રોકાણકારોએ FY૨૪માં કુલ ટર્નઓવરમાં લગભગ ૩૦ ટકા યોગદાન આપ્યું હોવા છતાં તેઓ સંખ્યાની દૃષ્ટિએ સ્પષ્ટ બહુમતીમાં છે અને ઈક્વિટી F&O સેગમેન્ટમાં કુલ ટ્રેડર્સના ૯૯.૮ ટકા વ્યક્તિઓ છે. સેબીએ જણાવ્યું હતું કે, અત્યાધુનિક ટ્રેડિંગ પ્લેટફોર્મની ઉપલબ્ધતા અને ટ્રાન્ઝેક્શનના ઓછા ખર્ચે રિટેલ રોકાણકારોને ઓપ્શન્સ અને ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ્સમાં સક્રિયપણે વેપાર કરવા સક્ષમ બનાવ્યા છે, જે માર્કેટ લિક્વિડિટીમાં વધારામાં ફાળો આપે છે. નિયમનકારે જણાવ્યું હતું કે F&O ટ્રેડિંગ પ્રવૃત્તિમાં ઝડપી વૃદ્ધિએ રોકાણકારોના શિક્ષણ અને જોખમ વ્યવસ્થાપન પદ્ધતિઓની જરૂરિયાતને દર્શાવે છે અને રિટેલ વેપારીઓને નોંધપાત્ર પ્રમાણમાં બજારમાં સતત નુકસાન થઈ રહ્યું છે.


# મુસ્લિમોની પેઢીએ તિરૂપતિ મંદિરમાં ભેળસેળવાળું ઘી સપ્લાય કર્યું હતું ? : ફેક્ટ-ચેક

(એજન્સી) તા.૨૪

તિરૂપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ગાયની ચરબી અને ફિશ ઓઈલ જેવા પદાર્થો મળી આવતા હોવાના અહેવાલો વચ્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેને લગતા અનેક ભ્રામક દાવાઓ વાયરલ થઈ રહ્યા છે. એક સ્ક્રીનશોટ સાથે એવો દાવો પ્રસારિત કરવામાં આવી રહ્યો છે કે, તે મંદિરમાં ઘી સપ્લાય કરનાર કંપનીના ઉચ્ચ અધિકારીઓના નામ દર્શાવે છે. તે સૂચવે છે કે, આ કંપનીનું સંચાલન મુસ્લિમ સમુદાય કરે છે. વપરાશકર્તા દ્વારા આ પોસ્ટ દૂર કરવામાં આવી તે પહેલાં આ પોસ્ટને પ્લેટફોર્મ પર એક લાખથી વધુ વ્યૂઝ મળ્યા હતા.

શું આ દાવો સાચો છે ?: ના, બિલકુલ નહીં.. આ દાવો ખોટો છે. વાયરલ પોસ્ટમાં ભારતીય કંપની એ.આર. ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડમાં કામ કરતા લોકોના નામ દર્શાવવામાં આવ્યા નથી.

- તે વાસ્તવમાં 'AR Foods (Pvt) Limited' નામની પાકિસ્તાની કંપની માટે કામ કરતી વ્યક્તિઓના નામ દર્શાવે છે.
- તિરૂપતિ બાલાજી મંદિર માટે ઘી સપ્લાય કરનારી ભારતીય કંપની ડિંડીગુલ તમિલનાડુમાં સ્થિત છે.
- જો કે, આંધ્રપ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટી (TDP)ની આગેવાની હેઠળની સરકારની રચના પછી કર્ણાટક મિલ્ક ફેડરેશનના નંદિની ઘીનો પ્રસાદ માટે ઉપયોગ કરવામાં આવે છે.
- મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ આક્ષેપ કર્યો હતો કે, મંદિરમાં પ્રસાદમાં વપરાતું ઘી અગાઉની વાયએસઆરસીપીની આગેવાની હેઠળની સરકારના કાર્યકાળ દરમિયાન પ્રાણીની ચરબી સાથે ભેળસેળયુક્ત હતું.
- આના પગલે તેલુગુ દેશમ પાર્ટી (TDP)ના પ્રવક્તા અનમ વેંકટા રમણ રેડ્ડીએ એક દસ્તાવેજ બતાવ્યો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તે ગુજરાતમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા પ્રસાદ પર કરવામાં આવેલા પરીક્ષણોના રિપોર્ટમાં તેની પૃષ્ટિ કરવામાં આવી છે.




**મુસ્લિમો વિરુદ્ધ આક્ષેપો સાથે વાયરલ કરવામાં આવેલ તસવીરમાં ન તો લોકો દેખાઈ રહ્યા છે અને ન તો આ કંપની ભારતમાં સ્થિત છે**

- આ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, પ્રસાદમાં બીફ ફેટ, ફિશ ઓઈલ અને લાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- YSRCP અને AR Dairy Food Pvt Ltdએ આ તમામ દાવાઓને ફગાવી દીધા છે.

**અમે આ મુસ્લિમ વિરોધી ખોટા દાવાઓને કેવી રીતે શોધી શક્યા ? :**

અમે LinkedIn પર વાયરલ પોસ્ટમાં દેખાતા તમામ નામો શોધી કાઢ્યા અને તેમની કંપનીઓની નોંધ લીધી. પ્રોફાઈલ તપાસવા પર અમને જાણવા મળ્યું કે, તે પાકિસ્તાનમાં સ્થિત છે.

- કંપનીના નામનો ઉલ્લેખ 'AR Foods (Pvt) Limited' તરીકે કરવામાં આવ્યો હતો.
- AR Foods (Pvt) Limitedની અધિકૃત વેબસાઈટ પર જતા અમને જાણવા મળ્યું કે આ કંપની વાસ્તવમાં પાકિસ્તાનમાં નોંધાયેલ છે.
- અમને જાણવા મળ્યું કે, ઉક્ત કંપની પાકિસ્તાનમાં મસાલા, ચોખા, નાસ્તા, મીઠાઈ અને આરોગ્ય ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. AR Foods (Pvt) Limited દ્વારા કોઈપણ પ્રકારના ઘીનું ઉત્પાદન કર્યું હોવાના કોઈ પુરાવા નથી. આ કંપની પાકિસ્તાનમાં રજિસ્ટર્ડ છે. ભારતીય કંપનીનું ભૌગોલિક સ્થાન : ગૂગલ મેપ્સની મદદથી અમે એ.આર. ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડને શોધી શક્યા, જે તમિલનાડુમાં ડિંડીગુલ પાસે સ્થિત છે. આ એ જ કંપની છે જે પ્રસાદ માટે વિવાદના કેન્દ્રમાં છે.
- હિન્દુસ્તાન ટાઈમ્સમાં પ્રકાશિત અહેવાલ અનુસાર આ તમિલનાડુ સ્થિત કંપની ૧૯૯૫માં શરૂ કરવામાં આવી હતી.
- કંપનીની અધિકૃત વેબસાઈટ ત્રણ ડિરેક્ટરોની યાદી આપે છે - રાજશેકરન આર., સુરિયાપ્રભા આર. અને શ્રીનિવાસન એસ.આર.
- વાયરલ પોસ્ટમાં કરવામાં આવેલા દાવાથી વિપરીત, કંપનીના માલિકો અથવા બોર્ડ ડિરેક્ટરોમાંથી કોઈ પણ મુસ્લિમ સમુદાયના નથી.
- ટીમ WebQoof તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD) પાસે પહોંચી છે, જે મંદિરનું સંચાલન કરતું ટ્રસ્ટ છે. જ્યારે અને જ્યારે તેમનો પ્રતિસાદ મળશે તો આ રિપોર્ટ અપડેટ કરવામાં આવશે. વાયએસઆરસીપીએ આરોપોને નકારી કાઢ્યા છે. આંધ્રપ્રદેશના પૂર્વ સીએમ વાય.એસ. જગન મોહન રેડ્ડીએ પ્રસાદમાં ચરબી અને માછલીના તેલ જેવા તત્ત્વો હોવાના આરોપોને નકારી કાઢ્યા છે.
- પક્ષે રાજ્ય હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી છે જેમાં શાસક પક્ષ દ્વારા કરવામાં આવેલા દાવાઓની કોર્ટ દ્વારા દેખરેખ હેઠળની તપાસની માંગ કરવામાં આવી છે. નિષ્કર્ષ : આ સ્પષ્ટ છે કે, મુસ્લિમ કંપની દ્વારા ઘી સપ્લાય કરવામાં આવ્યું છે એવી વાયરલ પોસ્ટ ખોટા સાંપ્રદાયિક દાવા સાથે શેર કરવામાં આવી રહી છે.

# કર્ણાટક હાઈકોર્ટે MUDA કેસની તપાસ માટે રાજ્યપાલની મંજૂરીને પડકારતી મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાની અરજી ફગાવી

## હાઈકોર્ટે જણાવ્યું હતું કે, રાજ્યપાલને આવેદનમાં રજૂ કરાયેલા તથ્યોની તપાસ જરૂરી છે, કારણ કે આરોપોમાં મુખ્યમંત્રીના પરિવારના સભ્યો સામેલ છે

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૪

કર્ણાટક હાઈકોર્ટે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની પત્ની પાર્વતી બી.એમ.ને મૈસુર વિકાસ સત્તામંડળ અરબન ડેવલપમેન્ટ ઓથોરિટી (MUDA) દ્વારા વળતરની જગ્યાઓની ફાળવણીમાં કથિત અનિયમિતતાઓ અંગે રાજ્યપાલ થાવરચંદ ગેહલોત દ્વારા તેમની સામે કાર્યવાહી કરવા માટે આપવામાં આવેલી મંજૂરીને પડકારતી તેમની અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ એમ. નાગપ્રસન્નાએ ચુકાદો સંભળાવ્યો અને ૧૬ ઓગસ્ટના રોજ જારી કરાયેલ રાજ્યપાલની મંજૂરીને સમર્થન આપ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું હતું કે રાજ્યપાલ સામાન્ય રીતે કેબિનેટની સહાય અને સલાહ અનુસાર કાર્ય કરે છે, ત્યારે તે અસાધારણ સંજોગોમાં સ્વતંત્ર નિર્ણય લઈ શકે છે. અદાલતે આરોપોની તપાસ માટે મંજૂરી આપવાના રાજ્યપાલના નિર્ણયમાં કોઈ ખામી જણાઈ ન હતી અને નોંધ્યું હતું કે નિર્ણયના કારણો યોગ્ય હતા અને કોર્ટે કહ્યું કે અરજદારના પરિવાર સામેના આરોપો અંગે વધુ તપાસની જરૂર છે. કોર્ટરૂમમાં તારણોનો સારાંશ વાંચતા ન્યાયમૂર્તિ નાગપ્રસન્નાએ સૂચવ્યું કે ફરિયાદીઓ રાજ્યપાલ



સુધીના તેમના અભિગમમાં ન્યાયી હતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૭A હેઠળ પ્રારંભિક તપાસ ફરજિયાત નથી. સિદ્ધારમૈયાનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ આ અરજીની બરતરફીના આદેશ પર બે અઠવાડિયાના સ્ટેની વિનંતી કરી, ત્યારે કોર્ટે તે નકારી કાઢતા કહ્યું કે તે પોતાના ચુકાદાને રોકી શકે નહીં. ચુકાદાની નકલ બપોર પછી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. નાયબ મુખ્ય પ્રધાન ડીકે શિવકુમારની આગેવાની હેઠળની કેબિનેટે રાજ્યપાલને નકારવાની વિનંતી કરી હોવા છતાં સિદ્ધારમૈયાએ સામાજિક કાર્યકર્તા સ્નેહમયી કૃષ્ણા, ટી જે અબ્રાહમ અને એડવોકેટ પ્રદીપ કુમાર એસ પી દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર રાજ્યપાલ દ્વારા ૧૬ ઓગસ્ટના રોજ આપવામાં આવેલી મંજૂરી પર સવાલ ઉઠાવતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. સિદ્ધારમૈયાના વકીલે દલીલ કરી હતી કે રાજ્યપાલના આદેશમાં યોગ્ય અમલીકરણનો અભાવ હતો, ત્યારે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રાજ્યપાલના નિર્ણયનો બચાવ કર્યો હતો અને જણાવ્યું હતું કે તે પુરાવા દ્વારા સમર્થિત છે અને પ્રાથમિક દૃષ્ટિએ ગંભીર આક્ષેપો છે. મહેતાએ કહ્યું હતું કે રાજ્ય સરકારે વરિષ્ઠ IAS અધિકારીની આગેવાની હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી અને આ બાબતની તપાસ કરવા માટે હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશની આગેવાની હેઠળ તપાસ પંચની નિમણૂક કરી હતી. મહેતાએ એવી દલીલ કરી હતી કે રાજ્યપાલે કેબિનેટની સલાહને વાજબી રીતે અવગણી હતી, કારણ કે નાયબ મુખ્ય પ્રધાન શિવકુમારની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકનો નિર્ણય પક્ષપાતી હતો. હિતના સંઘર્ષને નકારી શકાય નહીં કારણ કે સીએમ સિદ્ધારમૈયા તે બેઠકમાં ગેરહાજર રહ્યા હતા, તેમણે તેમના નાયબને તેની અધ્યક્ષતા માટે અધિકૃત કર્યા હતા.

# છેલ્લા ત્રણ વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પશ્ચિમ બંગાળને કોઈ ફંડ મળ્યું નથી : મમતા બેનરજી

## સીએમ કહે છે કે એક જિલ્લામાં ૧૧ લાખ મકાનો માટે ટૂંક સમયમાં નાણાં આપવામાં આવશે

(એજન્સી) કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ એવો આક્ષેપ કર્યો છે કે છેલ્લા ત્રણ વર્ષથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજ્ય સરકારને કોઈ ફંડ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવ્યું નથી. મુખ્યમંત્રીએ બોલપૂર ખાતે યોજાયેલી વહીવટી સમીક્ષા માટેની બેઠક બાદ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષથી અમને પીએમએવાય અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કોઈ ફંડ આપવામાં આવ્યું નથી. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે કેન્દ્રીય ફંડરૂપે રાજ્ય સરકારને રૂા.૧.૭૦ લાખ કરોડ આપવાના રહે છે એટલે અમે અમારા મર્યાદિત સાધનોમાંથી શક્ય તેટલા વધુ મકાનો માટે નાણાકીય ફાળવણી કરવાના પ્રયાસો કરી રહ્યા છીએ. મમતાએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૧૧ લાખ મકાનો માટેના નાણાં ટૂંક સમયમાં છૂટા કરવામાં આવશે તેમણે એવું પણ જાહેર કર્યું હતું કે પૂરને કારણે જેટલી નુકસાની થઈ છે અને રસ્તાઓને નુકસાન થયું છે તેના સમારકામ માટે પણ ખર્ચ કરવામાં આવશે



અને એ માટે ધારાસભ્યોને વિકાસ ફંડમાંથી ફંડ પૂરૂં પાડવામાં આવશે. સર્જાયેલા પૂર તાંડવો અંગે બોલતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે કંઈક અંશે પરિસ્થિતિમાં સુધારો થયો છે પણ રાજ્યના હજુ કેટલાક વિસ્તારો જળબંબાકાર થયેલા છે. બંગાળમાં વરસાદને કારણે જળબંબાકાર થયો નથી એ આ રાજ્યની કમનસીબી છે કેમ કે ઝારખંડમાંથી પાણી છોડવામાં આવ્યું તેના કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં પૂર આવ્યા છે. દામોદર વેલી જળાશય નિયમન સમિતિમાંથી રાજ્ય સરકારના પ્રતિનિધિને પાછા બોલાવી લેવાના નિર્ણયનો બચાવ કરતા અને તેને વાજબી ગણાવતા મમતાએ કહ્યું હતું કે દામોદર વહેલી રાજ્યની પૂર પરિસ્થિતિ માટે જવાબદાર છે એટલે એ નિગમમાં રાજ્યના પ્રતિનિધિ રાખવાનો કોઈ મતલબ રહેતો નથી. કારણકે દામોદરવેલી નિગમ દ્વારા જ બે બંધમાંથી રાજ્ય સરકારને જાણ કર્યા વિના અને પૂર્વ ચેતવણી આપ્યા વગર જ બેફામ પાણી છોડવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જે સંસ્થા કે સંગઠન કે નિગમ બેફામ રીતે અને કશું વિચાર્યા વિના પાણી છોડવા લાગે જેનાથી નિર્દોષ લોકોના મોત થતા હોય તો એવી સંસ્થા કે સંગઠન સાથે હું કોઈ સંબંધ રાખવા માંગતી નથી. દામોદરવેલી કોર્પોરેશનનું મૂળ કામ રાજ્યને પૂરની પરિસ્થિતિથી બચાવવાનું છે પણ એ પોતાનું મૂળ કામ ભૂલીને હવે ઉર્જા ઉત્પાદન ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. બહુ મોટા પ્રમાણમાં એક સાથે પાણી છોડવાને બદલે તબક્કા વાર થોડું થોડું પાણી છોડવામાં આવે એવી રાજ્ય સરકારે અપીલ કરી હતી પણ દામોદરવેલી કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારની વિનંતી કાને ધરવામાં આવી નહોતી.

# ભાજપ બદલાની રાજનીતિ કરી રહ્યું છે : મૈસુર જમીન કૌભાંડ કેસમાં કોર્ટના નિર્ણય પછી સિદ્ધારમૈયાનું નિવેદન

## કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાએ MUDA જમીન કેસમાં તેમની સામેની તપાસ માટે રાજ્યપાલની મંજૂરીને પડકારતી તેમની અરજીને હાઈકોર્ટે ફગાવી દીધા પછી ભાજપ પર બદલાની રાજનીતિનો આરોપ મૂક્યો હતો

(એજન્સી) તા.૨૪

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર રાજભવનનો દુરૂપયોગ કરીને વિપક્ષ શાસિત રાજ્યોમાં સરકારોને સજા આપવાનું ષડ્યંત્ર રચી રહ્યું છે. કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ મંગળવારે MUDA જમીન કેસમાં કથિત અનિયમિતતાઓમાં તેમની સામેની તપાસ માટે રાજ્યપાલની મંજૂરીને પડકારતી તેમની અરજીને હાઈકોર્ટે ફગાવી દીધા પછી ભાજપ પર બદલાની રાજનીતિનો આરોપ મૂક્યો હતો. એક નિવેદનમાં સિદ્ધારમૈયાએ કહ્યું કે તેઓ ભાજપ અને જનતા દળ (સેક્યુલર)ની બદલાની રાજનીતિ સામે સંઘર્ષ ચાલુ રાખશે અને કહ્યું કે, હું તપાસ કરવામાં અચકાઈશ નહીં. હું નિષ્ણાતો સાથે સલાહ લઈશ કે કાયદા હેઠળ આવી તપાસની મંજૂરી છે કે નહીં. હું કાયદાકીય નિષ્ણાતો સાથે ચર્ચા કરીશ અને લડતની રૂપરેખા નક્કી કરીશ. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર રાજભવનનો દુરૂપયોગ કરીને વિપક્ષ શાસિત રાજ્યોમાં સરકારોને સજા આપવાનું ષડ્યંત્ર રચી રહ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભાજપ અને જેડી (એસ) તેમની ગરીબ તરફી છબી અને સામાજિક ન્યાય માટેની તેમની લડાઈને કારણે તેમની સામે રાજકીય પ્રતિશોધનો આશરો લઈ રહ્યા છે. મુડા કેસ ખોટો છે. ભાજપ અને જેડીએસનો મુખ્ય ઉદ્દેશ્ય અમારી સરકારની યોજનાઓને રોકવાનો છે જે ગરીબો અને પીડિતોની તરફેણ કરે છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ કર્ણાટકમાં કોંગ્રેસ સરકારને પતન કરવાનું કાવતરું ઘડી રહી છે કારણ કે તે ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીમાં તેની હારથી તેઓ 'નિરાશ' થયા છે. કર્ણાટકની જનતાએ ભાજપને પોતાના દમ પર સત્તામાં આવવા માટે પૂરતી બહુમતી આપી નથી. અત્યારસુધી ભાજપ અનૈતિક રીતે ઓપરેશન કમલ ચલાવીને સત્તામાં આવી છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યની જનતાએ અમારી પાર્ટીને બહુમતી આપી હતી. આનાથી હતાશ થઈને ભાજપ અને જેડીએસના નેતાઓએ રાજભવનનો આશરો લીધો છે અને અમારી સરકારને ખલેલ પહોંચાડવા માટે મારા પર ખોટા આરોપો લગાવ્યા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસના તમામ ધારાસભ્યો, નેતાઓ અને કાર્યકરો તેમની પડખે ઉભા છે અને તેમને કાયદાની લડાઈ ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યા છે. મારા ૪૦ વર્ષના રાજકીય જીવન દરમિયાન મેં આવા બદલાની અને કાવતરાની રાજનીતિનો સામનો કર્યો છે અને હું રાજ્યની જનતાના આશીર્વાદ અને ઈચ્છાઓના બળથી જીતી રહ્યો છું. મને વિશ્વાસ છે કે હું આ લડાઈ લોકોના આશીર્વાદ સાથે જીતીશ. એવા નેતાઓ જે મારું રાજીનામું માંગી રહ્યા છે તે જ નેતાઓ છે જેમણે રાજ્યના ગરીબો અને પીડિત લોકો માટે અમલમાં મૂકેલી યોજનાઓનો વિરોધ કર્યો હતો. હાઈકોર્ટે સિદ્ધારમૈયાની અરજી ફગાવી દીધી છે, કર્ણાટક હાઈકોર્ટે આજે જણાવ્યું હતું કે રાજ્યપાલ થાવર ચંદ ગેહલોત જો અસાધારણ સંજોગો ઉભા થાય તો સ્વતંત્ર નિર્ણયો લઈ શકે છે, ખંડપીઠે જણાવ્યું હતું કે અરજીમાં વર્ણવેલ તથ્યોને ફગાવી દેતા પહેલા તપાસની જરૂર છે. ટીજે અબ્રાહમ, સ્નેહમાઈ કૃષ્ણા અને પ્રદીપ કુમાર એસપી—આ ત્રણ કાર્યકર્તાઓની ફરિયાદોને પગલે જુલાઈમાં સિદ્ધારમૈયા વિરુદ્ધ તપાસ માટે રાજ્યપાલની મંજૂરી આપવામાં આવી હતી. આ કેસ એવા આરોપોથી સંબંધિત છે કે સિદ્ધારમૈયાની પત્ની બી.એમ. પાર્વતીને મૈસુરના એક અપમાર્કેટ વિસ્તારમાં વળતરની જગ્યાઓ ફાળવવામાં આવી હતી, જે MUDA દ્વારા 'અધિગ્રહણ' કરવામાં આવેલી તેમની જમીનના સ્થાનની તુલનામાં ઊંચી મિલકત મૂલ્ય ધરાવે છે. MUDAએ પાર્વતીને તેની ૩.૧૬ એકર જમીનના બદલામાં ૫૦:૫૦ રેશિયો સ્કીમ હેઠળ આ પ્લોટ ફાળવ્યા હતા, જ્યાં MUDAએ રહેણાંક લેઆઉટ વિકસાવ્યો હતો. જમીન કૌભાંડ કેસમાં સિદ્ધારમૈયાએ તેમના પર લાગેલા આરોપોને ફગાવી દીધા છે જ્યારે ભાજપે તેમના રાજીનામાની માંગ કરી છે.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે તમિલનાડુના ગવર્નરની 'બિનસાંપ્રદાયિકતા'ના નિવેદનની ટીકા કરી અને કટાક્ષ કરતાં કહ્યું કે, 'લોકશાહી પણ યુરોપિયન વિચાર છે'

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમે મંગળવારે તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિની એવા નિવેદન માટે ટીકા કરી હતી કે 'ભારતમાં બિનસાંપ્રદાયિકતાની જરૂર નથી. પી ચિદમ્બરમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તમિલનાડુના રાજ્યપાલે હવે શોધી કાઢ્યું છે કે બિનસાંપ્રદાયિકતા એ



છે અને તે ભારતના બંધારણ અને મહાત્મા ગાંધી, બાબા સાહેબ આંબેડકર, પંડિત જવાહરલાલ નેહરૂ અને સરદાર વલ્લભભાઈના 'આઈડિયા ઑફ ઈન્ડિયા' વિરૂદ્ધ છે. તેમણે કહ્યું કે, બિનસાંપ્રદાયિકતાનો વિચાર વિદેશોમાં અલગ હોઈ શકે છે, ભારતમાં આપણે અન્ય તમામ ધર્મોનું સન્માન કરીએ છીએ, અમે અન્ય તમામ પરંપરાઓનું સન્માન કરીએ છીએ અને અમે અન્ય તમામ પ્રથાઓનો આદર કરીએ છીએ

## રાજ્યપાલે કહ્યું હતું કે, ''ધર્મનિરપેક્ષતાનો અર્થ શું છે ? બિનસાંપ્રદાયિકતા એ યુરોપિયન ખ્યાલ છે અને તે ભારતીય ખ્યાલ નથી, યુરોપમાં ધર્મનિરપેક્ષતા આવી હતી કારણ કે ત્યાં ચર્ચ અને રાજા વચ્ચે લડાઈ હતી... ભારત 'ધર્મ'થી કેવી રીતે દૂર રહી શકે ? બિનસાંપ્રદાયિકતા એ યુરોપિયન ખ્યાલ છે અને તેને ત્યાં જ રહેવા દેવી જોઈએ, ભારતમાં બિનસાંપ્રદાયિકતાની જરૂર નથી''

યુરોપિયન ખ્યાલ હતો અને ભારતમાં તેનું કોઈ સ્થાન નથી. આ વરિષ્ઠ નેતાએ કહ્યું કે, સંઘવાદ પણ યુરોપિયન ખ્યાલ હતો. શું આપણે જાહેર કરીશું કે ભારતમાં સંઘવાદને કોઈ સ્થાન નથી ? એક વ્યક્તિ, એક મત પણ યુરોપિયન કન્સેપ્ટ હતો. શું આપણે જાહેર કરીશું કે અમુક લોકોને મત આપવાનો અધિકાર નથી ? લોકશાહી એ પણ યુરોપીયન ખ્યાલ હતો અને ભારતમાં મહારાજા અને રાજાઓ દ્વારા શાસન કરવામાં આવતું હતું તો શું આપણે જાહેર કરીશું કે આ દેશમાં લોકશાહી ખતમ થઈ જશે ? પી ચિદમ્બરમે વધુમાં જણાવ્યું હતું કે બંધારણીય કાર્યકર્તાઓ, અને ખાસ કરીને જેઓ ઉચ્ચ હોદ્દા ધરાવે છે, તેઓએ મૌનનું વ્રત ધારણ કરવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આર.એન. રવિએ રવિવારના રોજ કન્યાકુમારીમાં એક જાહેર કાર્યક્રમમાં કહ્યું હતું કે બિનસાંપ્રદાયિકતા એ યુરોપીયન ખ્યાલ છે અને ભારતમાં તે પ્રાસંગિક નથી. રાજ્યપાલ રવિએ કહ્યું હતું કે, આ દેશના લોકો સાથે ઘણી છેતરપિંડી કરવામાં આવી છે, અને તેમાંથી એક એ છે કે તેઓએ બિનસાંપ્રદાયિકતાનું ખોટું અર્થઘટન કરવાનો પ્રયાસ કર્યો છે. રાજ્યપાલે કહ્યું હતું કે, ધર્મનિરપેક્ષતાનો અર્થ શું છે ? બિનસાંપ્રદાયિકતા એ યુરોપિયન ખ્યાલ છે, અને તે ભારતીય ખ્યાલ નથી. યુરોપમાં ધર્મનિરપેક્ષતા આવી કારણ કે ચર્ચ અને રાજા વચ્ચે લડાઈ હતી... ભારત 'ધર્મ'થી કેવી રીતે દૂર રહી શકે ? બિનસાંપ્રદાયિકતાએ યુરોપિયન ખ્યાલ છે અને ભારતમાં બિનસાંપ્રદાયિકતાની જરૂર નથી. કોંગ્રેસના નેતા અને વિરૂધુનગર મતવિસ્તારના સંસદસભ્ય મણિકમ ટાગોરે પણ રવિના આ નિવેદનની ટીકા કરી હતી. ટાગોરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, તમિલનાડુના રાજ્યપાલનું બિનસાંપ્રદાયિકતા અંગેનું નિવેદન અસ્વીકાર્ય અને આ ભારતમાં બિનસાંપ્રદાયિકતાનો વિચાર છે. ભાજપ અને તેના અન્ય સંલગ્ન સંગઠનો આ વિચારની વિરૂદ્ધ છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ અન્ય ધર્મો અને અન્ય પરંપરાઓનું અપમાન કરવા માંગે છે. તેમણે કહ્યું કે, અમે વિવિધતાની ઉજવણી કરવા માંગીએ છીએ, અમે અન્ય ધાર્મિક માન્યતાઓની ઉજવણી કરીએ છીએ, અમે અન્ય પરંપરાઓ, અન્ય ભાષાઓ અને અન્ય પ્રથાઓની ઉજવણી કરીએ છીએ અને તે ધર્મનિરપેક્ષતાનો ભારતનો વિચાર છે. મણિકમ ટાગોરે કહ્યું કે આર.એન.રવિએ બંધારણની વિરૂદ્ધ નિવેદન આપ્યું છે. ભાજપ અને આરએસએસ ભારતીય બંધારણને બદલવાનું કહે છે જે બાબા સાહેબ આંબેડકરની વિચારસરણી પર આધારિત છે. કોંગ્રેસ પાર્ટી ક્યારેય આવું થવા દેશે નહીં અને તેમણે કહ્યું કે, તમિલનાડુના રાજ્યપાલે તેમની મર્યાદા ઓળંગી છે.

# નવો મોબાઈલ લીધા બાદ તેની પાર્ટી ન આપતા દિલ્હીના સગીરની તેના જ બે મિત્રોએ છરી મારીને હત્યા કરી નાખી

## શકરપુર વિસ્તારમાં એક દુકાન પાસે લોહીના ડાઘા જોતા પોલીસને શંકા ગઈ અને મિત્રોએ જ કરેલી મિત્રની હત્યાની ચોંકાવી દેનારી ઘટના સામે આવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

પૂર્વ દિલ્હીના શકરપુર વિસ્તારમાં ૧૬ વર્ષની વયના એક સગીરની નવો મોબાઈલ લેવા બદલ પાર્ટી ન આપતા અને ઉજવણી માટે લઈ ન જતા તેના જ ત્રણ મિત્રોએ છરીના ઘા મારીને સગીરની હત્યા કરી નાખી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે સગીરની હત્યાના આરોપસર તેના ત્રણેય મિત્રોની ધરપકડ કરી લીધી છે. મરનાર છોકરો અને તેના ત્રણેય મિત્રો ધોરણ નવમાં સાથે જ અભ્યાસ કરતા હતા. હત્યા કરનારા પણ ત્રણેય આરોપી ૧૬ વર્ષના છે તેમ પોલીસે જણાવ્યું હતું. શકરપુર વિસ્તારમાં સોમવારે સવારે સાત વાગ્યાના સુમારે પોલીસ પેટ્રોલિંગ પર હતી ત્યારે રામજી સમોસા દુકાનની પાસે લોહીના ડાઘા જોયા હતા એટલે પોલીસે તરત જ તપાસ શરૂ કરી હતી




અને ત્યારે ખબર પડી હતી કે અહીં કેટલાક છોકરાઓએ તેમને ઉંમરના એક છોકરાને છરીના ઘા માર્યા છે. ઘાયલ થયેલા ૧૬ વર્ષીય સચિનને એલ એન જેપી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પણ ત્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું તેમ ડેપ્યુટી પોલીસ કમિશનર પૂર્વ વિભાગ અપૂર્વ ગુપ્તાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે મરનાર છોકરો આ વિસ્તારમાં જ રહેતો હતો. સચિન અને તેનો એક મિત્ર સ્માર્ટફોન લઈને ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે આ ત્રણેય છોકરા અત્યારે રસ્તામાં મળ્યા હતા અને નવો મોબાઈલ લીધો હોવાથી પાર્ટી આપો અને નાસ્તો પાણી કરાવવા લઈ જાઓ એવી માંગણી કરી હતી પણ સચિને ના કહી દીધી હતી. આથી દલીલબાજી ચાલી હતી અને એવામાં પહેલા છોકરાઓએ સચિનને પીઠ પર છરી લાગે બે ઘા લગાવી દીધા હતા. આ વિસ્તારના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરીને પોલીસે ત્રણેય છોકરાઓની હત્યા બદલ ધરપકડ કરી દીધી હતી અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ તથા ત્રણ મુજબ ફરિયાદ દાખલ કરી હતી અને તપાસ શરૂ કરી હતી. એ ત્રણેયને પણ એમના વિસ્તારમાંથી ઝડપી લેવાયા હતા. પોલીસે હત્યામાં વપરાયેલ છરો પણ કબજે કરી લીધો હતો.

# હું ચીન અને ભારત વચ્ચે ''સેન્ડવીચ'' થવા માંગતો નથી; શ્રીલંકાના નવા રાષ્ટ્રપ્રમુખ દિસ્સાનાયકે તટસ્થ રહે તેવી રાજદ્વારી શક્યતા

(એજન્સી) કોલંબો, તા.૨૪

શ્રીલંકાના નવા ચૂંટાયેલા પ્રમુખ અનુરા કુમારા ડિસ્સાનાયકે જણાવ્યું હતું કે મારો દેશ કોઈ અન્ય દેશો અને ખાસ કરીને ચીન અને ભારત વચ્ચે સેન્ડવીચ થવા માંગતો નથી. અમે ખૂબ જ મજબૂત અને સ્વતંત્ર વિદેશ નીતિનું અનુસરણ કરવા કટિબદ્ધ છીએ. બહુ કોણીય વિશ્વ સાથે તાલ મિલાવવા માટે શ્રીલંકા



સાથે પણ સારા અને ગાઢ સંબંધો રાખવા માંગીએ છીએ. શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખે ઉમેર્યું હતું કે પ્રાદેશિક તંગદિલીની પરિસ્થિતિ વચ્ચે શ્રીલંકાના સાર્વભૌમત્વનું રક્ષણ કરવા માટે એ જરૂરી છે કે અમારી વિદેશ નીતિ તટસ્થ રહે એટલે વિશ્વની મહાસત્તાઓ વચ્ચેના સત્તા સંઘર્ષમાં અમે કોઈ હિસ્સો બનાવવા માંગતા નથી. તેના બદલે અમે પારસ્પરિક લાભ કરતા હોય એ પ્રકારે રાજદ્વારી

## સતત બહુકોણીય વિશ્વ સાથે તાલ મિલાવવા માટે પ્રયત્નશીલ શ્રીલંકાના નવા રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમાર દિસ્સાનાયકએ જાહેર કર્યું છે કે વૈશ્વિક દેશો વચ્ચેની રાજકીય હરીફાઈથી મારી સરકાર દૂર રહેવા માટે સંકલ્પો ધરાવે છે

પ્રયત્નશીલ છે ત્યારે નવા રાષ્ટ્રપ્રમુખ ડિસ્સાનાયકે એક મુલાકાતમાં વિશ્વસ્તરે જુદા જુદા દેશો વચ્ચેની રાજકીય હરીફાઈ અને દુશ્મનાવટથી અલગ કરીને રહેવાના પોતાના દેશના સંકલ્પ ઉપર ભાર મૂક્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે અમે ભૂરાજકીય સંઘર્ષમાં ભાગ લેવા માંગતા નથી કે હરીફ બનવા માંગતા નથી કે અન્ય કોઈ સાથે જોડાઈ રહેવા પણ માંગતા નથી અમે સેન્ડવીચ થવા માંગતા નથી અને ખાસ કરીને ભારત અને ચીન વચ્ચે તો બિલકુલ સેન્ડવીચ થવા માંગતા નથી. તેમણે સ્પષ્ટ કહ્યું કે અમારા માટે બંને મૂલ્યવાન મિત્રો છે અને એનપીપીની સરકાર એમને વધુ નજીક આવે અને વધુ ગાઢ સંબંધો બંધાય એવું ઈચ્છે છે. અમે યુરોપિય સંઘ તથા મધ્ય પૂર્વ અને આફ્રિકા સંબંધો બાંધવા પ્રયાસો કરીશું. એ સંબંધો રાજદ્વારી હશે અને પરસ્પર લાભ કરતા રહેશે. તેમણે રાષ્ટ્રપ્રમુખ પદની ચૂંટણીમાં લિબરેલ પક્ષના રનીલ વિક્રમ સિંઘને પરાજય આપ્યો હતો અને એમના વડપણ હેઠળ પહેલીવાર શ્રીલંકામાં ડાબેરી મોરચાની નેશનલ પીપલ્સ પાવર સરકાર રચાઈ છે.

# IIT સ્નાતક મહિલા, જેણે UPSCમાં સ્ટેટ ટોપર બનવા માટે બેંકની નોકરી છોડી દીધી, હવે કામ કરી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

IAS અધિકારી બનવાની અનન્યા દાસની સફર સમર્પણ અને દૃઢ નિશ્ચયની છે. IAS, IPS, IFS અને IRS જેવા અધિકારીઓ બનવાના સ્વપ્ન સાથે હજારો ઉમેદવારો દર વર્ષે પરીક્ષા આપે છે. તેમાંના કેટલાક એવા છે કે જેઓ તેમના પ્રથમ પ્રયાસમાં જ તેને પાસ કરવામાં સફળ થાય છે અને અનન્યા આવી જ એક પ્રેરણાદાયી ઉદાહરણ છે. ૧૫ મે,૧૯૯૨ના રોજ ઓડિશામાં જન્મેલી અનન્યા એક મજબૂત કાર્ય નીતિ ધરાવતા પરિવારમાં ઉછરી હતી. તેના પિતા, જે બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ કર્મચારી હતા, તેના શિસ્તબદ્ધ ઉછેરમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. નાનપણથી જ, તેણે શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો, તેણે IIT બોમ્બે ખાતે કોમ્પ્યુટર સાયન્સમાં B.Tech પૂર્ણ કર્યું, ત્યારબાદ BITS પિલાનીમાંથી અર્થશાસ્ત્રમાં M.Sc કર્યું. અનન્યા શરૂઆતમાં બહુરાષ્ટ્રીય કંપનીમાં સૉફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરતી



હતી અને થોડાં સમય માટે જયપુરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ઈન્ટર્નિંગ કરતી હતી. કોર્પોરેટ જગતમાં આશાસ્પદ કારકિર્દી હોવા છતાં, તેણે જુદો જ માર્ગ અપનાવ્યો અને સિવિલ સેવક બનવાના તેના સ્વપ્નને અનુસરવાનો હિંમતવાન નિર્ણય લીધો. UPSCમાં પ્રવેશ મેળવવા માટે નિર્ધારિત, અનન્યાએ તેની નોકરી છોડી દીધી અને પરીક્ષાની તૈયારીમાં પોતાની જાતને સંપૂર્ણ રીતે સમર્પિત કરી દીધી. તેની મહેનતનું ફળ તેને ત્યારે મળ્યું જ્યારે તેણે તેના પ્રથમ પ્રયાસમાં ૨૦૧૫ UPSC CSE પરીક્ષા પ્રભાવશાળી અખિલ ભારતીય ક્રમાંક ૧૫ સાથે પાસ કરી. આ સિદ્ધિએ તેને ઓડિશામાંથી રાજ્યની ટોપર પણ બનાવી. તે ગુજરાત કેડરમાં જોડાઈ અને કટક મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર સહિત વિવિધ મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓમાં સેવા આપી. તાજેતરમાં અનન્યા દાસની બદલી બારગઢમાં કરવામાં આવી હતી, જ્યાં તે હવે હેન્ડલૂમ, ટેક્સટાઈલ અને હેન્ડીક્રાફ્ટ વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે સેવા આપે છે. તેના અંગત જીવનએ પણ ખાસ કરીને તેના સાથી IAS અધિકારી ચંચલ રાણ સાથેના તાજેતરના લગ્ન પછી મીડિયાનું ધ્યાન ખેંચ્યું છે. તેણે પહેલા IAS અધિકારી અબ્દાલ અખ્તર સાથે લગ્ન કર્યા હતા પરંતુ પછી છૂટાછેડા લીધા હતા. અનન્યાની વાર્તા દૃઢતાની શક્તિ અને જુસ્સાને અનુસરવાની હિંમતનો પુરાવો છે, ભલે તેનો અર્થ કોઈ અલગ માર્ગ અપનાવવો હોય.

# ૨૦ વર્ષીય ચિત્રા કુમારી પ્રથમ પ્રયત્નમાં BPSC પાસ કરીને DSP બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

જેમ આપણે બધા જાણીએ છીએ, કંઈપણ અશક્ય નથી તેમજ યોગ્ય નિશ્ચય અને જુસ્સા સાથે, કંઈપણ પ્રાપ્ત કરી શકાય છે. બિહારની ૨૦ વર્ષની ચિત્રા કુમારીએ ફરી એકવાર આ સાબિત કર્યું છે. બક્સર શહેરની ચિત્રા કુમારીએ કોઈપણ પરંપરાગત કોચિંગ પદ્ધતિઓ વગર તેના પ્રથમ પ્રયત્નમાં સફળતાપૂર્વક BPSC પાસ કરી છે અને હવે તે રાજગીર પોલીસ એકેડમીમાં નાયબ પોલીસ અધિક્ષક બની છે. ચિત્રા એક સાધારણ પરિવારમાંથી આવે છે જ્યાં તેના પિતા સુરેશ પ્રસાદ માલાકર ખેતી દ્વારા પરિવારનું ભરણપોષણ કરે છે.જો કે તેમણે એક વખત બેંકમાં નોકરી કરી હતી, પરંતુ ૨૦૦૮માં તેમની નોકરી ગુમાવી દીધી હતી. તે સમયે, ચિત્રા સહિત ત્રણ બાળકો સાથે, પરિવારને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે શૈક્ષણિક ખર્ચ ઉઠાવવાનું મુશ્કેલ બન્યું હતું. આ સંકટને કારણે તેમને સોહનીપટ્ટીમાં બે કટ્ટા જમીન વેચવાની ફરજ પડી હતી. તેમણે કમાયેલા પૈસા બેંકમાં જમા કરાવ્યા અને તેમાંથી મળતા વ્યાજથી પરિવારનું ભરણપોષણ પૂરૂં કરતા હતા. ચિત્રાની માતા રચના દેવીએ પણ તેના બાળકોના શિક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એક ગૃહિણી કે જેણે મેટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો, રચનાએ સુનિશ્ચિત કર્યું કે તેના બાળકો સખત અભ્યાસની દિનચર્યાનું પાલન કરે અને મોબાઈલ ફોનથી દૂર રહે. ચિત્રાના મોટા ભાઈ લાર્વિન કુમાર પણ BPSCમાં સફળ થયો અને સિવિલ સર્વિસીસની તૈયારી કરી રહ્યો હતો.જો કે, કોવિડ-૧૯ રોગચાળાને કારણે, તેને દિલ્હીથી પાછાં ફરવું પડ્યું, પરંતુ ત્યાં તેને મળેલી અભ્યાસ સામગ્રીએ




તેની તૈયારીમાં મદદ કરી. પરિવાર પાસે એક જ લેપટોપ હતું, જે ત્રણ ભાઈ-બહેન વચ્ચે વહેંચાયેલું હતું. તેમની આર્થિક મર્યાદાઓથી વાકેફ બાળકોએ BPSCની તૈયારી ઘરેથી કરવાનું નક્કી કર્યું. તેઓએ ઓનલાઈન અભ્યાસક્રમોમાં પણ પ્રવેશ મેળવ્યો અને તેમના લક્ષ્યો સુધી પહોંચવા માટે અવિરત પ્રયત્નો કર્યા. ચિત્રા તેની સફળતાનો સંપૂર્ણ શ્રેય તેની માતાને આપે છે. ચિત્રા કુમારી વંચિત પૃષ્ઠભૂમિના ઘણાં યુવાન વ્યક્તિઓ માટે આદર્શ છે જેઓ ભવિષ્યમાં સફળતા હાંસલ કરવા ઈચ્છુક છે.

પોલીસની છબી ખરાબ કરવા તેમજ ગેરમાર્ગે દોરવા પો.કમિશનરને અરજી કરાઈ હતી

# બ્લેકમેઈલિંગ અને તોડ કરવાના ઈરાદે બેનામી અરજી કરનારા સામે લેવાશે એક્શન

## ક્રાઈમ બ્રાંન્ચે બે તત્વો વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૪

બેનામી અરજી કરીના અમદાવાદના તમામ પોલીસ ઈન્સ્પેક્ટરને ખોટી રીતે ચીતરનાર વિરૂદ્ધ ક્રાઈમ બ્રાંચે ફરિયાદ દાખલ કરી છે. પોલીસને બદનામ કરવા માટે તેમજ લોકો પાસેથી રૂપિયા પડાવવાના ઈરાદા સહિત અનેક મુદ્દાઓ પર નનામી તેમજ બેનામી અરજીઓ કરતા સ્વ-ઘોષિત સામાજિક કાર્યકરો પર હવે પોલીસે તવાઈ બોલાવવાની શરૂ કરી દીધી છે. બ્લેકમેઈલિંગના ઈરાદા સાથે પોલીસને ખોટી ખોટી અરજીઓ કરનાર બે તત્વો વિરૂદ્ધ ક્રાઈમ બ્રાંચે ગુનો દાખલ કર્યો છે. ખોટા નામ અને સરનામા સાથે બન્ને તત્વોએ પોલીસ કમિશનરને અરજી કરી હતી. જેમાં તપાસ કરતા ભાંડો ફૂટ્યો છે. અરજીમાં અમદાવાદના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ કેટલા હપ્તા લઈ રહ્યા છે અને તેમના વહીવટદાર કોણ કોણ છે તેની માહિતી હતી. અરજીની તપાસ પોલીસ કમિશનરે ક્રાઈમ બ્રાંચને આપી હતી. ક્રાઈમ બ્રાંચે અરજી પર તપાસ કરતા ફરિયાદી કોઈ હયાતમાં નહી હોવાનું સામે આવતા ભાંડો ફૂટ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ બહેરામપુરામાં આવેલા નવનીવ ફ્લેટમાં રહેતા કિશોર મકવાણા નામના વ્યક્તિએ પોલીસ કમિશનર જી.એસ.મલિકને એક ફરિયાદ રજિસ્ટર કરી હતી. ફરિયાદમાં અમદાવાદના તમામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સપેક્ટર તેમના વહીવટદાર મારફતે કેટલો હપ્તો લઈ રહ્યા છે તેની તમામ વિગતો હતી. રજિસ્ટર આઈડીથી આવેલી અરજીની ગંભીરતાને લઈને પોલીસ કમિશનરે તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપી હતી. ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સપેક્ટર એસ.જે. જાડેજાએ અરજીના મામલે તપાસ શરૂ કરી હતી. ફરિયાદ કરનાર ફરિયાદીનું નિવેદન લેવાનું જરૂરી હોવાથી ક્રાઈમ બ્રાંચની ટીમ કિશોર મકવાણાને નોટિસ આપવા માટે બહેરામપુરા પહોંચી હતી. કલાકો સુધી શોધખોળ કર્યા બાદ ક્રાઈમ બ્રાંચને સ્થાનિકો પાસેથી જાણવા મળ્યુ હતું કે, બહેરામપુરામાં નવનીત નામથી કોઈ ફ્લેટ છે જ નહીં. નવનીત ફ્લેટ નહીં હોવાથી ક્રાઈમ બ્રાંચને ખાતરી થઈ ગઈ હતી કે, કિશોર મકવાણા નામનો પણ કોઈ શખસ નથી. પોલીસની છબી ખરાબ કરવા તેમજ ગેરમાર્ગે દોરવાના હેતુસર પોલીસ કમિશનરને અરજી કરવામાં આવી હતી. બેનામી અરજી પૂરવાર થતાની સાથે જ ઉચ્ચ અધિકારીઓએ આવી અરજી કરનાર તત્વો વિરૂદ્ધ લાલ આંખ કરવાનું નક્કી કરી લીધું હતું. ક્રાઈમ બ્રાંચે અરજી કરનારને શોધી કાઢવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં તેમને સફળતા મળી છે. ક્રાઈમ બ્રાંચે અરજી કરનાર અલી હૈદર અને રફી ઉર્ફે થાપા નામના યુવકો છે જે વટવા ખાતે રહે છે. બન્ને શખસે કિશોર મકવાણાના નામ ઉપર પોલીસ કમિશનરને અરજી કરી હતી. બન્ને શખસ પોતાની જાતને સ્વ-ઘોષિત સામાજિક કાર્યકરો સમજી રહ્યા છે. બન્ને શખસ વિરૂદ્ધ ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અલી હૈદર અને રફી ઉર્ફે થાપાએ અત્યારસુધીમાં પોલીસ પર આક્ષેપો કરતી ૩૦થી વધુ અરજીઓ અલગ અલગ જગ્યાઓ પર કરી છે. અરજી કરવા પાછળ તેમનો હેતુ માત્રને માત્ર તોડ કરવાનો હતો.

# પોલીસની ગાડીને અટકાવી પીએસઆઈ પર ઘાતક છરી મારી હુમલો : અન્ય કોન્સ્ટેબલ પર પણ

## આરોપી જાલમસિંગને ઝડપી પોલીસ સ્ટેશને લઈ જતી વેળાં પોલીસની ગાડી આગળ ટ્રેક્ટર ઊભું રહી ગયું, જ્યારે સ્વીફ્ટ કારમાં આવેલ શખ્સોએ ગાડી પોલીસની ગાડી પાછળ આડી મૂકી દીધી

વઢવાણ, તા.૨૪

જૈનાબા કબ્રસ્તાનના ગ્રાઉન્ડમાં ક્રિકેટ મેચ ચાલુ હોવાથી ત્યાં ક્રેટા કાર લઈને આરોપી હાજર છે એવી માહિતી ઝીંઝુવાડા પોલીસને મળી હતી. જેને આધારે પીએસઆઈકે.વી.ડાંગર અને તેમની ટીમ આરોપીને પકડવા ત્યાં પહોંચી હતી. પોલીસે અહીંથી જાલમસિંગને ઝડપી લીધો હતો અને તેને પોલીસની ગાડીમાં પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવી રહ્યો હતો. દરમિયાન ઝીંઝુવાડા વાવ પાસે પોલીસની ગાડી આગળ એક ટ્રોલી સાથેનું ટ્રેક્ટર આવીને ઉભુ રહી ગયું હતું. આથી પોલીસે તેમની ગાડી ઉભી રાખી દીધી હતી. દરમિયાન એક સ્વીફ્ટ કારમાં આવેલા જયપાલસિંહ પી.સોલંકીએ તેની કાર પોલીસની ગાડી પાછળ આડી મુકી દીધી હતી. બાદમાં તેણે ૭૦થી ૮૦ માણસોનું ટોળુ એકઠુ કરી પોલીસની ગાડીને ઘેરી લીધી હતી. જેમાં ૧૫થી ૨૦ માણસોના હાથમાં લાકડાના ધોકા, લોખંડની પાઈપો હતા. દરમિયાન પીએસઆઈ ડાંગરે ક્રેટા કારનો કાચ ખોલતા જીગરસિંહ ઉર્ફે જીગો વી.ઝાલાએ છરી વડે પીએસઆઈ ડાગર પરહૂમલો કર્યો હતો. બાદમાં તેણે બીજો ઘા ડાંગરના પેટમાં મારવા જતા તેમણે છરી પકડી લેતા તેમના ડાબા હાથમાં ઈજા પહોંચી હતી. બીજી તરફ જાલમસિંહ ગાડીમાં બેઠો બેઠો ટોળાના માણસોને ઉશ્કેરીને આજે પોલીસને જીવતી રહેવા દેશો નહી અને પોલીસને મારો મારોની બૂમો પાડતો હતો. બાદમાં આ શખ્સોએ પોલીસની ગાડીમાં બેઠેલા ત્રણ પોલીસને ખેંચીને બહાર કાઢ્યા હતા. જાલમસિંહ પણ ગાડીમાંથી નીચે ઉતર્યો હતો અને આ લોકોએ પોલીસ પર હુમલો કર્યો હતો. એક કોન્સ્ટેબલ દિપકભાઈને રાજદીપસિંહ ઝાલાએ છરી મારતા દિપકભાઈને કાંડામાં ઈજા પહોંચી હતી. બાદમાં દિપકભાઈના ગળામાંથી રૂ.૩૫,૦૦૦ની કિંમતની સોનાની ચેઈન લુંટી લીધી હતી. જ્યારે તેમના કિસ્સામાંથી પાકીટ પણ કાઢી લીધું હતું, જેમાં રૂ.૫,૫૦૦ રોકડા હતા. તે સિવાય જયપાલસિંહે ફૂલ સ્પીડમાં કાર ચલાવીને પીએસઆઈ ડાંગર પર ચઢાવી દેવાનો પ્રયાસ કરતા અન્ય કોન્સ્ટેબલોએ પીએસઆઈને સાઈડમાં ખેંચી લીધા હતા. આમ સમી પોલીસ સ્ટેશનના ગુનામાં નોંધાયેલ આરોપી જાલમસિંહ ઝાલાને પોલીસ સ્ટેશનમાં લાવતી વખતે આરોપીઓ પોલીસ પર હુમલો કરીને લૂંટ ચલાવી હતી. આ અંગે ઝીંઝુવાડા પોલીસ સ્ટેશનમાં જાલમસિંગ ઝાલા અને જયપાલસિંહ પી.સોલંકી સહિત ૨૬ આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જ્યારે ઘાયલ પોલીસોને અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા.

## જમાલપુરમાં હેરિટેજ ડિઝાઈનના ફેઝ-૧ના કામનું નિરીક્ષણ કરતા ધારાસભ્ય



તારીખ : ૨૪-૦૯-૨૪ મંગળવારના રોજ જમાલપુર જગન્નાથ મંદિરથી લઈ ખામાસા રોડ સુધી રથયાત્રા રૂટ, મોહરમ રૂટ, ઈદ-એ મિલાદ રૂટને, હેરિટેજ ડિઝાઈન સાથેનું અધ્યતન ફેઝ : ૧નું કામ શરૂ કરવામાં આવ્યું, કામની ક્વોલિટી અને નિરીક્ષણ કરતા જમાલપુર ખાડિયા વિધાનસભાના MLA ઈમરાન ખેડાવાલા, મારૂફભાઈ શાકીવાલા, ફારૂકભાઈ (સાયકલવાળા), જાવેદભાઈ શાકીવાલા, સોએબ શેખ (એડવોકેટ), શેહજાદ યુસુફ સૈયદ, વિજયભાઈ (જનોધ), ફિરોજભાઈ (ઘઉંવાલા), સાજીદ ભાઈ તથા અમદાવાદ મ્યુ.કોર્પોરેશન ખાતાના અધિકારીઓ અને હેરિટેજ ખાતાના અધિકારીઓ સાથે કામની ચર્ચા કરવામાં આવી હતી સ્થાનિકોએ અને આગેવાનોએ જમાલપુર ખાડિયા વિધાનસભાના MLA ઈમરાન ખેડાવાલાનુ આભાર વ્યક્ત કર્યું હતું.

## કાલુપુર રેલવે સ્ટેશન રોડ બંધ થતાં ટ્રાફિકજામ એ કાયમની સમસ્યા



અમદાવાદ શહેરના કાલુપુર રેલવે સ્ટેશન રોડ પર કામગીરીને લઈ એક તરફનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે ત્યાંથી અવરજવર કરતા વાહનચાલકોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. રોજેરોજ ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. મંગળવારે પણ કાલુપુર રેલવે સ્ટેશન રોડથી લઈ રીલીફ રોડ સુધી લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. જેથી વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. ત્રણ વર્ષ સુધી લોકોને આ કાયમની સમસ્યાનો સામનો કરવો પડશે.

કરોડોના ખર્ચે બનેલા બ્રિજ ઉપર નાગરિકોની સુરક્ષાનો અભાવ

# છેલ્લા ૧૦ વર્ષમાં એએમસી દ્વારા બનાવેલા ફલાય ઓવરબ્રિજ પરથી ૯ લોકોએ આત્મહત્યા કરી

## બ્રિજની બંને બાજુએ લોખંડની જાળીઓ આજદીન સુધી કેમ લગાડવામાં આવી નથી ? એડવોકેટ અતિક સૈયદ

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં વાહનોથી થતી ટ્રાફિકની સમસ્યા ઓછી થાય તે માટે ફલાય ઓવરબ્રિજ, અંડરપાસ બ્રિજ અને નદી ઉપરના બ્રિજ બનાવવામાં આવ્યા છે. આ અંગે પ્રતિક્રિયા આપતા અમદાવાદ શહેર કોંગ્રેસના લઘુમતી વિભાગના કાર્યકારી પ્રમુખ એડવોકેટ અતિક સૈયદે જણાવ્યું હતું કે અમદાવાદ શહેરના વિવિધ ફલાય ઓવરબ્રીજો ઉપરથી લાખો વાહનો રાત દિવસ પસાર થતા હોય છે. ફલાય ઓવરબ્રીજની ડિઝાઈન અને નાગરિકોની સુરક્ષા એ મુખ્ય મુદ્દો છે. છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન બનાવેલ ફલાય ઓવરબ્રિજ પરથી કૂદીને આત્મહત્યા કરવામાં આવેલ નાગરિકોની સંખ્યા ૯ છે. આ ફલાય ઓવર બ્રિજની બંને બાજુએ કોઈ લોખંડની જાળી લગાવવામાં આવી ન હતી. ઉપરોકત માહીતી પરથી સાબિત થાય છે કે એએમસીને માત્ર ફલાય ઓવરબ્રિજ બનાવવામાં રસ છે. છેલ્લા ૧૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં ૮ ફલાય ઓવરબ્રિજ નવા બનાવી કુલ ૪૪૦.૨૩ કરોડ રૂપિયાની માતબર રકમનો ખર્ચ કરેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે ફલાય ઓવરબ્રિજ બનાવવામાં આવ્યા છે તે તમામ ફલાય ઓવરબ્રિજોમાં બ્રિજની બંને બાજુ એ નાગરિકોની સુરક્ષા માટે લોખંડની જાળીઓ લગાવવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૨૪ સુધીમાં વિવિધ ઓવરબ્રિજો ઉપરથી કુલ ૯ લોકોએ કૂદકો મારી આત્મહત્યા કરી છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે કરોડો રૂપિયા ખર્ચ કરી બનાવવામાં આવતા ફલાય ઓવર બ્રિજની બંને બાજુ એ નાગરિકોની સુરક્ષાનું ધ્યાન રાખી લોખંડની જાળીઓ કેમ આજ દીન સુધી લગાડવામાં આવી નથી ? એએમસીને માત્ર ફલાય ઓવરબ્રિજ બનાવવામાં જ રસ છે ? શું માનવીના જીવનની કોઈ કિંમત નથી ? છેલ્લા ૧૦ વર્ષમાં જે ૯ લોકો ફલાય ઓવર બ્રિજ ઉપરથી કૂદકો મારી આત્મહત્યા કરી મૃત્યુ પામ્યા છે તેનો જવાબદાર કોણ ? એએમસીના સત્તાધીશો કે મ્યુનિસિપલ કમિશનર ? અતિક સૈયદે કહ્યું કે, મારી એએમસીના મેયર અને મ્યુ. કમિશનરને માગણી છે કે તાકીદે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજ દિન સુધી બનાવવામાં આવેલ તમામ ફલાયઓવર બ્રિજો ઉપર નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી તાકીદે બ્રિજોની બંને બાજુએ લોખંડની જાળી લગાડવામાં આવે જેનાથી બ્રિજ ઉપરથી કૂદકો મારી આત્મહત્યા કરતા લોકોને અટકાવી શકાય.

## દરિયાપુર ખાતે સુંદર નાત-શરીફનો કાર્યક્રમ યોજાયો



અમદાવાદ, તા.૨૪

એફ.ડી. એજ્યુકેશન સોસાયટી સંચાલિત એફ.ડી.(રૂશનાઈવાલા) હાઈસ્કૂલ. દરિયાપુર ખાતે ઈદે-મિલાદુન્નબી નિમિત્તે તારીખ ૨૩/૯/૨૦૨૪ને સોમવારના રોજ 'નાત શરીફ'નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શાળાના ધોરણ-૯થી ૧૨ના ૧૦ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે એફ.ડી. બોયઝ હાઈસ્કૂલ, જમાલપુરના શિક્ષક હનીફભાઈ મંદોસરવાલાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આ કાર્યક્રમમાં પ્રથમ નંબર ધોરણ-૧૧Aની વિદ્યાર્થિની શેખ મુબ્બસીરીને દ્વિતીય નંબર ધો -૧૨Aની વિદ્યાર્થિની શેખ ઝેબાએ અને તૃતીય નંબર ધો -૯Cની વિદ્યાર્થિની તેતરા મારીયાએ પ્રાપ્ત કર્યો હતો. દરેક વિદ્યાર્થિને ગિફ્ટ તેમજ રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના દરેક શિક્ષક મિત્રોના સહકારથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# સાર્થક સ્કૂલને DEOની નોટિસ, બે દિવસમાં ખુલાસો કરવા આદેશ

## ઓચિંતી તપાસ વખતે સ્કૂલના વિદ્યાર્થી રસ્તા પર જોવા મળતા નોટિસ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૪

શહેરના સોલા રોડ ખાતે આવેલી સાર્થક પ્રાથમિક સ્કૂલને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોટિસ ફટાકરવામાં આવી છે. સ્કૂલની ઓચિંતી તપાસ વખતે વિદ્યાર્થીઓ રસ્તા પર જોવા મળ્યા હતા અને સ્કૂલમાં આરોગ્ય વિષયક સગવડોનો પણ અભાવ જોવા મળતા નોટિસ ફટકારી સ્કૂલને ૨ દિવસમાં ખુલાસો કરવા માટે જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરી દ્વારા શહેરની વધુ એક સ્કૂલની બેદરકારી સામે આવતા નોટિસ ફટાકરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સોલા રોડ ખાતે સત્તાધાર ક્રોસ રોડ પર આવેલા સાર્થક પ્રાથમિક સ્કૂલની ઓચિંતી મુલાકાત વખતે સ્કૂલના વિદ્યાર્થીઓ બહાર રોડ પર જોવા મળ્યા હતા. જેથી પ્રાથમિક શાળાના બાળકો માટે ખુબ જ જોખમી જણાઈ આવતા સ્કૂલને નોટિસ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આમ, સ્કૂલના વિદ્યાર્થીઓ બહાર રસ્તા પર જોવા મળતા તેમજ સુરક્ષા અને આરોગ્ય વિષય સગવડોના અભાવના પગલે શાળા બાળકોની સલામતી માટે જોખવી હોવાથી સ્કૂલને નોટિસ ઈશ્યુ કરવામાં આવી છે. જેમાં શાલાની માન્યતા રદ કેમ ન કરવી તે માટે સ્કૂલને ૨ દિવસમાં ખુલાસો કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

# નડિયાદમાં માર્ગ અને મકાન વિભાગના સિનિયર ક્લાર્કને લાંચ કેસમાં ૪ વર્ષની કેદની સજા



નડિયાદ, તા.૨૪

નડિયાદમાં આવેલી માર્ગ અને મકાન વિભાગના સિનિયર ક્લાર્કસન ૨૦૧૫માં રૂા.૩,૫૦૦ની લાંચ લેતા પકડાયો હતો નડિયાદ કોર્ટે આ સિનિયર ક્લાર્કને લાંચના ગુનામાં કસૂરમાં ઠેરવીને ચાર વર્ષની કેદની સજા ફટકારી છે આ બનાવ અંગે મળતી માહિતી મુજબ બિજેશકુમાર ઠાકોરભાઈ પટેલ બી.ટી.પટેલ કન્ટ્રેકશન કંપનીના નામે કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરે છે અને સરકારી યોજનાઓ હેઠળ રોડ રસ્તા બનાવવાનું કામ પણ કરે છે સને ૨૦૧૪માં નડિયાદ શહેર ખાતે આવેલ જલારામ એવન્યુ સોસાયટી ખાતે આર.સી.સી.રોડ અને પેવીંગ બ્લોકના કોન્ટ્રાક્ટરનું આર.એન્ડ બી નડિયાદ દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવેલ જેમા તેમનું ટેન્ડર પાસ થયું હતું ત્યારબાદ આર.સી.સી.રોડ તથા પેવીંગ બ્લોકનું કામ એપ્રિલ ૨૦૧૫માં પૂર્ણ થતા એ કામનું બીલ લેવા માટે તેઓ કાર્યપાલક ઈજનેર નડિયાદ ડિવિઝન કચેરીમાં બીલનું કામ કરતા એકાઉન્ટ શાખાના સિનિયર કલાર્ક ગોવિંદભાઈ મળ્યા હતા અને ચેક લેવાની વાત કરી હતી ગોવિંદભાઈએ થોડા દિવસ બાદ આવવા જણાવ્યું હતું ત્યારબાદ તારીખ.૨૧/૦૮/૨૦૧૫ના રોજ કચેરીમાં ચેક લેવા ગયા હતા ત્યાં ગોવિંદભાઈ મળ્યા હતા ત્યારે ગોવિંદભાઈએ વ્યવહારમાં રહેવા જણાવ્યું હતું અને કુલ બિલની રકમના એક ટકા વ્યવહાર માગ્યો હતો આમ રૂપિયા ૩૫૦૦ની માગણી કરી હતી જેથી બ્રિજેશભાઈએ નડિયાદ સરદાર ભવનમાં આવેલ એસીબી કચેરીના જે તે વખતના પી.આઈએ એ શેખ મળીને ફરિયાદ આપી હતી એસીબી પીઆઈએ ગોવિંદભાઈને રૂા.૩,૫૦૦ની લાંચ સ્વીકારતા રંગે હાથ છટકું ગોઠવીને પકડી પાડ્યા હતા.આમ આરોપી ગોવિંદભાઈ દેવાભાઈ પરમાર, રહે.વરસડા તા.તારાપુર જિ આણંદ સામે એસીબી કચેરીમાં લાંચ રૂશ્વત અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૭, ૧૩(૧)(ધ) તથા કલમ ૧૩(૨) મુજબનો ગુનો દાખલ થયો હતો આ ગોવિંદભાઈ વિરૂદ્ધમાં તપાસ કર્યા બાદ ચાર્જશીટ કોર્ટમાં મૂકવામાં આવી હતી. આ કેસ નડિયાદની સેશન્સ અદાલતમાં સ્પે.જજ એસ.પી. રાહતકરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલે ફરિયાદ પક્ષે સાક્ષી તપાસેલા ૭ સાહેદ તથા ૫૯ દસ્તાવેજી પુરાવાના લીસ્ટ રજૂ કર્યા હતા અને દલીલ પણ કરી હતી આ તમામ બાબતો ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપી ગોવિંદ પરમારને ગુનેગાર ફેરવીને લાંચ રૂશ્વત ધારાની કલમ ૭ના ગુનામાં ૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૫,૦૦૦/-નો દંડ, દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા તથા લાંચ રૂશ્વત ધારાની કલમ ૧૩(૧)(ધ) તથા ૧૩(૨) મુજબના ગુન્હામાં ૪ (ચાર) વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૫,૦૦૦/-નો દંડ, દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજાનો હુકમ કરેલ છે.

## વડોદરામાં સૌપ્રથમવાર રાજ્યની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ : ૧૭ IPS અધિકારીઓ હાજર



વડોદરામાં પહેલી વખત પોલીસ દ્વારા રાજ્યની ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્ય પોલીસવડા વિકાસ સહાય સહિત ૧૭ IPS અધિકારીઓ હાજર રહ્યા હતા ને કાનૂન વ્યવસ્થા અંગે ચર્ચા વિચારણા કરી હતી. (તસ્વીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૪

વડોદરામાં રાજ્યની પહેલી વખત ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન થતાં ૧૭ જેટલા આઈપીએસ અધિકારીઓ તેમાં હાજર રહ્યા છે.રાજ્યના પોલીસવાળાએ વિકાસ સહાયના નેજા હેઠળ દર મહિને ગાંધીનગર કે અમદાવાદ ખાતે ક્રાઈમ કોન્ફરન્સ યોજાતી હોય છે. પરંતુ આ વખતે રાજ્ય પોલીસવડાએ નવી પ્રથા શરૂ કરી છે અને હવે અલગ અલગ શહેરોમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાશે.જે અંતર્ગત આજે વડોદરા ખાતે પહેલી વખત ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન થયું છે. રાજ્યના પોલીસવડા વિકાસ સહાય પોલીસ ભવન ખાતે આવી પહોંચતા શહેર પોલીસ કમિશનર દ્વારા તેમનું પુષ્પગુચ્છ તેમજ બેન્ડથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ક્રાઈમ કોન્ફરન્સ મોડી સાંજ સુધી ચાલી હતી અને તેમાં કાયદો અને વ્યવસ્થા, ટ્રાફિક વ્યવસ્થા તેમજ ક્રાઈમ રેટ સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## એફ.ડી. હાઈસ્કૂલ જુહાપુરાના વિદ્યાર્થીઓ સાયકલિંગ સ્પર્ધામાં ઝળકયા





અમદાવાદ,તા.૨૪

તા.૨૨/૯/૨૦૨૪ રવિવારના રોજ અમદાવાદ ડિસ્ટ્રકટ અને રૂરલ રોડ સાયકલિંગ ચેમ્પિયનશીપ ૨૦૨૪-૨૫ની સ્પર્ધા અદાણી શાંતિગ્રામ અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં એફ.ડી. હાઈસ્કૂલ જુહાપુરાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અને તેઓ ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિજેતા પણ થયા હતા ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામમાં (૧) શેખ આકીબ ગનીભાઈ-સીલ્વર મેડલ, (૨) શેખ મોહંમદ રેહાન મો. અમીન-બ્રોન્ઝમેડલ, (૩) શેખ આકીબ સલીમભાઈ-બ્રોન્ઝ મેડલ (એફ.ડી.હાઈસ્કૂલ, અંગ્રેજી માધ્યમ), (૪) વારૈયા અરબાઝ ઝહીર- બબ્બાસ, (૫) શેખ અયાસહુસેન અનવર હુસેનનો સમાવેશ થાય છે. વિજેતા ખેલાડીઓ રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. શાળાના સાયકલિંગના તમામ ખેલાડીઓને શાળાના આચાર્ય મકસુદ હુસેન આઈ. પટેલ અને અંગ્રેજી માધ્યમના આચાર્ય ફરજાનાબેન મણીયારએ શુભેચ્છા પાઠવી હતી. ભાગ લેનાર ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક ઈરફાન એસ. પાડાપાડીવાલા તેમજ શાળાના મદદનીશ શિક્ષક ઝહીર અબ્બાસ વારૈયાએ માર્ગદર્શન પુરૂં પાડયું હતું એમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ દ્વારા તકરીરનો કાર્યક્રમ યોજાયો



શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ, રખિયાલ અમદાવાદ દ્વારા ઈદ-એ-મિલાદુન્નબી નિમિત્તે સીરતે નબવી (સ.અ.વ.)સાહેબ તકરીરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં શાળાના ધોરણ ૭થી ૧૨ના કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ વિદ્યાર્થીઓને શિલ્ડ અને સર્ટિફિકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી રજૂઆતો સાંભળશે

# ગાંધીનગરમાં ૨૬ સપ્ટેમ્બરે ઓનલાઈન ફરિયાદ નિવારણ 'સ્વાગત' કાર્યક્રમ

## આ કાર્યક્રમ માટે નાગરિકો ગુરૂવારે ૧૧:૩૦ સુધી કરી શકશે રજૂઆતો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. જે માટે અરજદારો કે ફરિયાદીઓએ પોતાની અરજી અગાઉથી રજૂ કરવાની રહેશે. પ્રાપ્ત માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર-૨૦૨૪નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે.મુખ્યમંત્રી ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦થી ૧૧.૩૦ વાગ્યા સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

વિવિધ રાજ્યોની ૨૫૦ જેટલી ડેકોરેશન-ઈવેન્ટ ક્ષેત્રની કંપનીઓ જોડાઈ

# ગાંધીનગરમાં પાંચમા ડેકોરાઈઝ-૨૦૨૪ એક્ઝિબિશનનો મુખ્યમંત્રી દ્વારા પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડેકોરાઈઝ વેલફેર એસોસિએશન અમદાવાદના સહયોગથી ગાંધીનગરમાં યોજાઈ રહેલા ત્રિ-દિવસીય પાંચમાં ડેકોરાઈઝ-૨૦૨૪ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઈવેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસના આ વિશાળ પ્રદર્શનમાં દેશના વિવિધ રાજ્યોની ૨૫૦થી વધુ ડેકોરેશન એન્ડ ઈવેન્ટ કંપનીઝ પોતાની નવી ઈનોવેટિવ પ્રોડક્ટ સાથે સહભાગી થઈ છે. મેરેજ, કોર્પોરેટ, ગવર્મેન્ટ અને રિલિજિયસ, સોશિયલ ઈવેન્ટમાં આ નવીન પ્રોડક્ટ અને ઈનોવેશનના ઉપયોગ અંગેનું નિદર્શન આ ત્રિ-દિવસીય પ્રદર્શનમાં જોવા મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રદર્શનના અલગ-અલગ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી અને વરિષ્ઠ સાભ્યનું લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માન પણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ ઉદઘાટન અવસરે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબહેન, મેયર મીરાબહેન, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તેમજ અન્ય અગ્રણીઓ પણ જોડાયા હતા.

# લેબેનોનનું કહેવું છે કે ઇઝરાયેલ બોમ્બ વિસ્ફોટમાં લગભગ ૫૦૦ લોકો મૃત્યુ પામ્યા અને ૧,૬૫૦ ઘાયલ થયા

(એજન્સી) તા.૨૪

ઈઝરાયેલે સોમવારે નાટકીય રીતે લેબેનોન પર તેના હવાઈ હુમલાઓનું વિસ્તરણ કર્યું જેમાં લગભગ ૫૦૦ લોકો મૃત્યુ પામ્યા, ૧,૬૦૦થી વધુ ઘાયલ થયા અને એક વ્યાપક લશ્કરી અભિયાનની શરૂઆતનો સંકેત આપ્યો. ઈઝરાયેલના અધિકારીઓએ જણાવ્યું કે, તેમના દળોએ લેબેનોનની અંદર ૧,૩૦૦ "આતંકવાદી લક્ષ્યો" પર હુમલો કર્યો હતો જે હિઝબુલ્લાહ સાથે જોડાયેલા હતા, જે આતંકવાદી સમુહ ઈઝરાયેલ સાથે લગભગ એક વર્ષથી રોકેટ ફાયરનો વેપાર કરે છે. આ મોરચે આ વર્ષે મૃત્યુની આ માત્ર સૌથી વધુ સંખ્યા નથી; ૨૦૦૬માં બંને દેશો વચ્ચે ૩૪ દિવસના યુદ્ધ પછી ઈઝરાયેલ સાથે સંઘર્ષનો તે સૌથી ઘાતક દિવસ પણ હતો. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સીસના પ્રવક્તા ડેનિયલ હગારીએ જણાવ્યું કે, "આ સંખ્યાઓ એ પણ દર્શાવે છે કે આજે અમે કેટલાય આતંકવાદીઓને માર્યા છે જેઓ શસ્ત્રોના કબજામાં હતા." હેગરીએ જણાવ્યું કે હિઝબુલ્લાહ ખાનગી ઘરોમાં શસ્ત્રો છૂપાવી રહ્યો હતો, જેમાં "સેંકડો કિલોમીટરની પહોંચ સાથે ક્રુઝ મિસાઈલો, ૧,૦૦૦-કિલોગ્રામના હથિયાર સાથેના ભારે રોકેટ, ૨૦૦ કિલોમીટર સુધીની પહોંચવાળા મધ્યમ અંતરના રોકેટ, ટૂંકા અંતરના રોકેટ અને સશસ્ત્રોનો સમાવેશ થાય છે." "માનવરહિત હવાઈ વાહનોનો સમાવેશ





થાય છે." હગારીએ જણાવ્યું કે ઈઝરાયેલના હુમલા જલ્દીથી ઓછા નહીં થાય. "પડકારભર્યા દિવસો આગળ છે," તેમણે જણાવ્યું કે "અમે તમામ મોરચે સંરક્ષણ અને હુમલા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશું." અગાઉ, IDFએ જણાવ્યું કે તે લેબેનોનની પૂર્વ સરહદે બેકા ખીણમાં "આતંકવાદી લક્ષ્યો સામે વ્યાપક, ચોક્કસ હુમલા" કરી રહ્યું છે અને નાગરિકોને હિઝબુલ્લાહ લક્ષ્યોથી દૂર જવા ચેતવણી આપી છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ તેલ અવીવમાં આર્મી હેડક્વાર્ટર ખાતે જણાવ્યું કે, "કોઈપણ જે અમને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે, અમે તેમને વધુ નુકસાન પહોંચાડીએ છીએ." તેમણે વધુમાં જણાવ્યું કે ઈઝરાયેલના લોકો "જટિલ દિવસો"નો સામનો કરી રહ્યા છે. "મેં વચન આપ્યું કે અમે સુરક્ષા સંતુલન, ઉત્તરમાં શક્તિ સંતુલન બદલીશું. "અમે જે કરી રહ્યા છીએ તે બરાબર છે." હગારીના બોલ્યાના થોડા સમય પછી, લેબેનોનના આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી કે ઈઝરાયેલના હુમલામાં ૨૫ બાળકો અને ૫૮ મહિલાઓ સહિત ૪૯૨ લોકો મૃત્યુ પામ્યા છે. જેમાં ૧,૬૫૦ લોકો ઘાયલ થયા હોવાનું જણાવ્યું હતું. ઈઝરાયેલ અને ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ હમાસ દ્વારા ઓક્ટોબર ૭ના આતંકવાદી હુમલાથી એકબીજા પર બોમ્બમારો કરી રહ્યા છે, જેના કારણે ઈઝરાયેલે ગાઝા પર આક્રમણ કર્યું હતું. ઘણા નિષ્ણાતો સહમત છે કે ઈઝરાયેલ કે ઈરાન ન તો સંપૂર્ણ પાયે સીધો સંઘર્ષ ઈચ્છે છે, પરંતુ તેઓને ડર છે કે વધતા હુમલાઓ સંઘર્ષ તરફ દોરી શકે છે. હિઝબુલ્લાહે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે ગેલિલીમાં ઈઝરાયેલી સૈન્ય ચોકી પર ડઝનેક રોકેટ છોડ્યા હતા. તેણે બીજા દિવસે પણ હૈફામાં મુખ્યમથક ધરાવતી રાફેલ ડિફેન્સ ફર્મની સુવિધાઓને નિશાન બનાવી હતી. ઈઝરાયેલે જણાવ્યું કે એક વ્યક્તિ શ્રાપનલથી ઘાયલ થઈ છે. પરંતુ લેબેનોનમાં મૃતકોની સંખ્યા ઘણી વધારે હતી. દક્ષિણ અને પૂર્વમાં લેબેનીઝ હોસ્પિટલોને હુમલાથી ઘાયલ થયેલા લોકોની સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બિન-તાકીદની સર્જિકલ પ્રક્રિયાઓને સ્થગિત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને શિક્ષણ મંત્રાલયે સોમવાર અને મંગળવારે તમામ ઉચ્ચ શાળાઓ અને વ્યાવસાયિક અને તકનીકી કોલેજો બંધ કરી દીધી અને બેરૂતની લેબેનીઝ યુનિવર્સિટીમાં વર્ગો સ્થગિત કર્યા. ઈઝરાયેલના લશ્કરી અધિકારીએ જણાવ્યું કે નાગરિકોને આતંકવાદી લક્ષ્યોથી દૂર રહેવાની ઈઝરાયેલની ચેતવણી લેબેનોનમાં IDF દ્વારા જારી કરવામાં આવેલી તેની પ્રથમ પ્રકારની ચેતવણી છે. અધિકારીએ જણાવ્યું કે વર્તમાન ઓપરેશનમાં જમીની હુમલાને બદલે માત્ર હવાઈ હુમલાનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું કે, ઈઝરાયેલ હિઝબુલ્લાહના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવા અને તેના નાગરિકો માટે દેશના ઉત્તર ભાગમાં પાછા ફરવા માટે સુરક્ષિત પરિસ્થિતિઓ બનાવવા માંગે છે.

સરકારનું કહેવું છે કે લગભગ ૬૦,૦૦૦ લોકોને સરહદની ઈઝરાયેલ બાજુથી ખસેડવામાં આવ્યા છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન અનુસાર, લેબેનોનમાં ૧૦૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત છે. "અમારે અમારા નાગરિકોને તેમના ઘરે પાછા લાવવા પડશે," ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે રવિવારે સ્કાય ન્યૂઝ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું. તેમણે સંઘર્ષ શરૂ કરવા માટે હિઝબુલ્લાહને દોષી ઠેરવતા કહ્યું, "આ સ્પષ્ટપણે ખૂબ જ ખતરનાક પરિસ્થિતિ છે અને તેમાં નાટકીય રીતે વધારો થવાની સંભાવના છે." રાષ્ટ્રપતિ જો બિડેને પણ ચેતવણી આપી છે કે હિંસા વધી શકે છે. "અમે વ્યાપક યુદ્ધને રોકવા માટે શક્ય તેટલું બધું કરીશું," તેમણે રવિવારે પત્રકારોને કહ્યું. સોમવારના રોજ ટાયર શહેરમાંથી જોવા મળતા ઈઝરાયેલી હુમલાને પગલે દક્ષિણ લેબનોન ઉપર ધુમાડો ઉછળ્યો હતો.

## લેબેનીઝ પત્રકાર પર લાઈવ પ્રસારણ દરમ્યાન ઈઝરાયેલી મિસાઈલથી હુમલો

(એજન્સી) તા.૨૪

૨૦૦૬ પછી ઈઝરાયેલના સૌથી ઘાતક હવાઈ હુમલાના પરિણામ સાથે લેબેનોન, જેમાં લગભગ ૫૦૦ લોકો મૃત્યુ પામ્યા, એક વીડિયો વાયરલ થયો છે જેમાં એક પત્રકાર પર સીધો મિસાઈલ હુમલો દર્શાવવામાં આવ્યો છે, જ્યારે મિસાઈલ ત્રાટકી, બારીઓ વિખેરાઈ રહી છે અને દિવાલો તૂટી રહી છે , અને પત્રકાર, જે પાછળથી ફદી બૌદયા તરીકે ઓળખાય છે, બૌદયાને માર્યા ઈન્ટરનેશનલ નેટવર્કના ડાયરેક્ટર જનરલ તરીકે બૂમ પાડીને દોડ્યા. ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧,૬૦૦ થી વધુ લોકો ઘાયલ થયા અને હજારોને દક્ષિણમાં તેમના ઘર છોડીને ભાગી જવાની ફરજ પડી. ઈઝરાયેલે દાવો કર્યો કે તેણે તેની ઝુંબેશમાં લગભગ ૧,૬૦૦ લક્ષ્યાંકો પર હુમલો કર્યો હતો, જેનો હેતુ હિઝબુલ્લાહના શસ્ત્રોને નષ્ટ



કરવાનો હતો, જો કે, લેબેનોનના આરોગ્ય મંત્રીએ અહેવાલ આપ્યો છે કે હુમલામાં હોસ્પિટલો, તબીબી કેન્દ્રો અને એમ્બ્યુલન્સને પણ અસર થઈ હત, ઉત્તર ઈઝરાયેલમાં લશ્કરી લક્ષ્યો અને હવાઈ હુમલાના સાયરન વાગવા લાગ્યા. શુક્રવારે ઈઝરાયેલી હવાઈ હુમલામાં બેરૂતના દક્ષિણ ઉપનગરમાં એક બહુમાળી ઈમારતને તોડી પાડવામાં આવી હતી, જેમાં અન્ય અગ્રણી નેતાઓ સાથે હિઝબુલ્લાહના ચુનંદા રદવાન યુનિટના કમાન્ડર ઈબ્રાહીમ અકીલનું મૃત્યુ થયું હતું. ઈઝરાયેલે આરોપ લગાવ્યો કે ઉત્તર ઈઝરાયેલ પર હુમલાનું કાવતરૂં ઘડવામાં અકીલ જવાબદાર હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૪૫ લોકોના મોત થયા હતા અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. હવાઈ હુમલાઓ અઠવાડિયાની શરૂઆતમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી બોમ્બ વિસ્ફોટના તરંગને અનુસરતા હતા, જેના કારણે હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતા હજારો પેજર્સ અને વોકી-ટોકી વિસ્ફોટ થયા હતા, જેમાં બે બાળકો સહિત ઓછામાં ઓછા ૩૭ લોકો મૃત્યુ પામ્યા અને લગભગ ૩,૦૦૦ લોકો ઘાયલ થયા હતા. ઈઝરાયલે તે બોમ્બ વિસ્ફોટમાં તેની સંડોવણીની પુષ્ટિ કે ઈનકાર કર્યો નથી.

## ભયભીત લેબેનીઝ પરિવારો મોટા પાયે ઈઝરાયેલ બોમ્બમારાથી ભાગી રહ્યા છે

(એજન્સી) તા.૨૪

દક્ષિણ લેબેનોનના પરિવારોએ સોમવારે ઉત્તર તરફ જતા હાઈવે બ્લોક કરી દીધા હતા. તેઓ ઈઝરાયેલી બોમ્બમારોથી બચવા ભાગી રહ્યા હતા અને અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરી રહ્યા હતા. તેમના બાળકો તેમના માતા-પિતાના ખોળામાં ભરાઈ ગયા હતા, કારની છત પર સૂટકેસ બાંધી દેવામાં આવી હતી અને તેમની પાછળ કાળો ધુમાડો ફેલાયો હતો. અસંખ્ય કાર, વાન અને પીકઅપ ટ્રકો માલસામાન અને લોકોથી ભરેલા હતા, કેટલીકવાર એક વાહનમાં અનેક પેઢીઓ લઈ જતા હતા, જ્યારે ઉપરથી બોમ્બ વરસતા હોવાથી અન્ય પરિવારો માત્ર જરૂરી વસ્તુઓ લઈને જ જતા હતા. સવારે જ્યારે ઘરો પર હુમલો થયો ત્યારે મેં તમામ મહત્ત્વના દસ્તાવેજો એકઠા કર્યા અને અમે બહાર આવ્યા. અમારી ચારે બાજુ હુમલાઓ થઈ રહ્યા હતા. તે ખૂબ જ ડરામણું હતું. આ આબેદ અફૌએ કહ્યું હતું, જેમના ગામ યાતરને વહેલી સવારે બોમ્બ વિસ્ફોટમાં ભારે નુકસાન થયું હતું. ગયા વર્ષે ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈઝરાયેલ અને લેબેનોનના હિઝબુલ્લા સમુહ વચ્ચે સીમા પાર ગોળીબાર ચાલુ છે, જ્યારે હિઝબુલ્લાહના સાથી હમાસ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ ઈઝરાયેલે પાછલા અઠવાડિયે તેના લશ્કરી અભિયાનમાં તીવ્ર વધારો કર્યો છે. સોમવારના રોજ લેબેનોનના વધુ ભાગોમાં બોમ્બ વિસ્ફોટ થતાં લોકોને ઈઝરાયેલી સૈન્ય તરફથી પૂર્વ-રેકોર્ડ કરેલ ટેલિફોન કોલ્સ પ્રાપ્ત થયા હતા, જેમાં તેઓને તેમની પોતાની સલામતી માટે તેમના ઘરો છોડવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે અફૌ, જે ઈઝરાયેલની સરહદથી માત્ર ૫ કિમી (૩ માઈલ) દૂર હોવા છતાં લડાઈ શરૂ થઈ ત્યારથી યાટરમાં રોકાયા હતા, નિર્ણય લેવાયેલા જિલ્લાના રહેણાંક મકાનો પર વિસ્ફોટ શરૂ થયા પછી તેણે છોડવાનું નક્કી કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'મેં મારા પુત્રની પીઠ પર હાથ રાખ્યો હતો અને તેને જણાવ્યું હતું કે ડરશો નહીં,' અફૌનું કુટુંબ, જેમાં ૬-૧૩ વર્ષની વયના ત્રણ પુત્રો અને અન્ય કેટલાક સંબંધીઓ હતા, હવે ટ્રાફિક ઉત્તર તરફ આગળ વધતાં હાઈવે પર અટવાઈ ગયો હતો. તેમણે જણાવ્યું કે તે જાણતો નથી કે તે ક્યાં રહેશે, પરંતુ તે માત્ર બેરૂત પહોંચવા માંગે છે.જેમ જેમ ટ્રાફિક સિડોનમાંથી પસાર થયો, તેમ તેમ લાંબી કતારો ઊભી થઈ. એક વેન પસાર થઈ રહી હતી, તેના પાછળના દરવાજા ખુલ્લા હતા અને અંદર એક પરિવાર બેઠો હતો, એક પગ સાથે લાલ સ્કાર્ફ લટકતો હતો અને વચ્ચે એક છોકરો ઉભો હતો જે રેલિંગ પર લટકતો હતો. રસ્તાની આજુબાજુ, લેબેનીઝ



સુરક્ષા દળોનું એક સમુહ વાદળી જીન્સ અને કાળા ગિલેટ પહેરેલા તેમના પર 'પોલીસ' લખેલા તેમની બંદૂકો સાથે ઉભા હતા. એક માણસ કારની પેસેન્જર સીટ પર બેઠેલી સ્ત્રી તરફ ઝૂક્યો અને બારીમાંથી બૂમ પાડી : અમે પાછા આવીશું. અલ્લાહ ઈચ્છે તો આપણે પાછા આવીશું. (ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન) નેતાન્યાહુને કહો કે અમે પાછા આવીશું. પરંતુ અન્ય એક વ્યક્તિ, જેણે તેનું પહેલું નામ અહેમદ આપ્યું હતું, તેણે જણાવ્યું કે ફક્ત અલ્લાહ જ જાણે છે કે તેનો પરિવાર ક્યારેય ઘરે પરત ફરી શકશે કે કેમ. તે રસ્તાના કિનારે રોકાઈ ગયો હતો, તેની વાન ૧૦થી વધુ લોકોથી ભરેલી હતી, જેમાંથી મોટાભાગના બાળકો હતા. તેમણે જણાવ્યું કે 'હુમલા, યુદ્ધ વિમાનો, વિનાશ, ત્યાં કોઈ બચ્યું ન હતું. દરેક ભાગી ગયા. અમે અમારી સામગ્રી ઉપાડી અને ચાલ્યા ગયા. લેબેનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે બોમ્બ વિસ્ફોટમાં ૨૭૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા અને એક અધિકારીએ જણાવ્યું કે ૧૯૯૦માં ગૃહ યુદ્ધના અંત પછી તે દેશનો સૌથી ભયંકર દિવસ હતો. ઈઝરાયેલે જણાવ્યું કે તેણે હિઝબુલ્લાહ સાથે જોડાયેલા લગભગ ૮૦૦ લક્ષ્યો પર હુમલો કર્યો છે અને જે ઈમારતોને નિશાન બનાવવામાં આવી છે તેમાં હિઝબુલ્લાહ શસ્ત્રો છે. કેટલાક લોકોએ વિનાશને નજીકથી જોયો હતો. અબુ હસન કહૌલે જણાવ્યું કે, 'બોમ્બમારાની શક્તિ અને તીવ્રતા એવી છે જે આપણે અગાઉના તમામ યુદ્ધોમાં જોઈ નથી.' આ વાત તેણે પરિવાર સાથે બેરૂત જતા સમયે કહી હતી. આ ઘટના ત્યારે બની જ્યારે તેના એપાર્ટમેન્ટ બ્લોક પાસેની બે ઈમારતો ધરાશાયી થઈ ગઈ. તેમણે જણાવ્યું કે 'નાના બાળકોને ખબર નથી કે શું થઈ રહ્યું છે, પરંતુ તેમની આંખોમાં ભય છે.' બેરૂતમાં પણ ચિંતા વધી રહી હતી અને ઈઝરાયેલે વધુ હુમલાની ચેતવણી આપી હોવાથી માતા-પિતા તેમના બાળકોને શાળામાંથી બહાર કાઢવા દોડી ગયા હતા. 'પરિસ્થિતિ આશ્વાસન આપનારી નથી,' ઈસાએ કહ્યું, જે એક યુવાન વિદ્યાર્થીને લેવા આવ્યો હતો.

## કતાર આર્ટ ઈન્સ્ટોલેશન ઈઝરાયેલ દ્વારા મૃત્યુ પામેલા ગાઝાના બાળકો પર પ્રકાશ પાડે છે

(એજન્સી) તા.૨૪

કતારની રાજધાની દોહામાં ૧૫,૦૦૦ થી વધુ નાના ટેડી બિયર શિલ્પોનો સમાવેશ કરતી એક આર્ટ ઈન્સ્ટોલેશન, જે દરેક ઈઝરાયેલના ગાઝા પર ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ગુમાવેલા બાળકના જીવનનું પ્રતિનિધિત્વ કરે છે, તેનું અનાવરણ કરવામાં આવ્યું છે. 'હું માત્ર એક નંબર નથી. હું માનવ છું. એક ઓળખ સાથે. એક વતન સાથે. હું પેલેસ્ટીન છું. દોહાના મશીરેબ ડાઉનટાઉનમાં બરાહતમાં #FreePalestine' સંદેશ સાથેનું એક ટેડી બિયર Msheireb ના ફૂટપાથ પર.'ઈકોઝ ઓફ લોસ્ટ ઈનોસન્સ' નામનું આર્ટ ઈન્સ્ટોલેશનએ યુદ્ધની ક્રૂરતા અને છેલ્લા ૧૧ મહિનામાં પેલેસ્ટીનીઓ, ખાસ કરીને બાળકો સાથે શું થયું છે તેના તરફ ધ્યાન દોરવાની પહેલનો એક ભાગ છે. ઑક્ટોબર ૭ ના રોજ તેના વિનાશક યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી ઈઝરાયેલે ૪૧,૦૦૦ થી વધુ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે, જેમાંથી મોટા ભાગના બાળકો અને સ્ત્રીઓ છે. હમાસ અને અન્ય પેલેસ્ટીની સમૂહે ઈઝરાયેલની અંદર હુમલા શરૂ કર્યા પછી ઈઝરાયેલનું યુદ્ધ શરૂ થયું જેમાં ઓછામાં ઓછા ૧,૧૦૦ લોકો મૃત્યુ પામ્યા. ઝુંબેશકારોએ ઈઝરાયેલી લશ્કરી



આક્રમણને બદલો લેવાના યુદ્ધ તરીકે વર્ણવ્યું છે, કારણ કે ઈઝરાયેલી દળોએ ઘણીવાર પેલેસ્ટીની નાગરિકોને અંધાધૂંધ હુમલામાં નિશાન બનાવ્યા છે. જંગી વિનાશ અને માનવતાવાદી નુકસાને યુદ્ધવિરામની હાકલ સાથે વૈશ્વિક આક્રોશ અને વિરોધને વેગ આપ્યો છે. ઈન્સ્ટોલેશન ૧૯-૨૯ સપ્ટેમ્બરની વચ્ચે ડિસ્પ્લે પર હશે. દરેક ટેડી બિયર વેચવામાં આવશે, અને ૧૦૦ ટકા રકમ ગાઝાના બાળકોને દાનમાં આપવામાં આવશે. 'આ પ્રતિમા આંતરરાષ્ટ્રીય સમુદાયને ગાઝામાં યુદ્ધવિરામ હાંસલ કરવા અને પેલેસ્ટીનના બાળકો માટે આશા પુનઃસ્થાપિત કરવા માટે અમે જે મહેનત કરી રહ્યા છીએ તેની યાદ અપાવે છે,' પ્રતિમા બનાવનાર ૪૦ વર્ષીય લેબનીઝ કલાકાર બશીર મુહમ્મદે જણાવ્યું હતું. કુવૈતમાં જન્મેલા, બશીર અને તેના પરિવારને ૧૯૯૦ના દાયકામાં ગલ્ફ વોર દરમિયાન લેબેનોન જવાની ફરજ પડી હતી, જ્યાં તેઓ ૧૯૯૬ અને ૨૦૦૬ના ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના યુદ્ધો દરમિયાન રહેતા હતા. તેમણે જણાવ્યું કે 'જ્યારે મેં આ પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારે ખોવાયેલા બાળકોની સંખ્યા ૪,૦૦૦ કરતાં ઓછી હતી. જો કે, આજે આ આંકડો ૧૫,૦૦૦ કરતાં વધુ છે અને સતત વધી રહ્યો છે. 'તેમાં દરેક ટેડી બિયર ખોવાયેલા બાળકનું પ્રતિનિધિત્વ કરે છે અને તે કોંક્રિટના બ્લોકમાં બંધાયેલું છે, જે ઈઝરાયેલના હુમલાને કારણે થયેલા વિનાશનું પ્રતીક છે.' કતારમાં કામ કરતા એક ઈટાલિયન વ્યક્તિએ જણાવ્યું કે આ ટેડી બિયર દ્વારા મૃત્યુ પામેલા બાળકોની સંખ્યાની કલ્પના કરવી હૃદયદ્રાવક છે. તેમણે જણાવ્યું કે 'જ્યારે મારા બાળકોએ આ બધા રમકડાંને કોંક્રિટ બ્લોક્સમાં બંધાયેલા જોયા, ત્યારે મારે તેમને સમજાવવું પડ્યું કે આ રમકડાં એવા બાળકોનું પ્રતિનિધિત્વ કરે છે જેઓ મૃત્યુ પામ્યા છે તેઓને જાણવાની જરૂર છે કે યુદ્ધ ફક્ત મૃત્યુ અને વિનાશ લાવે છે આવા સંઘર્ષોની જટિલતા, પરંતુ અત્યારે તેઓએ જાણવું પડશે કે યુદ્ધ ક્યારેય સારૂં કંઈ હાંસલ કરશે નહીં. 'આપણે કંઈક દાન કરવું પડશે, આપણે ગમે તે રીતે મદદ કરવી પડશે.'

## ઈરાન-સમર્થિત સંગઠન નાગરિકોનો ઉપયોગ 'માનવ ઢાલ' તરીકે કરી રહ્યું છે : હિઝબુલ્લાહ પર ઈઝરાયેલનો મોટો ઘટસ્ફોટ

(એજન્સી) તા.૨૪

જેમ જેમ ઈઝરાયેલ લેબેનીઝ સમૂહ હિઝબુલ્લાહ સામે સંપૂર્ણ રીતે આક્રમણ કરે છે, ત્યારે IDF એ કેટલાક આઘાતજનક ઘટસ્ફોટ કર્યા છે કે કેવી રીતે ઈરાન સમર્થિત સંગઠન નાગરિકોનો ઉપયોગ 'માનવ ઢાલ' તરીકે કરે છે. IDF એ ઠ પર એક પોસ્ટ શેર કરી છે જેમાં વર્ણવવામાં આવ્યું છે કે કેવી રીતે હિઝબુલ્લાહ નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ શસ્ત્રોના સ્ટોરેજ સાઈટ્સ તરીકે કરે છે અને લેબેનીઝ લોકો માનવ ઢાલ તરીકે. IDFનું આ નિવેદન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ દ્વારા લેબેનીનના લોકોને આપવામાં આવેલા સંદેશ બાદ આવ્યું છે, જેમાં તેમણે લોકોને સુરક્ષિત સ્થાનો પર ખસી જવાની ચેતવણી આપી હતી, કારણ કે આ યુદ્ધ નાગરિકો વિરૂદ્ધ નથી, પરંતુ ઈરાન સમર્થિત આતંકવાદી સમુહ વિરૂદ્ધ છે.મહેરબાની કરીને, હવે ભયથી દૂર જાઓ. એકવાર અમારૂં ઓપરેશન સમાપ્ત થઈ જાય, તમે સુરક્ષિત રીતે તમારા ઘરો પર પાછા આવી શકો છો, 'નેતાન્યાહુએ એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું. ઈઝરાયેલી સૈન્યએ લેબેનીનમાં



૮૦૦ હિઝબુલ્લાહ લક્ષ્યો પર હુમલો કર્યો હોવાની જાહેરાત કર્યાના થોડા સમય પછી. લેબેનાનના આરોગ્ય મંત્રીના જણાવ્યાં અનુસાર, સોમવારે લેબેનોન પર ઈઝરાયેલના હુમલામાં ૨૪ થી વધુ બાળકો સહિત ૪૯૨ લોકો મૃત્યુ પામ્યા. ૭ ઓક્ટોબરે ગાઝા સંઘર્ષ શરૂ થયો ત્યારથી સરહદ પારની આ સૌથી ઘાતક ઘટના છે. લેબેનીઝ જનતા માટેના તેમના નિવેદનમાં, નેતાન્યાહુએ ભારપૂર્વક જણાવ્યું કે હિઝબુલ્લાહ તેમની સુરક્ષાને જોખમમાં મૂકવા માટે જવાબદાર છે. તેણે જણાવ્યું કે 'હિઝબુલ્લાહ તમારો માનવ ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યું છે. તેઓએ તમારા લિવિંગ રૂમમાં રોકેટ અને તમારા ગેરેજમાં મિસાઈલો મૂકી છે.

## ૨૦૨૪ના પ્રથમ ૭ મહિનામાં ૪૦,૦૦૦થી વધુ ઈઝરાયેલ દેશ છોડી ગયા




(એજન્સી) તા.૨૪

ગઈકાલે જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨૦૨૪ના પ્રથમ સાત મહિનામાં ૪૦,૦૦૦થી વધુ ઈઝરાયેલીઓએ દેશ છોડી દીધો. ખાનગી હિબ્રુ ચેનલ ૧૩, ઈઝરાયેલના આંકડાકીય બ્યુરોને ટાંકીને, ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટીમાં તેના નરસંહાર બોમ્બ વિસ્ફોટ ઝુંબેશ શરૂ કર્યાના લગભગ એક વર્ષ પછી, ૨૦૨૩ની સરખામણીમાં આ વર્ષે દેશ છોડનારા ઈઝરાયેલીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. સમાચાર અનુસાર, વિભાગના પ્રારંભિક ડેટામાંએ પણ દર્શાવવામાં આવ્યું છે કે આ સમયગાળા દરમિયાન ફક્ત ૨૭,૮૦૦ લોકો જ ઈઝરાયેલ પરત ફર્યા હતા, જેઓ દેશ છોડીને ભાગી ગયા હતા અને જેઓ પ્રથમ વખત ઈઝરાયેલમાં સ્થળાંતર થયા હતા. ૨૦૨૩ માં, આશરે ૫૫,૩૦૦ લોકો ઈઝરાયેલમાંથી ભાગી ગયા, જ્યારે આશરે ૨૭,૦૦૦ લોકોએ પાછા ફરવાનું પસંદ કર્યું અથવા દેશમાં સ્થળાંતર કર્યું, જ્યારે ૨૦૨૨માં, આશરે ૩૮,૦૦૦ ઈઝરાયેલીઓ સ્થળાંતર થયા, અને ૨૩,૦૦૦ પાછા ફર્યા અથવા ઈઝરાયેલ ગયા.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# હવે વકફ બોર્ડમાં મહિલાઓ મામલે ભગવું જૂઠાણું

દેશની ભગવા મંડળીએ મુસ્લિમોના વિવિધ મુદ્દે જૂઠાણાઓ, અર્ધસત્ય, અપપ્રચાર વગેરેનો જે સતત મારો ચલાવ્યો છે એનો જ એક ભાગ છે તેની 'વકફ અંગેની ચિંતા' (?)... જે ભગવી છાવણી મુસ્લિમોના વિરોધની એક તક છોડતી ન હોય એને વળી મુસ્લિમોના ઉત્કર્ષની ચિંતા તો કયાંથી હોવાની ? પણ ખરેખર તો એને પોતાનો એજન્ડા અમલી બનાવવો છે અને આ એજન્ડા શું છે એ લગભગ સૌ દેશવાસીઓ જાણે જ છે...દેશના લઘુમતી સમાજમાં કેવી રીતે ભાગલા પડે અને ખાસ કરીને મુસ્લિમ સમાજ સતત તણાવમાં જ રહે એવી નકારાત્મક પ્રવૃત્તિમાં સદાય અગ્રેસર એવી આ છાવણીનો જ એક ભાગ કહી શકાય એવા ભાજપના કેટલાક નેતાઓએ છેલ્લા ઘણા સમયથી 'વકફ'નું ઉંબાડિયું ચાંપ્યું છે. જેમાં તે સમયાંતરે નવા નવા મુદ્દાઓ પેટ ચોળીને ઊભા કરે છે...

ભાજપના નેતૃત્વવાળી જ એનડીએની સરકારે વકફ એકટમાં સંશોધનને નામે વિવાદનો પલિતો તો ચાંપેલો જ છે જેના કારણે હાલ દેશભરના મુસ્લિમોમાં તેનો પ્રચંડ વિરોધ જોવા મળી રહ્યો છે અને મોદી મંત્રી મંડળે મંજૂર કરેલા આ વકફ સંશોધન એકટ સામે સંસદમાં પણ ભારે હોબાળો થતા કેન્દ્ર સરકારે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી) નિમવી પડી છે. જેની સામે હાલ રજૂઆતો ચાલી જ રહી છે એવામાં ભાજપના એક ટોચના નફરતી ભાષણ ફેઈમ નેતા ગિરીરાજ સિંઘે પણ વકફ વિરૂદ્ધ શાબ્દિક ઝેર ઓકયું છે. વકફ બોર્ડ પર તેમણે જમીન પચાવી પાડવાનો ગંભીર અને પાયાવિહોણો આક્ષેપ કરતા જણાવ્યું છે કે કોંગ્રેસે વકફ બોર્ડને એટલી બધી સત્તા આપી દીધી છે કે 'ના ખાતા ના વહી, વકફ કહે વહી સહી' જેવી સ્થિતિ છે. અર્થાત વકફ બોર્ડ જ જાણે સત્તાધીશ હોય અને તેની ઉપર કોઈ અદાલત, કોઈ હાઈકોર્ટ કે કોઈ સુપ્રીમકોર્ટ ન હોય એવો અર્થ તારવતી ટિપ્પણી વડાપ્રધાન મોદીના આ વ્હાલા મંત્રી ગિરીરાજે કરી છે... તદ્દન વાહિયાત અને પાયાવિહોણી આ વાતમાં ખરેખર જો જરા સરખો પણ દમ હોય તો તેઓ જાહેર કરે કે દેશના કયા વકફ બોર્ડે દેશના કયા વિસ્તારની કેટલી જમીન પચાવી પાડી ?? ગિરીરાજ તો કેન્દ્રીય મંત્રી છે તે તો તપાસ કરીને પણ વિગતો જાહેર કરી શકે છે...પણ આપણે જાણીએ છીએ કે ગિરીરાજ આ વિગતો જાહેર નહીં જ કરે.. અને કરે પણ કયાંથી ? કારણ કે ખરેખર કોઈ વકફ બોર્ડે આવું લેન્ડગ્રેબિંગ કર્યું જ નથી...અને કરશે પણ નહીં કારણ કે સૌથી મોટું જૂઠાણું તો એ ફેલાવાયું છે કે દેશનું વકફ બોર્ડ ત્રીજા નંબરનું સૌથી વધુ જમીન માલિકી ધરાવતું બોર્ડ છે જ્યારે ખરેખર તો સચ્ચાઈ એ છે કે કોઈપણ વકફ બોર્ડ કોઈપણ જમીન કે વકફ મિલકતનું માલિક નથી.. તે તો માત્ર દેશભરની મુસ્લિમોની વકફ સંપત્તિઓની દેખરેખ રાખે છે. બાકી દેશમાં જેટલી વકફની સંપત્તિઓ છે તે જે તે વિસ્તારના મુસ્લિમોએ પોતાના ખિસ્સામાંથી પોતાના સમાજ માટે કરેલું દાન છે. તે મુસ્લિમોની અંગત સંપત્તિ હતી અને તેને અલ્લાહના નામે મુસ્લિમોના હિત માટે જ વકફ કરવામાં આવી છે...એટલે વકફ બોર્ડ દેશનું ત્રીજા નંબરનું સૌથી મોટું જમીન માલિક હોવાની વાતનો છેદ ત્યાં જ ઊડી જાય છે.

ભારતના મુસ્લિમોને પાકિસ્તાન મોકલી દેવાનો સનેપાત જેને ઉપડયો હતો એ ગિરીરાજે બીજું જૂઠાણું એ ચલાવ્યું કે વકફ બોર્ડમાં મુસ્લિમ મહિલાઓ અને પછાત મુસ્લિમોનો સમાવેશ કરવામાં નથી આવતું...ગિરીરાજનું આ પણ સદંતર જૂઠાણું જ છે કારણ કે વકફ બોર્ડમાં મુસ્લિમ મહિલાઓ અને પસમાંદા મુસ્લિમો માટે કોઈ બાધ નથી.. વકફ બોર્ડમાં તો ૨૦૧૩થી મુસ્લિમ મહિલાઓ માટેની જોગવાઈ અમલી છે જ અને ઈસ્લામમાં તો ઊંચનીચ જેવું કંઈ છે જ નહીં એટલે પસમાંદા વર્ગમાં સામેલ મુસ્લિમોને વકફ બોર્ડ કે કોઈ પણ વકફમાં સ્થાન ન અપાતું હોય એવું છે જ નહીં... હા પરંતુ હિન્દુ ધર્મની કેટલીક સંસ્થાઓમાં મહિલાઓ અને પછાત વર્ગોને સ્થાન અપાતું ન હોવાનું જણાઈ આવે છે જેમ કે ગિરીરાજના ગૃહ રાજ્યના બિહાર હિન્દુ રિલીજીયન્સ ટ્રસ્ટ એકટ ઓફ ૧૯૫૦માં જ હિન્દુ મહિલાઓ અને પછાત વર્ગોને પૂરતું પ્રતિનિધિત્વ નથી મળતું તે અંગે ગિરીરાજ કેમ કઈ બોલતા નથી.??આ પ્રશ્ન તો તેમના જ રાજ્ય બિહારનો છે અને એમ છતાંય જો ગિરીરાજ કે ભાજપને મુસ્લિમ મહિલાઓ અને પસમાંદા મુસ્લિમોનું હિત એટલું જ હૈયે વસેલું હોય તો તેઓ થૂંક ઉડાડવાના બદલે એમના હિતમાં પગલાં લે જેમ કે પસમાંદા મુસ્લિમોને અન્ય ધર્મના પછાત વર્ગોને અપાતી અનામતની જેમ અનામત આપે; એમના વિકાસ અને પ્રગતિ માટે પગલાં લે..બાકી જે ભાજપની સરકાર ગરીબ-પછાત મુસ્લિમો માટે સાવ ચપટી જેટલી સ્કોલરશીપમાંય સાવ ઘટાડો કરતી હોય...જે ભારતીય જનતા પાર્ટીને દેશભરમાંથી એક પણ મુસ્લિમ સાંસદ ન મળતો હોય ગુજરાત સહિત ઘણા રાજયોમાં એક મુસ્લિમ ધારાસભ્ય સુદ્ધાં ન મળતો હોય એ ભાજપને મોઢે મુસ્લિમ મહિલાઓ કે પછાત મુસ્લિમોની સહિતની વાતો શોભા નથી દેતી...જો ખરેખર તેને મુસ્લિમોનું હિત હૈયે વસેલું હોય; તો તે ભલે મુસ્લિમો ના હિત વિકાસ માટે પગલાં ન લે પરંતુ તેમનો વિનાશ થાય એવા નુકસાનદાયક પગલાંઓ ના લે તો પણ સારૂં.

# RSSની કેરળ શિબિર : ભાજપ-RSSની ચિંતાનું કારણ રાહુલ ગાંધી

હાલમાં કેરળના પલક્કડમાં આરએસએસની બેઠક પૂરી થઈ. આ બેઠકમાં મોહન ભાગવત, દત્તાત્રેય હોસબોલે અને બીએલ સંતોષ સહિત આરએસએસના તમામ મોટા અધિકારીઓ હાજર હતા. ભાજપના વર્તમાન અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા. જેપી નડ્ડાએ લોકસભા ચૂંટણી દરમ્યાન જાહેરાત કરી હતી કે ભાજપનું મોટું સંગઠન છે. તે ચૂંટણી લડવામાં સમર્થ છે. એને આરએસએસની મદદની જરૂર નથી. એ સમયે નડ્ડાના આ નિવેદન પરથી અનેક અર્થ કાઢવામાં આવ્યા હતા. કેટલાક વિશ્લેષકોનું માનવું હતું કે આરએસએસને દરજ્જો આપવા માટે નરેન્દ્ર મોદીના કહેવા પર આ નિવેદન આપવામાં આવ્યું હતું. તેથી જ આરએસએસની બેઠકમાં નડ્ડાની હાજરીની ચર્ચા થઈ રહી છે. આરએસએસની આ બેઠકના એજન્ડા શું છે ? ભાજપના નવા અધ્યક્ષ માટે થઈ શકે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપની હાર પર પણ ચર્ચા થઈ. તેમજ આગામી ચાર રાજ્યોની ચૂંટણી પર પણ બેઠકમાં ચર્ચા થઈ. જાણવા મળી રહ્યું છે કે આરએસએસ ભાજપની અંદર મોટું પરિવર્તન કરવા ઈચ્છે છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહની ગુજરાત લોબીના ભાજપ પર વર્ચસ્વને આરએસએસ ખતમ કરવા માંગે છે. પરંતુ આ બેઠકની રસપ્રદ ચર્ચાના કેન્દ્રમાં રાહુલ ગાંધી હતા. વાસ્તવમાં આરએસએસ આ દિવસોમાં રાહુલ ગાંધીની રાજનીતિથી ખૂબ જ ચિંતિત છે. રાહુલ ગાંધીએ છેલ્લા ત્રણ વર્ષમાં દેશના રાજકારણમાં ક્રાંતિ કરી છે. રાહુલ ગાંધીએ બંધારણ અને સામાજિક ન્યાયનો સાર ભારતીય રાજકારણના કેન્દ્રમાં લાવ્યા. આનાથી ભારતીય જનતા પક્ષની હિન્દુત્વની રાજનીતિ પર ગ્રહણ લાગી ગયું છે. રાહુલ ગાંધીની નવી રાજકીય સફર ભારત જોડો યાત્રાથી શરૂ થઈ. આ પછી હારનો સિલસિલો શરૂ થયો. કર્ણાટક વિધાનસભા ચૂંટણી હાર્યા બાદ આરએસએસે સ્પષ્ટ રીતે કહ્યું હતું કે નરેન્દ્ર મોદીના બ્રાન્ડ અને હિન્દુત્વના એજન્ડાથી ચૂંટણી જીતી શકાશે નહીં. ત્યારબાદ નરેન્દ્ર મોદીએ ગોદી મીડિયાના સહારે પોતાનું બ્રાન્ડિંગ વધુ મજબૂત કર્યું. ૧૯૯૯ના દાયકામાં થયેલા મંડલની રાજનીતિને રાહુલ ગાંધીએ નવા અર્થ-સંદર્ભમાં ઘડી. તેમણે માત્ર ઓબીસી રાજનીતિ જ નહીં પરંતુ દલિતો અને આદિવાસીઓનો મુદ્દો પણ મોટાપાયે ઉઠાવ્યો. તેમની ભારત જોડો યાત્રા દરમ્યાન રાહુલ ગાંધી ઘણા આદિવાસી સમુદાયો અને દલિત જાતિઓના પીડિત લોકોની મુલાકાત કરી હતી. આ દરમ્યાન તેમણે દલિતો અને આદિવાસીઓના મુખ્ય મુદ્દાઓને અવાજ આપ્યો હતો. તે જાણીતું છે કે આરએસએસ ૧૯૫૨થી આદિવાસીઓમાં હિન્દુત્વનો પ્રચાર કરવામાં વ્યસ્ત છે. છેલ્લા ૭૫ વર્ષથી આરએસએસ આદિવાસીઓને રામાયણ અને મહાભારતની પૌરાણિક કથાઓમાંથી એકલવ્ય અને શબરી જેવા પાત્રો દ્વારા વનવાસીઓ કહીને હિન્દુત્વના પ્રવાહમાં



જોડવાનો પ્રયાસ છેલ્લા ૭૫ વર્ષથી કરી રહ્યો છે. આની અસર એ થઈ કે રાહુલ ગાંધીના નિવેદનની આગળ નરેન્દ્ર મોદીએ ચૂંટણી ટેકવતા આદિવાસીઓને વનવાસી કહેવાનું છોડી દીધું. એ પહેલા નરેન્દ્ર મોદી પ્રતિકાત્મક રાજનીતિના સહારે આદિવાસીઓને વોટબેંક બનાવવા ઈચ્છતા હતા. તેથી તેઓ દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ બનાવ્યાં પરંતુ આદિવાસીઓના સંસાધનોને મોદીએ પોતાન મિત્ર અદાણીને સોંપવામાં કોઈ સંકોચ કર્યો નહીં. રાહુલ ગાંધીએ આદિવાસીઓને પાણી, જંગલ, જમીનના અધિકારોના મુદ્દાને તેજ કર્યો. મધ્ય પ્રદેશમાં ભાજપના નેતા દ્વારા એક આદિવાસીના મોં પર પેશાબ કરવાની બાબતને ઉઠાવતા રાહુલ ગાંધીએ એમના સન્માન અને સ્વાભિમાન પર પ્રશ્નો ઉઠાવ્યા.

રાહુલ ગાંધી દલિતોની વિરૂદ્ધ થતાં અન્યાય અને અત્યાચારની વિરૂદ્ધ સતત ઝઝૂમતા રહ્યાં છે. દલિતોના સપનાઓ અને સંઘર્ષોને તેઓએ પોતાના ભાષણોમાં ટાંક્યા છે. રાહુલ ગાંધી સતત દલિત ઉત્પીડનના મુદ્દાઓ પર ઊભા રહ્યા. ચાહે તે રોહિત વેમુલાની આત્મહત્યાનો મામલો હોય કે ઉનામાં દલિતોની જાહેરમાં માર મારવાનો બનાવ હોય. અથવા હાથરસમાં વાલ્મિકી સમાજની દીકરીને બળાત્કાર અને એના મોત માટે ન્યાયનો પ્રશ્ન હોય. સ્વયં અપમાન સહન કરવા છતાં રાહુલ ગાંધી દલિતોના ન્યાય અને સન્માન માટે સંઘર્ષ કરતા રહ્યા.

રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા અને ન્યાય યાત્રામાં દલિતો વંચિતોને શિક્ષણ, સરકારી નોકરી અને અનામતનો મુદ્દો ઉઠાવ્યો. લોકસભા ચૂંટણી પ્રચારમાં ભાજપે બંધારણ બદલવા માટે ૪૦૦ બેઠકો જીતવાનો સંકલ્પ કર્યો. ખરેખર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બીજેપીનો મુખ્ય એજન્ડા બંધારણ બદલવાનો હતો. ૧૯૪૯થી જ આરએસએસ ડો.આંબેડકર દ્વારા લખાયેલા બંધારણનો વિરોધ કરતા રહ્યા છે. આરએસએસની ઈચ્છા મનુસ્મૃતિના આધાર પર લખેલ બંધારણને લાગુ કરવાનું છે. રાહુલ ગાંધીએ બીજેપી અને આરએસએસના આ ખતરનાક ઈરાદાને ઓળખી લીધો. તેઓએ બંધારણને હાથમાં લઈને પડકાર કર્યો કે તે બંધારણ બચાવવા માટે પ્રાણ પણ આપવા તૈયાર છે. એનું પરિણામ એ આવ્યું કે દલિતો-વંચિતો વચ્ચે રાહુલ ગાંધીની લોકપ્રિયતા સતત વધતી ગઈ.

રાહુલ ગાંધીએ બંધારણના રક્ષણની સાથે જાતિ વસ્તી ગણતરીની માંગ કરી. પત્રકારિતાથી લઈને ન્યાયપાલિકા સુધી, યુનિવર્સિટીઓના કુલપતિથી લઈને સચિવાલય સુધી, કોર્પોરેટ સંસ્થાઓથી લઈને બોલીવૂડ સુધી દલિત, પછાતો અને આદિવાસીઓની ભાગીદારીની વાત રાહુલ ગાંધીએ વારંવાર કહી. પ્રતિનિધિત્વના સવાલે રાહુલ ગાંધીના આ સમાજોની વચ્ચે વધુ લોકપ્રિય બનાવી દીધા. એમનો પ્રભાવ એ છે કે રાહુલ ગાંધી આજે એક લોકપ્રિય નેતા બનીને ઉભર્યા છે. દલિતો-વંચિતોના નાયક બની ગયા છે. તેથી લોકો એમને લોકનાયક કહેવા લાગ્યા છે.

એનાથી રાહુલ ગાંધીની લોકપ્રિયતા અને વિશ્વસનિયતા ઓબીસી સમાજની અંદર મજબૂત થઈ છે. રાહુલ ગાંધીની આ ચળવળની અસર આરએસએસની બેઠકમાં પણ જોવા મળી. જાતિ વસ્તી ગણતરીનો વિરોધ કરવાની હિંમત હવે આરએસએસમાં પણ નથી. તેથી અખંડિતતા અને રાષ્ટ્રીય સુરક્ષાના ભયને બતાવવા છતાં આરએસએસ જાતિ વસ્તી ગણતરીનું સમર્થન કરવા માટે મજબૂર થયા છે. આ સીધી રીતે રાહુલ ગાંધીની રાજનીતિની અસર છે. આ જ કારણ છે કે આજે ભાજપ જ નહીં પરંતુ આરએસએસ માટે પણ સૌથી વધુ ચિંતાનું કારણ રાહુલ ગાંધી છે. આમાં કોઈ અતિશયોક્તિ નથી કે જવાહરલાલ નહેરૂ બાદ રાહુલ ગાંધી, ગાંધી-નહેરૂ કુટુંબ અને કોંગ્રેસ પક્ષના પહેલા નેતા છે જે આરએસએસ પર ખુલીને પ્રહાર કરે છે.

તે આરએસએસની વિભાજનકારી રાજનીતિ અને સાવરકરના હિન્દુત્વ પર ખુલીને ઘા કરે છે. મહારાષ્ટ્રની અંદર વી.ડી. સાવરકરને માફીવીર કહેનારા રાહુલ ગાંધી આરએસએસના બ્રાહ્મણવાદી એજન્ડા અને મનુવાદી વિચારનો ખુલીને પડકાર આપે છે. તે એનાથી બચવા માટે તૈયાર પણ જોવા મળ્યા છે. આ કારણ છે કે આરએસએસની કેરળ શિબિરમાં જેટલી ચિંતા આવનારી વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપના પ્રદર્શનની છે. એનાથી વધુ ચિંતા રાહુલ ગાંધીની રાજકીય સક્રિયતા, લોકપ્રિયતા અને સામાજિક ન્યાયના એજન્ડાની છે. આરએસએસના નેતા જાણે છે કે સામાજિક ન્યાય અથવા નબળી જાતિઓને શક્તિશાળી બનાવવાના એજન્ડાની સામે હિન્દુત્વનો એજન્ડા ટકી શકતો નથી.

**- રવિકાન્ત**

**(સૌ. : સત્યહિન્દી.કોમ)**

# હિસારમાં સુભાષચંદ્રનો BJPને ઠેંગો, કોંગ્રેસના ઉમેદવારને સમર્થન

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૨૪

મીડિયા ટાયકૂન સુભાષ ચંદ્ર, ભારતીય જનતા પાર્ટી (BJP) સાથેના તેમના ગાઢ સંબંધો માટે જાણીતા છે, પરંતુ જ્યારે તેઓ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર માટે પ્રચાર કરવા માટે આદમપુર પહોંચ્યા ત્યારે લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.

૨૦૧૬માં ભાજપના સમર્થનથી રાજ્યસભામાં ચૂંટાયા હોવા છતાં ઝી ટીવીના સ્થાપક આદમપુરની નિર્ણાયક બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ચંદ્ર પ્રકાશને સમર્થન આપી રહ્યા છે, જ્યાં વરિષ્ઠ ભાજપ નેતા કુલદીપ બિશ્નોઈના પુત્ર ભવ્ય બિશ્નોઈ પાર્ટીના ઉમેદવાર છે.

પ્રકાશ એક નિવૃત્ત IAS અધિકારી છે અને પૂર્વ રાજ્યસભા સભ્ય રામજીલાલના ભત્રીજા છે, જે ભવ્ય બિશ્નોઈના દાદા એવા પૂર્વ મુખ્યપ્રધાન ભજનલાલના નજીકના ગણાતા હતા.

ચંદ્ર હિસારમાં ઉદ્યોગપતિ અને સ્વતંત્ર ઉમેદવાર સાવિત્રી જિંદાલને પણ ટેકો આપી રહ્યા છે, જ્યાં તેમના પિતા અને દાદા તેમના પૂર્વજોના સ્થળ આદમપુરથી સ્થળાંતર થયા હતા અને જ્યાં ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં તેઓ કોટન જિનિંગ અને ઓઇલ મિલોનો વ્યવસાય ધરાવતા હતા.


તેમના ગૃહ જિલ્લા હિસારમાં આ બે ઉમેદવારોને સમર્થન આપવાની તેમની ચાલથી ભાજપના વર્તુળોમાં ગણગણાટ ફેલાયો છે. હરિયાણાના એક વરિષ્ઠ બીજેપી નેતા જેમણે ઓળખ ન આપવાની શરતે મીડિયાને જણાવ્યું કે, ચંદ્રનું પગલું પાર્ટી માટે આંચકાજનક હતું.

તેમણે ઉમેર્યું, તે ભાજપના સમર્થનથી રાજ્યસભાના સભ્ય બન્યા. હવે જ્યારે ચૂકવણી કરવાની વાત આવે છે, ત્યારે તે પક્ષના સત્તાવાર ઉમેદવારોનો વિરોધ કરી રહ્યો છે.

હરિયાણામાં બીજેપીના મીડિયા ઈન્ચાર્જ અશોક છાબરાએ જો કે, કહ્યું કે, ચંદ્ર ક્યારેય પાર્ટીના સભ્ય નહોતા.

તેમણે રાજ્યસભાની ચૂંટણી અપક્ષ તરીકે લડી હતી. એ સાચું છે કે, ભાજપે તેમને ટેકો આપ્યો હતો અને પક્ષને અપેક્ષા હતી કે, તેઓ પક્ષના ઉમેદવારોને સમર્થન આપે. છાબરાએ ઉમેર્યું કે, પરંતુ તે એક મોટા ઉદ્યોગપતિ છે. તે શા માટે આવું કરી રહ્યા છે તેના પર હું ટિપ્પણી કરી શકતો નથી.

તેમ છતાં પાંચ ઓકટોબરની રાજ્યની ચૂંટણીની આગેવાનીમાં ચંદ્રના પગલાએ ભાજપ સાથેના તેમના જોડાણ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે, કારણ કે, તે હવે હિસારના મુખ્ય મતવિસ્તારોમાં શાસક પક્ષના સત્તાવાર ઉમેદવારોના સીધા વિરોધમાં ઊભા રહેલા ઉમેદવારોને સમર્થન આપી રહ્યા છે. જ્યાં તેના પરિવારનો ઘણો પ્રભાવ છે.



## ઝી ટીવીના સ્થાપકે આદમપુરમાં ભાજપના ભવ્ય બિશ્નોઈ સામે કોંગ્રેસના ઉમેદવાર ચંદર પ્રકાશને સમર્થન જાહેર કર્યું છે, તેના પુત્ર નવીન જિંદાલ સાથે ૨૦૧૨ના ઝઘડા પછી તેણે સાવિત્રી જિંદાલને પણ સમર્થન આપ્યું હતું

૧૦ વર્ષ સત્તામાં રહ્યા પછી પહેલેથી જ સત્તાવિરોધીતાનો સામનો કરી રહેલ ભાજપની બહારના ઉમેદવારો માટે તેમનો ટેકો પ્રદેશમાં તેમના વ્યવસાય અને મીડિયાના પ્રભાવને જોતાં ખાસ કરીને હિસાર જિલ્લામાં રાજકીય ગતિશીલતાને પ્રભાવિત કરી શકે છે.

**દુઃખનો સંકેત :**

સુભાષ ચંદ્રે સૌપ્રથમ ૧૦ સપ્ટેમ્બરના રોજ તેમની નારાજગીનો સંકેત આપ્યો હતો જ્યારે તેમણે તેમના X હેન્ડલ પર ભાજપના હિસારના ઉમેદવાર ડૉ.કમલ ગુપ્તા સાથેની કથિત ટેલિફોનિક વાતચીત પોસ્ટ કરી હતી, જે નાયબ સૈની સરકારમાં આઉટગોઇંગ હેલ્થ મિનિસ્ટર પણ હતા.

જ્યારે તેમને ગુપ્તાનો ફોન આવ્યો ત્યારે શું થયું તે વર્ણવવા માટે ચંદ્રએ X પરની તેમની પોસ્ટમાં કમલ ગુપ્તા માટે કે.જી. અને પોતાના માટે એસ.સી.નો ઉપયોગ કર્યો હતો.

KG : ભાઈ, મારી આદરપૂર્વકની શુભેચ્છાઓ અને અભિનંદન ! SC : શા માટે અભિનંદન ગુપ્તાજી ? KG : તમારા નાના ભાઈને ટિકિટ મળે તે માટે. SC : એક નાનો ભાઈ જે પાંચ વર્ષ પછી ફોન કરે છે ? ઓછામાં ઓછા તહેવારો અથવા ખાસ પ્રસંગો દરમિયાન ફોન કરો. KG : એટલા માટે મને તમારા આશીર્વાદની જરૂર છે. SC : આ વખતે તમને મારા આશીર્વાદ મળશે નહીં કારણ કે, હિસારના લોકો તમારાથી ખૂબ નારાજ છે, તેમણે લખ્યું.

જો કે, ચંદ્રના સંદેશમાં માત્ર એટલું જ દર્શાવવામાં આવ્યું હતું કે, તેઓ કમલ ગુપ્તાથી નાખુશ હતા પરંતુ એવા કોઈ સંકેત નથી કે તેઓ ભાજપથી નારાજ હતા.

૧૬ સપ્ટેમ્બરના રોજ ચંદ્રએ તેના અધિકૃત એક્સ હેન્ડલ પરથી બીજેપીથી પોતાને દૂર કરવાના સૂક્ષ્મ સંકેતો આપતો બીજો સંદેશ પોસ્ટ કર્યો.

હિન્દીમાં એક સંદેશમાં તેમણે લખ્યું કે, જો કે, હિસારના તમામ ઉમેદવારો તેમને મળવા આવ્યા હતા અને બે દિવસની મુલાકાત દરમિયાન તેમનું સમર્થન મેળવવા આવ્યા હતા જ્યારે તેઓ ૭૦૦-૮૦૦ લોકોને મળ્યા હતા, પરંતુ ભાજપના ઉમેદવાર આવ્યા ન હતા.

તેમણે ઉમેર્યું હતું કે, તેઓ આ મુદ્દા પર વિચાર કરશે અને નક્કી કરશે કે હિસારનું પ્રતિનિધિત્વ કરવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ કોણ છે. તેમણે લખ્યું કે, તે નિર્ણયના આધારે હું તમને બધાને ભલામણ કરીશ કે કોને મત આપવો.

થોડા દિવસો પછી ચંદ્રએ બીજો સંદેશ પોસ્ટ કર્યો કે તેઓ માને છે કે, સાવિત્રી જિંદાલ હિસાર માટે યોગ્ય ઉમેદવાર છે અને લોકોને તેમના માટે મત આપવા અપીલ કરી છે.

તેમણે લખ્યું, જો કે, હું ભાજપ સમર્થક પરિવારમાંથી આવું છું, તેમ છતાં હું અપક્ષ ઉમેદવાર માટે મત માંગી રહ્યો છું. ભાજપને ટેકો આપવો એ મારી અંગત માન્યતા છે, પરંતુ હિસાર અને આ શહેરના લોકો પણ મારા છે, તેથી તેની પ્રત્યે મારી પણ ફરજ છે. તેથી હું હિસારના મતદારોને સાવિત્રીજીને મત આપવા વિનંતી કરૂં છું.

સાવિત્રી જિંદાલે એક કલાકની અંદર X પરની એક પોસ્ટ સાથે મીડિયા બેરોન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને જવાબ આપ્યો.

તેમણે લખ્યું, તમારા સમર્થન માટે હૃદયપૂર્વક આભાર, સુભાષ જી. કોઈ પક્ષ ટિકિટ આપે છે, પરંતુ મતના રૂપમાં આશીર્વાદ લોકો પાસેથી જ મળે છે. હું બાઉજી, ઓ.પી. જિંદાલજીના હિસાર માટે જે અધૂરા સપના હતા તે પૂરા કરવા માંગુ છું.

મારૂં સપનું છે કે, આપણું હિસાર માત્ર રાજ્યના અગ્રણી શહેરોમાં નહીં, પરંતુ સમગ્ર દેશમાં ગણાય. આપણા સામૂહિક પ્રયાસો દ્વારા આપણે ચોક્કસપણે એક વિકસિત અને સમૃદ્ધ હિસારનું નિર્માણ કરીશું.

સાવિત્રી જિંદાલના સ્વ. પતિ ઓ.પી. જિંદાલ કે જે એક ઉદ્યોગપતિ હતા અન જેમણે જિંદાલ ગ્રુપની સ્થાપના કરી હતી. તેઓ પૂર્વ મંત્રી હતા અને તેમનું ૨૦૦૫માં એર ક્રેશમાં મૃત્યુ થયું હતું જેના પગલે સાવિત્રી જિંદાલને રાજકારણમાં આવવાની ફરજ પડી હતી. હિસારમાં લોકો તેમણે પ્રેમથી બાબુજી તરીકે ઓળખાતા હતા.

**જૂનો ઝઘડો અને નવી ગોઠવણી :**

સાવિત્રી જિંદાલને ચંદ્રનું સમર્થન વધુ આશ્ચર્યજનક છે કારણ કે, જિંદાલના પુત્ર નવીન જિંદાલ સાથેનો તેમનો ઝઘડો જાણીતો છે.

ચંદ્રના ઝી ગ્રુપ અને નવીન જિંદાલ કે જે હવે કુરૂક્ષેત્રના ભાજપના સાંસદ છે તેમની વચ્ચેનો ઝઘડો ૨૦૧૨નો છે જ્યારે નવીનની કંપની, જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ (JSPL), કોલ બ્લોક ફાળવણી કૌભાંડમાં વિવાદમાં ફસાઈ હતી.

મનમોહનસિંહની આગેવાની હેઠળની તત્કાલીન યુપીએ સરકાર પર ઓછા ભાવે કોલસાના બ્લોકની ફાળવણી કરીને JSPL સહિત કેટલીક કંપનીઓને ફાયદો કરાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

નવીન જિંદાલ ૨૦૦૪થી ૨૦૦૯ અને ૨૦૦૯થી ૨૦૧૪ એમ બે ટર્મ માટે કુરૂક્ષેત્રથી કોંગ્રેસના સાંસદ હતા.

સુભાષ ચંદ્રના ઝી ગ્રુપની માલિકીની ઝી ન્યૂઝે JSPLને કોલસાના બ્લોકની ફાળવણીમાં અનિયમિતતાનો આક્ષેપ કરતા અહેવાલો હાથ ધર્યા હતા. રિપોર્ટમાં જિંદાલ પર કૌભાંડનો ફાયદો ઉઠાવવાનો આરોપ છે.

ઓકટોબર ૨૦૧૨માં જિંદાલે ઝી ન્યૂઝના બે સંપાદકો સુધીર ચૌધરી અને સમીર અહલુવાલિયા પર આરોપ મૂક્યો હતો કે, તેમની કંપની સામેના કથિત કોલસા કૌભાંડના આરોપોના અહેવાલો પ્રસારિત ન કરવાના બદલામાં JSPL પાસેથી રૂા.૧૦૦ કરોડની ખંડણી વસૂલવાનો પ્રયાસ કર્યો હતો.

દિલ્હી પોલીસે ખંડણીના આરોપમાં ચૌધરી અને અહલુવાલિયાની ધરપકડ કરી હતી. બીજી તરફ ઝી ન્યૂઝે જિંદાલ પર શાસક પક્ષના સાંસદ તરીકે પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને પત્રકારત્વને દબાવવાનો આરોપ લગાવ્યો હતો.

બંને પક્ષો દ્વારા એકબીજા સામે માનહાનિનો દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જિંદાલે ઝી ન્યૂઝ પર ખોટા સમાચારો દ્વારા બદનામ કરવાનો આરોપ મૂક્યો હતો જ્યારે ઝીએ જિંદાલ પર મીડિયા હાઉસની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો હતો.

કેસની ચોક્કસ સ્થિતિ જાણી શકાયું નથી પરંતુ મુખ્ય કેસ હજુ કોર્ટમાં પેન્ડિંગ છે.

**ચંદ્રનો રાજકારણમાં પ્રવેશ :**

૧૨ જૂન, ૨૦૧૬ના રોજ સુભાષ ચંદ્ર ભાજપના સમર્થન સાથે અપક્ષ ઉમેદવાર તરીકે હરિયાણામાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. તેમણે INLD-કોંગ્રેસ સમર્થિત અપક્ષ ઉમેદવાર અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ આર.કે. આનંદને હરાવ્યા હતા, જેમાં શાહીના ફેરફારને કારણે કોંગ્રેસના ૧૪ મતો અમાન્ય જાહેર થયા હતા. આ જીત પછી ચંદ્રને તેમના મીડિયા પ્રભાવને જોતા ભાજપ માટે એક શક્તિશાળી સાથી તરીકે જોવામાં આવ્યા હતા. જો કે, આઠ વર્ષ પછી ચંદ્ર એક અલગ રાજકીય માર્ગ અપનાવી રહ્યા હોવાનું જણાય છે.

**(સૌ : ધ પ્રિન્ટ.ઈન)**

**હદીસ બોધ**

જે માણસ પર કોઈનું દેવું હોય તે કાં તો ચૂકવી દે અથવા માફ કરાવી લે. - હદીસ બોધ

**બોધ વચન**

એકની મૂર્ખતાથી બીજાનું ભાગ્ય બને છે. - બેકન

**આજની આરસી**

૨૫ સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૪
૨૧ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા વદ આઠમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૦
ખત્મે ઝવાલ ૧૨-૩૨
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૯
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૪

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# દલિત પરિવારને અંતિમ સંસ્કારમાં ડપ્પુ ન વગાડવા બદલ સામાજિક બહિષ્કારનો સામનો કરવો પડ્યો; ૧૮ લોકોની અટકાયત



(એજન્સી) હૈદરાબાદ, તા.૨૪

પરંપરાગત રીતે, તેલંગાણાના મદિગા સમુદાયના લોકો અંતિમ સંસ્કાર અને અન્ય ગામડાના તહેવારોમાં ડપ્પુ વગાડવા છે. પરંપરાગત ક્રમને આ સમારોહનો અભિન્ન ભાગ માનવામાં આવે છે, સામાન્ય રીતે ઉચ્ચ જાતિઓ દ્વારા તેને સ્પર્શવામાં આવતો નથી. ગ્રામીણ તેલંગાણાના અમુક ભાગોમાં હજુ પણ આ પ્રથા ચાલુ છે, ત્યારે મદિગા સમુદાયના ઘણાં લોકો હવે જૂની રીતોથી દૂર છે. M.com ડિગ્રી ધરાવનાર અને મેડચલમાં એક મોટી ખાનગી કંપનીમાં કામ કરતા પંચમી ચંદ્રમનો આરોપ છે કે, તેઓએ માત્ર અમને બહિષ્કૃત કર્યા જ નહીં પરંતુ ગામના અન્ય લોકોને અમારી સાથે સંબંધ ન રાખવાની ચેતવણી પણ આપી. તેમને ૫,૦૦૦ રૂપિયાના દંડની ધમકી આપવામાં આવી હતી. તે અને પંચમી અર્જુન, JNTU હૈદરાબાદમાંથી ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં M.sc ડિગ્રી ધરાવનાર, પંચમી શંકરૈયાના પુત્રો છે જેઓ ૨૦૧૫માં મૃત્યુ પામ્યા હતા. તે પછી, બંને ભાઈઓએ પોતાને ડપ્પુ સંસ્કૃતિથી દૂર રાખવાનું શરૂ કર્યું. પરિવારની ચારેય દીકરીઓ પરિણીત છે અને દૂર રહે છે. બહિષ્કારને યાદ કરતાં, અર્જુને કહ્યું કે, પરિવારને ૧૫ દિવસ સુધી પાણી વિના રહેવું પડ્યું જ્યારે સ્થાનિક કરિયાણાની દુકાનમાંથી તેમને રાશન ખરીદવા દેવાની ના પાડી. તેમની માતા પી નરસમ્મા પણ આનાથી બાકાત રહી ન હતી. નરસમ્માએ કહ્યું, અમારે કરિયાણા અને આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા માટે નજીકના શહેરોમાં જવું પડતું હતું. સૌથી ખરાબ વાત એ છે કે છેલ્લાં ત્રણ દાયકાથી અમે જાણતા હતા તે દરેકે અમારી સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા. પરંતુ ગામમાં તણાવ હોવા છતાં ભાઈઓ તેમની વાત પર અડગ રહ્યા. મેડચલમાં એક કંપનીમાં રસાયણશાસ્ત્રી તરીકે કામ કરતા અર્જુને કહ્યું, સમયની અછત ઉપરાંત, અમે આ વિધિથી પણ દૂર થઈ ગયા છીએ કારણ કે અમને લાગે છે કે તે ખૂબ જ જૂની પ્રથા છે અને આજે અમે જ્યારે કોર્પોરેટ જગતમાં કામ કરીએ છીએ તો આ ખૂબ તેથી આ અત્યંત અયોગ્ય છે. બંને ભાઈઓના જણાવ્યા અનુસાર, મુડીરાજ સમુદાયના બે સભ્યોના અંતિમ સંસ્કાર માટે ડપ્પુ વગાડવાની ના પાડતા તેમના અને ગામના વડીલો વચ્ચેના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. બંનેએ દાવો કર્યો કે, તે પછી, સમુદાયના સભ્યોએ તેની ચર્ચા કરવા માટે ૧૦ સપ્ટેમ્બરે એક પંચાયત બોલાવી. જે દરમિયાન, વડીલોએ મૌખિક રીતે અમારી સાથે દુર્વ્યવહાર કર્યો. તેઓએ અમને કહ્યું, ભલે અમે ગમે તેટલા શિક્ષિત અથવા સારી નોકરી મેળવીએ, અમે હંમેશા મદિગા રહીશું અને તેમના પગની નીચે જ રહેશે. પંચાયતે તે જ દિવસે પરિવારનો બહિષ્કાર કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. આખરે, અન્યાય સહન કરવામાં અસમર્થ, ભાઈઓએ ગયા અઠવાડિયે પોલીસનો સંપર્ક કર્યો અને આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી. મનોહરાબાદ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ફરિયાદને પગલે, અમે ૧૯ વ્યક્તિઓની ધરપકડ કરી છે અને હજુ પણ ૧૪ ને શોધી રહ્યા છીએ જેઓ બહિષ્કારને લાગુ કરવામાં સામેલ હતા. આ ઘટના જાતિ આધારિત ભેદભાવની દ્રઢતા દર્શાવે છે જે અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગેરકાયદેસર છે. આ કેસમાં અમારી તપાસ ચાલી રહી છે.

# શિક્ષકે દલિત વિદ્યાર્થીને બારી સાથે બાંધી બેરહેમીથી માર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

બિહારના કટિહારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઘટના કટિહાર જિલ્લાની એક શાળાની છે. ખાનગી શાળામાં ડાયરેક્ટર અને શિક્ષકે વિદ્યાર્થીને બાંધીને બેરહેમીથી માર માર્યો હતો. જ્યારે મામલો સામે આવ્યો તો લોકો ચોંકી ગયા, લોકો કહેવા લાગ્યા કે આવું કોઈ ખરેખર કરે છે.એક દલિત વિદ્યાર્થી ડાયરેક્ટરના પલંગ પર સૂતો હતો. વિદ્યાર્થીને બેડ પર સૂતો જોઈને ડિરેક્ટર ગુસ્સે થઈ ગયા.તેમણે શિક્ષકોને બાળકને નિર્દયતાથી મારવા માટે મજબૂર કર્યા. ઘટનાની માહિતી મળ્યા બાદ વિદ્યાર્થીના પિતાએ શાળાના ડિરેક્ટર અને શિક્ષકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. કટિહાર જિલ્લાના પોથિયા પોલીસ સ્ટેશન વિસ્તારની એક ખાનગી શાળામાં, એક દલિત વિદ્યાર્થીને શાળાના ડાયરેક્ટર અને શિક્ષક દ્વારા માર મારવામાં આવ્યો કારણ કે બાળક જમીન પર સૂવાને બદલે ડાયરેક્ટરના પલંગ પર સૂતો હતો. દલિત વિદ્યાર્થીને પોતાના પલંગ પર સૂતો જોઈને ડાયરેક્ટર ગુસ્સે થઈ ગયા અને પહેલા પોતાના બેડ પરથી બેડશીટ કાઢી નાખી. તે પછી, શિક્ષકની મદદથી, તેણે બાળકને બારી સાથે બાંધી દીધો અને તેની સાથે મારપીટ કરી. બાળકના શરીરનો કોઈ ભાગ એવો નથી કે જેના પર મારના નિશાન ન હોય. બાળકની ઉંમર ૮ વર્ષ છે, તે LKGનો વિદ્યાર્થી છે. આ ઘટના અંગે બાળકના પિતા મુકેશ કુમાર મલ્લિકે જણાવ્યું કે, તેણે પોતાના બાળકને બ્રાઈટ ફ્યુચર ઈન્ટરનેશનલ સ્કૂલ, પોથિયા બજાર, અભ્યાસ માટે પ્રવેશ અપાવ્યો હતો. બાળક હોસ્ટેલમાં રહીને ભણતો હતો. તેણે જણાવ્યું કે, બીજા દિવસે જ્યારે તેનો મોટો દીકરો શાળાએ ગયો ત્યારે તેને બાળકની મારપીટની ખબર પડી. જ્યારે તે શાળામાં ગયો તો તેણે જોયું કે બાળકના આખા શરીર પર ઈજાના નિશાન હતા અને બાળક રડી રહ્યો હતો. જે પછી તેને ફાળકા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. બાળકના પિતાએ જણાવ્યું કે, શાળાના ડાયરેક્ટર રોહિત સિંઘાનિયા અને શિક્ષક સંતોષ કુમાર તેના બાળકને જમીન પર સુવડાવતા હતા અને તેને અન્ય બાળકોથી અલગ બેસાડીને ખવડાવતા હતા. તેણે કહ્યું કે,તેના વાસણો પણ અલગ રાખવામાં આવ્યા હતા. જ્યારે બંનેને બાળકને માર મારવાની વાત કરવામાં આવી ત્યારે કોઈએ જવાબ આપ્યો ન હતો. બાળકના પિતાએ કહ્યું કે, સ્કૂલ સંચાલક એક ગુંડા છે, હવે તે તેને ચૂપ રહેવાની ધમકી આપી રહ્યો છે. ઘટનાની માહિતી મળતાં બ્લોક એજ્યુકેશન ઓફિસર રામ દહીમ પ્રસાદે કહ્યું કે, બાળકના પરિવાર સાથે વાત કરવામાં આવી છે અને શાળાના બાળકોની પણ પૂછપરછ કરવામાં આવી છે. પ્રથમ નજરે, બાળક સાથે અતિરેકની વાત છે. શાળા સરકાર દ્વારા માન્ય છે. હોસ્ટેલ ચલાવવા માટેના સરકારી નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે, તમામ મુદ્દાઓની તપાસ કર્યા પછી વરિષ્ઠ અધિકારીઓને તેની જાણ કરવામાં આવી છે. તે જ સમયે, બાળકને માર માર્યા પછી, તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પોથિયાના એસએચઓ વિવેક કુમારે જણાવ્યું કે, બાળકના પિતાની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે સ્કૂલના ડાયરેક્ટર રોહિત સિંઘાનિયાનું કહેવું છે કે, બાળક રમી રહ્યો હતો અને ગેરવર્તન કરી રહ્યો હતો તેથી વોર્ડને તેને થોડી માર મારી.

# મધ્યપ્રદેશ : રતલામમાં ચોરીની આશંકાથી દલિત યુવકને બાંધી, નગ્ન કરી નિર્દયતાથી માર મારવામાં આવ્યો; આરોપીની ધરપકડ

(એજન્સી) ભોપાલ, તા.૨૪

મધ્યપ્રદેશમાં એક ચોંકાવનારી ઘટનામાં સોમવારની સાંજે રતલામ જિલ્લામાં ચોરીના આરોપ બાદ એક દલિત યુવકને નિર્દયતાથી મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ તેને ઝાડ સાથે બાંધી દીધો, તેના કપડા ઉતારી દીધા અને તેને માર માર્યો, જેના કારણે પગમાં ફ્રેક્ચર થયું. ટાઈમ્સ નાઉના સૂત્રોના જણાવ્યાં અનુસાર પીડિત, જે ગુજરાતમાં મજૂર તરીકે કામ કરતો હતો, સોમવારે તેના ગામ પરત ફરી રહ્યો હતો. આ ઘટના ડુગની ગામમાં બની હતી જે તાલ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં આવે છે. પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી, જેના પગલે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ ચાલી રહી છે. અધિક પોલીસ અધિક્ષક રાકેશ ખાખાએ ધરપકડની પુષ્ટિ કરી અને ખાતરી આપી કે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## કાનપુર ટેસ્ટ જીતશે તો ટીમ ઈન્ડિયા ૧૮૦ ટેસ્ટ જીતી સૌથી વધારે ટેસ્ટ જીતનાર ચોથી ટીમ બની જશે

# કોહલીને ૨૭ હજાર ઈન્ટરનેશનલ રનની સિદ્ધિ માટે ૩૫ રનની જરૂર

કાનપુર, તા.૨૪

બાંગ્લાદેશ સામે રમાનારી કાનપુર ટેસ્ટમાં એક ડઝન રેકોર્ડ ભારત બનાવી શકે છે. ભારત જો કાનપુરમાં જીતશે તો આ તેની ૧૮૦મી ટેસ્ટ જીત હશે. આ સાથે જ ભારત દ.આફ્રિકાને પછાડી સૌથી વધારે ટેસ્ટ જીતનાર ચોથો દેશ બની જશે. કાનપુર ટેસ્ટ જીતતા જ ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશને સૌથી વધારે વખત હરાવનાર ચોથી ટીમ બની જશે. ટોપ-ત્રણમાં શ્રીલંકા (૨૦ જીત), વેસ્ટઈન્ડિઝ (૧૪ જીત) અને ન્યુઝીલેન્ડ (૧૪ જીત) છે. ક્રિકેટના ત્રણેય ફોર્મેટ મળીને વિરાટે ૨૬,૯૬૫ રન બનાવી લીધા છે. કાનપુરમાં ફક્ત ૩૫ રન બનાવતા જ તે ૨૭ હજાર ઈન્ટરનેશનલ રન બનાવનાર ચોથો ખેલાડી બને જશે. ભારતના પૂર્વ કપ્તાન વિરાટ કોહલીના નામે હાલ ૧૧૪ ટેસ્ટમાં ૮૮૭૧ રન છે. કાનપુરમાં ટેસ્ટમાં ૧૨૯ રન બનાવી તે ૯૦૦૦ રનની સિદ્ધિ મેળવનાર ભારતનો ચોથો બેટ્સમેન બની જશે. ૧૧૪ ટેસ્ટમાં વિરાટ કોહલીએ ૨૯ સદી ફટકારી છે. વધુ એક સદી બનાવતા જ તે ઓસ્ટ્રેલિયાના મહાન સર ડોનાલ્ડ બ્રેડમેનને પાછળ પાડી દેશે. સચિન તેન્ડુલકર, દ્રવિડ અને ગાવસ્કર વિરાટથી આગળ છે. ભારતનો કપ્તાન રોહિત શર્મા કાનપુર ટેસ્ટમાં વધુ એક સદી ફટકારતા જ ભારત માટે સૌથી વધારે ઈન્ટરનેશનલ સદી (૪૯) બનાવનાર ખેલાડીઓમાં ત્રીજા નંબરે પહોંચી જશે. ૫૧ ટેસ્ટમાં ૨૯૦૧ રન બનાવી ચૂકેલો કે.એલ. રાહુલ જો કાનપુર ટેસ્ટમાં ૯૯ રન બનાવી લેશે તો તેના નામે ત્રણ હજાર રન પૂરા થઈ જશે. રવિન્દ્ર જાડેજાના નામે હાલ ૨૯૯ ટેસ્ટ વિકેટ છે. કાનપુરમાં વધુ એક શિકાર કરતા જ તે ૩૦૦ વિકેટ લેનાર ભારતનો પ્રથમ લેફ્ટ આર્મ સ્પિનર બની જશે. અશ્વિન જો કાનપુરમાં નવ વિકેટ લેશે તો સૌથી વધારે ટેસ્ટ વિકેટના મામલામાં ઓસ્ટ્રેલિયાના નાથન લિયોન (૫૩૦)થી આગળ નીકળી જશે.

# તેને શાંત રાખવો પડશે... : પંતથી ગભરાયો ઓસી. કપ્તાન કમિન્સ

નવી દિલ્હી, તા.૨૪

ઓસ્ટ્રેલિયાના કપ્તાન પેટ કમિન્સે સ્વીકાર કર્યો કે, રિષભ પંતનો ઓસ્ટ્રેલિયામાં ભારતનો સતત બે ટેસ્ટ સિરીઝ જીતવાના અભિયાનમાં 'મોટો પ્રભાવ' રહ્યો હતો અને તેને આ વર્ષના અંતમાં રમાનારી પાંચ મેચોની ટેસ્ટ સિરીઝમાં આ સ્ફોટક વિકેટકિપર બેટ્સમેનને શાંત રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ઓસ્ટ્રેલિયામાં ૨૦૧૮-૧૯ અને ૨૦૨૦-૨૧માં ભારતની ઐતિહાસિક ટેસ્ટ જીતમાં મહત્ત્વની ભૂમિકા નિભાવનાર ૨૬ વર્ષીય પંત ડિસેમ્બર ૨૦૨૨માં એક ભયંકર કાર અકસ્માતમાં ઘાયલ થઈ ગયો હતો. ત્યારબાદ તેણે ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પુનરાગમન કરતા ગત સપ્તાહ બાંગ્લાદેશ વિરૂદ્ધ સદી ફટકારી. કમિન્સે કહ્યું કે, તે એક એવો ખેલાડી છે જેનો છેલ્લી અમુક સિરીઝમાં બહુ મોટો પ્રભાવ રહ્યો છે અને અમારે તેને શાંત રાખવાનો પ્રયાસ કરવો પડશે. રિવર્સ અને એક હાથથી ફ્લિક જેવા શોટથી ઓળખાતા પંતે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પોતાની ગત બે ટેસ્ટ સિરીઝમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. પંતે આ દરમ્યાન ૧૨ ઈનિંગોમાં ૬૨.૪૦ની પ્રભાવશાળી સરેરાશથી ૬૨૪ રન બનાવ્યા. જેમાં તેનો હાઈએસ્ટ સ્કોર અણનમ ૧૫૯ રન છે. તેણે ૨૦૨૧માં ગાબામાં બીજી ઈનિંગમાં અણનમ ૮૯ રનની ઈનિંગ રમી. ઓસ્ટ્રેલિયાની આ મેદાન પર ૩૨ વર્ષમાં પહેલી હાર સુનિશ્ચિત કરી અને ભારતને ૨-૧થી સિરીઝમાં જીત પણ અપાવી. આ ૩૧ વર્ષીય ઝડપી બોલરે પંતના આક્રમક વલણની તુલના પોતાના સાથીઓ ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ સાથે કરી છે. કમિન્સે કહ્યું કે, દરેક ટીમમાં એક અથવા બે ખેલાડી હોય છે. જે મેચનું પરિણામ બદલી શકે છે. ઓસ્ટ્રેલિયા ૨૦૧૪-૧૫ બાદથી ભારત વિરુદ્ધ પોતાની પ્રથમ ટેસ્ટ સિરીઝ જીતવાના પ્રયાસમાં હશે. પાંચ મેચોની સિરીઝ ૨૨ નવેમ્બરથી પર્થ ટેસ્ટ સાથે શરૂ થશે.

## મને માફ કરી દો પ્લીઝ : હીથર નાઈટ

# ઈંગ્લેન્ડની મહિલા કપ્તાન ૧૨ વર્ષ બાદ એક ફોટોના કારણે શરમજનક સ્થિતિમાં મૂકાઈ

નવી દિલ્હી, તા.૨૪

ઈંગ્લેન્ડની મહિલા ટીમની કપ્તાન હીથર નાઈટ ૨૦૧૨માં સોશિયલ મીડિયા પર કરેલી એક પોસ્ટ માટે હવે શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગઈ છે. તેને ના ફક્ત ફિટકાર લગાવવામાં આવી છે પણ એક હજાર પાઉન્ડનો દંડ પણ ફટકારાયો છે. ૨૦૧૨માં સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં નાઈટને બ્લેકફેસમાં બતાવાઈ હતી. તે કેન્ટમાં એક ક્રિકેટ ક્લબમાં ફેન્સી ડ્રેસ પાર્ટીમાં સામેલ થઈ હતી. ઈસીબીના નિયમ ૩.૩ મુજબ તસવીરને આપત્તિજનક ગણાવાઈ છે. આ નિયમ અનુસાર આ ક્રિકેટના હિતો માટે હાનિકારક કામ, ક્રિકેટ અથવા ક્રિકેટરનું અપમાન હોઈ શકે છે. જ્યારે આ ઘટના ઘટી ત્યારે નાઈટ ૨૧ વર્ષની હતી અને તેણે આના માટે માફી માંગી છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) દ્વારા જાહેર એક નિવેદનમાં તેણે કહ્યું કે, તેનો કોઈ ખોટો ઈરાદો ન હતો. ૨૦૧૨માં મેં જે ભૂલ કરી તેના માટે હું શરમ અનુભવું છું. મને આનો લાંબા સમયથી પસ્તાવો છે. તે સમયે હું એટલી સમજદાર ન હતી જેટલી હવે થઈ ગઈ છું. તેણે કહ્યું કે, હું ભૂતકાળને બદલી શકતી નથી પણ હું આનાથી દુઃખી છું. મહિલા ક્રિકેટની સૌથી મોટી સ્ટારોમાંથી એક નાઈટે ૧૨ ટેસ્ટ, ૧૪૩ વન-ડે અને ૧૧૯ ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે. જેમાં તેણે ક્રમશઃ ૮૦૩, ૩૯૧૩ અને ૨૦૬૭ રન બનાવ્યા છે. નાઈટે તસવીર પોતાના ફેસબૂક એકાઉન્ટ પર મૂકી ન હતી પણ આને બીજા કોઈ વ્યક્તિના એકાઉન્ટ પર પોસ્ટ કરાઈ હતી. જ્યારે તેણે ગત મહિને લગાવાયેલા આરોપોને તુરંત સ્વીકાર કરી લીધા, પસ્તાવો વ્યક્ત કર્યો અને પોતાના આચરણ માટે માફી માંગી છે.

**૨૦૧૨માં એક પાર્ટીમાં નાઈટને બ્લેકફેસમાં બતાવાઈ હતી, ફિટકારની સાથે એક હજાર પાઉન્ડનો દંડ ફટકારાયો**

# ધવન-યુવરાજ જ નહીં આ ૧૦ દિગ્ગજોથી પણ વધારે રન અશ્વિને બનાવ્યા

નવી દિલ્હી, તા.૨૪

ચેન્નાઈ ટેસ્ટમાં મેચ વિનિંગ પ્રદર્શન કરનાર અશ્વિને શિખર ધવન અને યુવરાજ જ નહીં પણ અન્ય ૧૦ દિગ્ગજોથી વધારે રન બનાવ્યા છે. અશ્વિને ૧૦૧ ટેસ્ટમાં ૩૪૨૨ રન બનાવ્યા છે. અનેક સ્ફોટક ભારતીય બેટ્સમેન સૌથી વધારે ટેસ્ટ રન બનાવવાની લિસ્ટમાં તેનાથી પાછળ છે. ટીમ ઈન્ડિયાના ગબ્બર આ લિસ્ટમાં ચોંકાવનારૂં સૌથી મોટું નામ છે. ઓપનર ધવનના નામે ૩૪ ટેસ્ટમાં ૨૩૧૫ રન છે, તેણે ટેસ્ટ કારકિર્દીમાં સાત સદી ફટકારી છે. તેણે આ જ વર્ષે સંન્યાસ લીધો છે. ક્રિકેટની દુનિયાના આક્રમક બેટ્સમેન યુવરાજસિંહની ટેસ્ટ કારકિર્દી કંઈ ખાસ રહી નથી. તેના નામે ૪૦ ટેસ્ટમાં ૧૯૦૦ રન છે. તેણે ત્રણ સદી ફટકારી છે. આ જ વર્ષે પ્રોફેશનલ ક્રિકેટને અલવિદા કહેનાર દિનેશ કાર્તિકે ૨૬ ટેસ્ટમાં ૧૦૨૫ રન બનાવ્યા છે. ધોનીની ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી બાદ તેની કારકિર્દી નાની થઈ ગઈ હતી. રિદ્ધિમાન સાહાની ટેસ્ટ કારકિર્દી પણ વધારે ખાસ રહી નથી. તેણે ભારત માટે ૪૦ ટેસ્ટ રમી ૧૩૫૩ રન બનાવ્યા, એમાં ત્રણ સદી સામેલ છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં રનોનો વરસાદ કરનાર મુંબઈના વસીમ જાફરે ૩૧ ટેસ્ટમાં ૧૯૪૪ રન બનાવ્યા છે તેના નામે ટેસ્ટમાં પાંચ સદી છે. નવજોતસિંહ સિદ્ધુ પણ આ લિસ્ટમાં છે. સિદ્ધુએ ૫૧ ટેસ્ટમાં ૩૨૦૨ રન બનાવ્યા છે. જેમાં નવ સદી અને ૧૫ અર્ધસદી સામેલ છે. કૃષ્ણામાચારી શ્રીકાંતે ૪૩ ટેસ્ટ મેચમાં ૨૦૬૨ રન બનાવ્યા છે.

ભારતના સ્ટાયલીશ બેટ્સમેન સંજય માંજરેકરે ટેસ્ટ કારકિર્દીમાં ૩૭ મેચ રમી. આ દરમ્યાન તેણે ૨૦૪૩ રન બનાવ્યા, જેમાં ચાર સદી અને નવ અર્ધસદી સામેલ છે. સચિનના મિત્ર વિનોદ કામ્બલીની કારકિર્દીની શરૂઆત શાનદાર થઈ હતી પણ વધારે ચાલી નહીં. તેણે ૧૭ મેચ રમી અને ૧૦૮૪ રન બનાવ્યા, જેમાં ચાર સદી સામેલ છે. મન્સુર અલી ખાન પટૌડીનું નામ પણ આ લિસ્ટમાં છે. તેમણે ટેસ્ટ કારકિર્દીમાં ૪૩ મેચ રમી અને ૨૭૯૩ રન બનાવ્યા. તેમના નામે ૬ સદી અને ૧૫ અર્ધસદી નોંધાયેલી છે.

# સ્પોર્ટ્સ કલબ ઓફ ગુજરાતની ચૂંટણી રવિવારે

અમદાવાદ,તા.૨૪

અમદાવાદની પ્રતિષ્ઠિત કલબોમાં સ્થાન ધરાવતી સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાતની આગામી રવિવારે, ૨૯ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે. ત્યારે રાજેશ પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટે પરિવર્તન પેનલના ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ઝુંકાવ્યું છે, છેલ્લા થોડા સમયથી નવરંગપુરા સ્થિત આ કલબના મેનેજમેન્ટ તથા વહીવટ અંગે પ્રશ્નો ઉઠતા રહ્યા છે ત્યારે રાજેશ પ્રવિણભાઈએ ચૂંટણી જીતવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

ગુરૂવાર, 26 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
બેલાગિયો, પીપલગ ચોકડી, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 99797 39737.

શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024; બપોરે 12:30 વાગ્યાથી, (આ IAP માત્ર મહિલાઓ માટે છે).
મયુર રેસ્ટોરન્ટ એન્ડ બેન્ક્વેટ, પહેલો માળ, સેફ્રોન બિઝનેસ પાર્ક, જસોદાનગર ક્રોસ રોડ, અમદાવાદ – 382 445, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.

શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
એક્વેનોસ રેસ્ટોરન્ટ, ઉત્તરસંડા રોડ, ડીડીયુ ફાર્મસી કોલેજની સામે, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 99797 39737.

શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
યોરો કલબ, વાઈડ એન્જલ સામે, નાગલપુર, મહેસાણા – 384 002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હૌટ પ્લેટર, 101, મંગલદીપ કોમ્પ્લેક્સ, પહેલો માળ, હીરાબાગ, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઈલ : 99249 59993.

શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024 અને શનિવાર, 28 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લુઆઈવી, એનઆર ગણેશ મંદિર, 80 ફીટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઈલ : 701669 5863.

શુક્રવાર, 27 સપ્ટેમ્બર 2024 અને શનિવાર, 28 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ફન સિટી, એનએચ 8 પાસે, નવસારી, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કેયુર ઠક્કર, મોબાઈલ : 98987 24101.

શનિવાર, 28 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ધ અમોર, વીઆર મોલ પાસે, એરપોર્ટ રોડ, સુરત – 395 007, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિક રોય, મોબાઈલ : 99099 79712.

શનિવાર, 28 સપ્ટેમ્બર 2024; સાંજે 6:00 થી રાત્રે 8:30 વાગ્યા સુધી.
મેપલ 99, સરદાર પટેલ રીંગ રોડ, તપોવન સર્કલ પાસે, ચાંદખેડા, અમદાવાદ – 382 424, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિષેક સાહુ, મોબાઈલ : 95715 23180.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે. વોક–ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન–ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**



**GUJARAT STATE WAQF BOARD ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Established under the Wakf Act, 1995 Constituted by the Government of Gujarat Under Wakf Act, 1995 ( Central Act - 43)

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, ભોંયતળીયે, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર
Dr. Jivrajbhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, sector-10, Gandhinagar

**વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ(સુધારા)અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬**
**વિષય : "મસ્જીદે તુર્કીયા વક્ફ ટ્રસ્ટ"**

ઉપરોક્ત જણાવેલ વક્ફના મુતવલ્લી મોહંમદઅમીન જહાંગીરમીયા કાદરી જી. ગીર સોમનાથનાઓએ મજકુર વક્ફના ઉદેશો પુર્ણ કરવાના હેતુ માટે પોતાની અંગત માલિકીની મિલ્કત સેલત ઈબ્રાહીમ વલીમહમદ + અન્ય, વેરાવળના એ તેમની પોતાની જમીન વક્ફ (દાન) કરેલ છે. જે નીચે જણાવ્યા મુજબની વિગતો સ્થાવર મિલ્કત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| પોતાની અંગત મિલ્કત વક્ફ(દાન) કરનારનું નામ | ગામ/ મુ.પો/હે | જિલ્લા અને તાલુકો | મિલ્કત નો પ્રકાર | સર્વે નં./ મિલ્કત નં | ચો.મી. |
|---|---|---|---|---|---|
| સેલત ઈબ્રાહીમ વલીમોહમદ | મુ. પો. વેરાવળ, | તા.વેરાવળ, જી.ગીરસોમનાથ. | બિનખેતી જમીન | સર્વે નં.૩૯૫,અનુક્રમ નં.૫૫/૬૬, પ્લોટ નં.૧. | ૧૦૧૨.૦૦ |

ઉક્ત જણાવેલ વાકિફે વક્ફ કરેલ સ્થાવર મિલ્કત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યકિત કે સંસ્થાના વાંધાસુચનો હોય તો તે દિન–૭માં ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વક્ફના વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ–૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ. એ. શેખ) કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગર



**હરાજી વેચાણ નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
CIN: U67100MH2007PLC174759
રજિ. કાર્યાલય : એડલવાઈસ હાઉસ, પહેલો માળ ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

**નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો**

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના અધિકારોમાં પ્રવેશ કર્યો અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

**૧૫/૩૦ દિવસની સૂચના** આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર(રો) અને બાંયધરી આપનાર(રો)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સલામત લેણદારની તરફેણમાં ગીરો છે,જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"** આધારે વેચવામાં આવશે. ઉધાર લેનાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે EARCને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-હરાજીમાં મૂકવા માટેની સલામત મિલકતની વિગતો :**

| લોન એકા. નં./વેચાણની સંસ્થા | દેણદાર અને સહ-દેણદારના નામ | ટ્રસ્ટનું નામ | બેંકનું નામ અને શાખા, એકા.નં. અને IFSC કોડ | ૨૩-૦૯-૨૦૨૪ના રોજ કુલ બાકી દેવા | અનામત રકમ (ભા. રૂ.) | ઈએમડી (ભા. રૂ.) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|---|
| 3100014034/ 3100014035/ પીસીએચએફએલ | ચામુંડા વુડન ફર્નિચર અ પ્રોપરાઈટરશીપ ફર્મ તેના પ્રોપરાઈટર શ્રી પ્રકાશ દશરથભાઈ પંચાલ (દેણદાર) ૨. શ્રી પ્રકાશ દશરથભાઈ પંચાલ (સહ-દેણદાર) ૩. શ્રીમતી ડિમ્પલબેન પ્રકાશભાઈ પંચાલ (સહ-દેણદાર) | ઈએઆરસી ટ્રસ્ટ એસસી-૪૭૭ | ટ્રસ્ટ એસી- (૦૦૦૪૦૫૧૨૪૮૧૪) બેંક-આઈસીઆઈસીઆઈ બેંક -આઈએફએસસી આઈસીઆઈસી ૦૦૦૦૦૦૪ | ભા.રૂ. મિલ્કત નં.૧ રૂ. ૬૨,૧૦,૨૪૭.૩૨/- | રૂ ૩૨,૦૦,૦૦૦/- | રૂ. ૩,૨૦,૦૦૦/- | ૧૫-૧૦-૨૦૨૪ સવારે ૧૧:૦૦ વાગે | ભૌતિક |
| | | | | મિલકત નં.૨ રૂ. ૧,૫૨,૫૭,૮૫૫.૭૨/ | રૂ ૫૬,૦૦,૦૦૦/- | રૂ. ૫,૬૦,૦૦૦/- | ૧૫-૧૦-૨૦૨૪ સવારે ૧૧:૩૦ વાગે | |

**મિલકતનું વર્ણન -મિલકત નં.૧ :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ એફ-૨૪, સપન એક્ષોટીકા, બંસરી ટાઉનશીપ સામે, રાધનપુર રોડ, પંચોટ, મહેસાણા-૩૮૪૦૦૨ અને કહેવાતી મિલકત સ્થિત મુ.પંચોટલ અત્રે આર.એસ. નં.૧૮૨૧ પ્લોટ નં.૨૪, 'સપન એક્ષોટીકા', તા. અને જિ. મહેસાણા ક્ષેત્રફળ બિલ્ટ અપ એરિયા ગ્રાઉન્ડર ફ્લોર પર ૬૦.૧૨૫ ચો.મી. પહેલો માળ ૧૮.૪૦ ચો.મી. માર્જિન જમીન ૪૨.૮૭૫ ચો.મી. બિનવહેંચાયેલ હિસ્સા રોડ અને કોમન પ્લોટ નં.૭૬.૦૦ ચો.મી. કુલ ૧૭૯.૦૦ ચો.મી. અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ તરફ : આંતરિક રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.૧૪, ઉત્તર તરફ : પ્લોટ નં.૨૩, દક્ષિણ તરફ : પ્લોટ નં.૨૫

**મિલકતનું વર્ણન -મિલકત નં.૨ :** સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનો પ્લોટ નં.૭૩ (પ્લોટ નં.૩૧ પ્લાન મુજબ), દેવ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, એસ્સાર પેટ્રોલ પમ્પ પાછળ મહેસાણા-પાલનપુર હાઈવે રોડ, ભાંડુ, વિસનગર-૩૮૪૦૦૨ અને કહેવાતિ મિલકત સ્થિત અત્રે પ્લોટ નં.૩૧ (પ્લોટ નં. ૭૩ સ્કીમ મુજબ) પ્લોટ ક્ષેત્રફળ લગભગ ૨૬૬.૮૩ ચો.મી. બાંધકામ સાથે ક્ષેત્રફળ લગભગ ૧૯૪.૬૭ ચો.મી. સ્કીમ નામે 'દેવ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક' તરીકે જાણીતી જમીન ધરાવતા કન્સોલીડેટ સર્વે નં.૮૪૩ (જૂના સર્વે નં.૮૪૩, ૮૪૪ અને ૮૪૫) સ્થિત અને ઊભેલ અત્રે મોજે ભાંડુ, તા. વિસનગર, જિ. મહેસાણા, સબ જિ. વિસનગર, અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ તરફ : પ્લોટ નં.૭૨ (પ્લોટ નં.૩૦ મુજબ), પશ્ચિમ તરફ : પ્લોટ નં.૭૪ (પ્લોટ નં.૩૨ મુજબ), ઉત્તર તરફ : આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૬૪ (પ્લોટ નં.૨૨ મુજબ)

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી :**

| | | |
|---|---|---|
| 1. | બધા ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) ઉપર જણાવ્યા મુજબ ટ્રસ્ટના નામની તરફેણમાં અને મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર રહેશે. | |
| 2. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના ૧ દિવસ પહેલા પ્રાપ્ત |
| 3. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮ |
| 4. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 5. | સંપર્ક વિગતો | ૧૮૦૦ ૨૬૬ ૬૫૪૦ |
| 6. | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉની એપોઈન્ટમેન્ટ મુજબ |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંકનો સંદર્ભ

તારીખ : ૨૩-૦૯-૨૦૨૪ (અધિકૃત અધિકારી)
સ્થળ : મુંબઈ વતી, એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction



**ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

**જોઈએ છે**
નર્સ, લેબ ટેકનિશિયન, મેમન હોસ્પિટલ, રિલીફ રોડ
Whatsapp
**9824268488**

**વેચવાનું છે**

**વેચવાનો છે ફ્લેટ**
2 BHK, સેમી ફર્નિશ્ડ, 136 વાર, બ્લીસ રેસિડેન્સી, કુરેશનગર પાસે, વેજલપુર સરખેજ રોડ
**9824066241**
**9898141487**

**દુકાન વેચવાની છે**
220 સ્કે.ફૂટ, શ્યામલ સર્કલ મેડીલીંક હોસ્પિટલ પાસે, વૃંદાવન શોપિંગ સેન્ટર, સેટેલાઈટ
**9898666771**

**કુરેશનગરમાં પ્લોટ વેચવાનો છે**
NANOC, ટાઈટલ ક્લિયર
**M. 9714444810**

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ભાગીદાર અથવા વેચાણ જોઈએ છે**
સેન્ટ્રલ એ.સી. શો રૂમ, 165 વાર, 11 દુકાનો, પહેલો માળ, પાગામાં, ઢાલગરવાડ, અમદાવાદ
**7778954573**

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈ પ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
**9825215334**
**9904969895**

# 'અમારા લોકો દ્વારા દગો કરવામાં આવ્યો છે' : આર્મી સ્પેશિયલ ફોર્સ દ્વારા નાગરિકોની હત્યાઓ અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી નાગાલેન્ડમાં ગુસ્સો અને તણાવ

## પીડિતોના પરિવારોનું કહેવું છે કે કેન્દ્ર દ્વારા રાજ્યસભામાં ઓટિંગના રહેવાસીને નોમિનેટ કરીને સ્થાનિક નેતૃત્વને રાજી રાખવામાં આવ્યું છે



(એજન્સી) તા.૨૪

નાગાલેન્ડના ઓટિંગમાં લોકોમાં ગુસ્સો અને નારાજગી છે કારણ કે, સુપ્રીમ કોર્ટે ૧૭ સપ્ટેમ્બરના રોજ ભૂલથી ઓચિંતો હુમલો કરવા અને ત્યારબાદ હિંસામાં ગામના ૧૩ રહેવાસીઓની હત્યા કરવાના આરોપમાં ૩૦ ભારતીય સૈન્ય કર્મચારીઓ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી રદ કરી હતી. ૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ આર્મીના ૨૧ પેરા સ્પેશિયલ ફોર્સે તિરુથી મોન જિલ્લાના ઓટીંગ ગામ સુધી કોલસાની ખાણકામ કરનારાઓને લઈ જતી વાન પર ગોળીબાર કર્યો હતો જેમાં સવાર છ લોકો માર્યા ગયા હતા. સેનાએ કામદારોના આ જૂથને વિદ્રોહી સમજીને ભૂલથી ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ પ્રદર્શનકારીઓના ટોળાએ સેનાના વાહનોને આગ ચાંપી દીધી હતી અને સૈનિકોએ ફરી ગોળીબાર કર્યો ત્યારે વધુ સાત નાગરિકો માર્યા ગયા હતા. ચેમવાંગ કોન્યાકનો ૩૨ વર્ષનો દીકરો આ માર્યા ગયેલા લોકોમાં સામેલ હતો, તેણે ઓટીંગ ગામથી ફોન પર સ્ક્રોલને જણાવ્યું કે તેઓને સુપ્રીમ કોર્ટના ચુકાદાથી નારાજગી છે. તેમણે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના આદેશથી અમે ખૂબ જ નારાજ અને નિરાશ છીએ. પીડિતોને યોગ્ય ન્યાય મળવો જોઈએ. અમે બધા પણ માણસો છીએ. દરેક વ્યક્તિનું જીવન અમૂલ્ય છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ટેકનિકલ આધાર પર છે અને તેણે કહ્યું છે કે જો કેન્દ્ર તેની મંજૂરી આપે તો સેનાના જવાનો સામેનો કેસ આગળ વધી શકે છે. ગૃહ મંત્રાલયે એપ્રિલ ૨૦૨૩માં વિશેષ તપાસ ટીમના તારણોના આધારે નાગાલેન્ડ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી ફોજદારી કાર્યવાહીને મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. કડક આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર્સ એક્ટ, ૧૯૫૮, "વિક્ષેપગ્રસ્ત વિસ્તારોમાં" ફરજ પર હોય ત્યારે સૈન્યના કર્મચારીઓ પર કાર્યવાહી કરવા માટે કેન્દ્રની મંજૂરીની જરૂર હોય છે. જો જાહેર વ્યવસ્થાની જાળવણી માટે જરૂરી હોય તો તે સૈન્યને શોધ, ધરપકડ અને ગોળીબાર કરવાની વ્યાપક સત્તા આપવામાં આવી છે. આ કાયદો આસામ અને મણિપુરના નાગા-વસ્તીવાળા વિસ્તારોમાં ૧૯૫૮થી અમલમાં છે અને બાદમાં આ પ્રદેશમાં રાજ્યોની પુનઃરચના પછી ૧૯૭૨માં ઉત્તર પૂર્વના મોટાભાગના ભાગોમાં તેનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. ૧૯૯૫થી, નાગાલેન્ડ આ કાયદા હેઠળ છે. એપ્રિલ ૨૦૨૩માં, નાગાલેન્ડના ૫૭માંથી ત્રણ પોલીસ સ્ટેશનને કાયદાના દાયરામાંથી દૂર કરવામાં આવ્યા હતા. એક અલગ રિટ અરજીમાં, નાગાલેન્ડ સરકારે મંજૂરી આપવાના કેન્દ્રના ઈન્કારને પડકાર્યો હતો. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. નાગાલેન્ડના મુખ્ય પ્રધાન નેફિયુ રિયોએ શુક્રવારે જણાવ્યું હતું કે, રાજ્યે પહેલેથી જ અમારો વિરોધ નોંધાવ્યો છે. પરંતુ ઓટીંગના રહેવાસીઓ ગુસ્સે અને ભ્રમિત છે, ઘણા લોકો એવા દાવાઓ વચ્ચે સમુદાયના નેતાઓના મૌન તરફ ઈશારો કરે છે કે કેન્દ્રએ ઓટીંગના રહેવાસીને રાજ્યસભામાં નામાંકિત કરીને સ્થાનિક શક્તિશાળી વર્ગને ખુશ કર્યા છે. નાગાલેન્ડ સરકારે પણ ટીકા કરી છે કારણ કે તે ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન કરીને રાજ્યમાં શાસન કરી રહી છે. રિયોની નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી ભાજપ સાથે ગઠબંધનમાં નાગાલેન્ડ સરકારનું નેતૃત્વ કરી રહી છે. રાજ્યના નાયબ મુખ્યપ્રધાન ભાજપના છે, જે કેન્દ્ર સરકારનું નેતૃત્વ કરે છે. આ હત્યા પછી, ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે ઉચ્ચ સ્તરીય વિશેષ તપાસ ટીમ દ્વારા શોકગ્રસ્ત પરિવારોને ન્યાય આપવામાં આવશે.

**સ્થાનિક નેતૃત્વનું મૌન :** ચેમવાંગ કોન્યાકે કહ્યું કે રિયોની ટિપ્પણી સિવાય, નાગાલેન્ડ સરકારે સુપ્રીમ કોર્ટના ચુકાદા વિશે કશું કહ્યું નથી અને ન તો કોન્યાક યુનિયને કોઈ વિરોધ કર્યો છે. કોન્યાક યુનિયન એ કોન્યાક જનજાતિની સર્વોચ્ચ સંસ્થા છે. માર્યા ગયેલા તમામ ૧૩ કોન્યાક જનજાતિના છે. કોન્યાક યુનિયનના વડા ટિંગથોક કોન્યાકે સ્ક્રોલને કહ્યું કે, અમે અમારી એક્ઝિક્યુટિવ મીટિંગ અને યોગ્ય પરામર્શ પછી જ નિવેદન જારી કરીશું. નાગા હોહો, નાગા સ્ટુડન્ટ્સ ફેડરેશન, ગ્લોબલ નાગા ફોરમ જેવા મુખ્ય નાગા જૂથોએ ચુકાદા સામે તેમની નારાજગી અને વાંધો વ્યક્ત કર્યો હતો. ઓટીંગ સ્ટુડન્ટ્સ યુનિયને ૧૯ સપ્ટેમ્બરના રોજ એક નિવેદનમાં, નાગરિક સમાજ જૂથો અને જનતાને ન્યાય મેળવવામાં તેમને સમર્થન આપવા અપીલ કરી હતી. પરંતુ પૂર્વી નાગાલેન્ડના સંગઠનો અત્યાર સુધી મૌન છે. આજ સુધી, કોન્યાક યુનિયન અને ઈસ્ટર્ન નાગાલેન્ડ પીપલ્સ ઓર્ગેનાઈઝેશને ગ્રામજનો ગુસ્સે અને દુઃખી હોવા છતાં કંઈ કહ્યું નથી, ઓટીંગના અન્ય એક રહેવાસીએ સ્ક્રોલને જણાવ્યું હતું કે આ તેમની સાથે "વિશ્વાસઘાત" છે.

**રાજ્યસભા બેઠક :** બીજેપીના રાજ્યસભા સભ્ય એસ ફાંગનોન કોન્યાક પર લોકો ગુસ્સે છે. માર્ચ ૨૦૨૨માં, હત્યાના માત્ર ત્રણ મહિના પછી, બીજેપીએ ઓટીંગના રહેવાસી અને ભાજપ મહિલા પાંખના સભ્ય એસ ફાંગનોન કોન્યાકને રાજ્યસભામાં નામાંકિત કર્યા હતા અને તે નાગાલેન્ડની પ્રથમ મહિલા રાજ્યસભા સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાઈ આવી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાના એક દિવસ પછી, કેટલાક લોકોએ રાજ્યસભાના સભ્યના મૌનની ટીકા કરી હતી. ચેમવાંગ કોન્યાકે કહ્યું કે, રાજ્યસભાના સાંસદ જે અમારા ગામના હતા તેમણે પણ કંઈ કહ્યું નથી. તેણી મૌન છે. અન્ય એક ઓટીંગ નિવાસીએ જણાવ્યું હતું કે કોન્યાક જનજાતિના અન્ય સભ્યોએ એસ ફાંગનોન કોન્યાકનું નામાંકન સ્વીકાર્યા પછી તેઓ ભ્રમિત થઈ ગયા છે. તેણીએ પણ અત્યાર સુધી પીડિતો માટે કંઈ કર્યું નથી. નાગાલેન્ડના એક પત્રકારે કોન્યાક સિવિલ સોસાયટીના મૌન અંગે ધ્યાન દોર્યું હતું. પીડિત અને બચી ગયેલા લોકોના પરિવારો અને સંબંધીઓની વેદના અંગે ચેમવાંગ કોન્યાકે કહ્યું કે તે માત્ર તે દિવસે માર્યા ગયેલા લોકો વિશે જ નથી પરંતુ બચી ગયેલા લોકો પણ પીડાય રહ્યા છે પણ અમે કશું કરી શકતા નથી.

# કર્ણાટકમાં શ્રી રામ સેનેની ધમકી, 'તહેવારો દરમિયાન અમે શસ્ત્રો સાથે રાખીશું'

## રામ સેનેના વડાનો આક્ષેપ છે કે, મુસ્લિમ ગુંડાઓ ખુલ્લેઆમ નિવેદનો કરી રહ્યા છે કે, અત્યારે સરકાર અમારી કોંગ્રેસની છે

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૪

હિન્દુત્વ સંગઠન શ્રી રામ સેનેના કર્ણાટકના પ્રમુખ ગંગાધર કુલકર્ણીએ રવિવારે એવું જાહેર કર્યું હતું કે, હિન્દુ તહેવારો દરમિયાન રક્ષણ માટે અમારી સંસ્થા શસ્ત્રો સાથે રાખશે. હિન્દુત્વ નેતાએ મેંગ્લુરૂમાં એક જિલ્લા પરિષદમાં આ જાહેરાત કરી હતી અને હિન્દુ ઉત્સવોની ઉજવણીમાં કથિત વિઘ્નો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મીડિયા સાથે વાતચીતમાં કુલકર્ણીએ એવું આક્ષેપ કર્યો હતો કે, મુસ્લિમ સમાજ વિવિધ વિસ્તારોમાં ગણપતિ વિસર્જન જેવા હિન્દુ તહેવારોમાં વિઘ્નો અને આ શાંતિ ઊભા કરે છે હિન્દુ નેતા એવો પણ દાવો કર્યો હતો કે, ઘણી વખત આ વિઘ્નોને કારણે હિંસા પણ થઈ જાય છે અને પથ્થરમારા પણ થાય છે. બધા



માટે કોંગ્રેસની સરકાર સીધી રીતે જવાબદાર છે. કુલકર્ણી આક્ષેપ કર્યો હતો કે, રાજ્યમાં કોંગ્રેસની સરકાર આવી છે ત્યારબાદ મુસ્લિમ સમાજના બદમાશો અને જેહાદી તત્ત્વોએ ગણપતિ વિસર્જનના સરઘસમાં અવરોધો ઊભા કર્યા છે. બે સ્થળ નાગમંગલા અને દાવણગેરે ખાતે આ ઘટનાઓ બની છે તે લોકો હવે પથ્થરમારો કરવાની હદે તો ઠીક પણ હવે તો પેટ્રોલ બોમ્બ પણ ફેંકવા લાગ્યા છે. નકામા બેકાર રાજકારણીઓને કારણે હિન્દુ સમાજને એમના તહેવારો મુક્તપણે ઉજવવા માટે રક્ષણ મળતું નથી. કુલકર્ણીએ ગૃહમંત્રી જી. પરમેશ્વરાના રાજીનામાની માગણી કરી હતી અને એવું આક્ષેપ કર્યો હતો કે, મુસ્લિમ ગુંડાઓને પ્રતિબંધિત પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાનું રક્ષણ છે અને એમની સાથે જ સંકળાયેલા છે એટલે મુસ્લિમ ગુંડાઓ ખુલ્લેઆમ કરી રહ્યા છે કે, અમારી એટલે કે કોંગ્રેસની સરકાર સત્તા પર છે એટલે હવેથી કોઈપણ ધાર્મિક સરઘસમાં આજે ગણપતિ વિસર્જનમાં આયોજકો વિનંતી કરશે તો શ્રી રામ સેને શસ્ત્રો સાથે સંરક્ષણ પ્રદાન કરશે અમારા ૫૦ સભ્યો તલવારો સાથે રાખીને હિન્દુઓનું રક્ષણ કરશે.

# દેહરાદૂન પ્રેસ ક્લબ ખાતે મંચ પરથી ધાર્મિક દ્વેષનો ફેલાવો : 'જેહાદીઓથી મહિલાઓને કેવી રીતે બચાવવી' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

(એજન્સી) તા.૨૪

દેહરાદૂન પ્રેસ ક્લબ ધાર્મિક નેતાઓના એક જૂથની આગેવાની હેઠળના એક કાર્યક્રમમાં ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ સાથે, મુસ્લિમો સામે હિંસા માટે ખુલ્લેઆમ આહ્‌વાન કરવામાં આવ્યું હતું. ન્યૂઝલોન્ડ્રીના અહેવાલ મુજબ મુખ્ય વક્તાઓમાંના એક, યતિ રામસ્વરૂપાનંદ ગિરીએ વિભાજનકારી અને ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું, જેના દ્વારા તેમણે હિંદુઓને તેમના પરિવારની મહિલાઓની સુરક્ષા કરવા માટે પોતાને સજ્જ કરવા વિનંતી કરી હતી. અહેવાલ મુજબ તેણે કહ્યું હતું કે, કુર્આન વાંચનાર અને માનનાર દરેક વ્યક્તિ આતંકવાદી છે. ઉશ્કેરણીજનક ભાષણોની વાત આવે ત્યારે આ ગુનેગાર રામસ્વરૂપાનંદે ૧૦ સપ્ટેમ્બરના કાર્યક્રમનો ઉપયોગ ભય અને નફરત માટે કર્યો હતો, જેમાં બાંગ્લાદેશમાં મહિલાઓ સામેની હિંસાની બનાવટી વાર્તાઓ સહિત મુસ્લિમો વિશેના ખોટા અને ભયાનક આરોપો કર્યા હતા. તેમણે ઉત્તરાખંડને 'ઈસ્લામ-મુક્ત' બનાવવાની રીતો પર ચર્ચા કરવાની પ્રતિજ્ઞા લઈને ડિસેમ્બરમાં આગામી 'વિશ્વ ધર્મ સંસદ'ની જાહેરાત કરી હતી. આ ઈવેન્ટના પ્રમોશનમાં ઉત્તરાખંડના મુખ્યપ્રધાન પુષ્કરસિંહ ધામી અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ જેવા અગ્રણી વ્યક્તિઓને ટેગ કરવા સાથે રામસ્વરૂપાનંદનું આમંત્રણ ૧૦ સપ્ટેમ્બરે સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યું હતું. આ ઘટનાના વીડિયો ઝડપથી ઓનલાઈન ફેલાઈ ગયા, જેના કારણે દલનવાલા પોલીસને સુઓમોટુ પગલાં લીધા હતા અને રામસ્વરૂપાનંદ અને સાથી મહંત ગિરી પર ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. અપ્રિય ભાષણના કેસોમાં તાત્કાલિક પગલાં લેવા માટે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા સાથે એફઆઈઆરની ઝડપી નોંધણી કરવામાં આવી હતી. તેમણે લોકોને આ પ્રકારની હાનિકારક સામગ્રી ઓનલાઈન શેર ન કરવા વિનંતી કરી હતી. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, આવી આત્યંતિકતાની હિમાયત કરતી આ ઘટનાને પ્રેસ ક્લબમાં પ્લેટફોર્મ કેવી રીતે મળ્યું ? ન્યૂઝલોન્ડ્રીના અહેવાલ મુજબ દેહરાદૂન પ્રેસ ક્લબના પ્રમુખ અજય રાણેએ સમજાવ્યું કે, હોલ જાહેર કાર્યક્રમો માટે ભાડાના ધોરણે ઉપલબ્ધ છે અને ક્લબ




સામાન્ય રીતે ઈવેન્ટ્સની સામગ્રીને સ્ક્રીન કરતી નથી. પ્રેસ ક્લબના એક સભ્યએ પણ ખુલાસો કર્યો હતો કે, પોલીસે કાર્યવાહી કર્યા પછી ક્લબમાં ભાષણો માટે શું કરવું અને શું ન કરવું' તેની રૂપરેખા આપતી નોટિસ પોસ્ટ કરવામાં આવી હતી. આ ટિપ્પણીઓ ગંભીર હોવા છતાં ઉપસ્થિત ઘણા પત્રકારોએ આ સંતોને પડકાર આપ્યો ન હતો. કેટલાક લોકોએ પ્રશ્ન કર્યો કે, તેઓ શા માટે બેરોજગારી જેવા અન્ય મુદ્દાઓ પર ધ્યાન આપતા નથી. નીતિન સેઠી જેવા અગ્રણી પત્રકારોએ આઘાત અને આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, દેહરાદૂન પ્રેસ ક્લબમાં આવા દ્વેષપૂર્ણ ભાષણની મંજૂરી આપવામાં આવી હતી. તેમણે નોંધ્યું હતું કે, આ ઘટના ઉત્તરાખંડમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણની પેટર્નનો એક ભાગ હતો, જે મુશ્કેલીજનક વલણ છે. નફરત ફેલાવનારને આ રીતે જાહેર મંચનો દુરૂપયોગ કરવાની મંજૂરી આપવી એ ગુનો કરવા સમાન છે. સ્થાનિક પાક્ષિક નૈનીતાલ સમાચારના મુખ્ય સંપાદકે તેનો સામનો કરવા માટે પત્રકારોને વધુ સક્રિય ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. આ ઘટના ધાર્મિક કટ્ટરતાના વધતા વલણને પ્રકાશિત કરે છે જે જાહેર મંચો પરથી થાય છે અને દેહરાદૂન પ્રેસ ક્લબ જેવી સંસ્થાઓની તેમની જગ્યાઓને નફરત ફેલાવવા માટે ઉપયોગમાં લેવાતી અટકાવવામાં નિષ્ફળતા દર્શાવે છે. કાયદાકીય પગલાં લેવાયા હોવા છતાં ઉત્તરાખંડ અને સમગ્ર દેશમાં આવી ઘટનાઓ સતત બની રહી છે જે ગંભીર પરિસ્થિતિનો સંકેત આપે છે.

# ભાજપે યુવાનો સાથે ગંભીર અન્યાય કર્યો છે, રાહુલ ગાંધીનો આક્ષેપ

## કોંગ્રેસ નેતા કહે છે મારી અમેરિકાની મુલાકાત દરમિયાન હું હરિયાણાના એવા યુવાનોને મળ્યો જેઓ વિદેશમાં રહીને સંઘર્ષ કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ એવો આક્ષેપ કર્યો હતો કે હરિયાણા સહિતના દેશના યુવાનો સાથે ભાજપે ગંભીર અન્યાય કર્યો છે એમની રોજગારીની તકો છીનવી લેવામાં આવી હોવાથી એમને પ્રદેશમાં જઈને પીળાદાયક મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. તાજેતરમાં અમેરિકામાં હરિયાણાના કેટલાક યુવાનો અને વસાહતીઓ સાથેની એમની વાતચીતનો વીડિયો સોશિયલ મીડિયા પર મૂક્યો હતો એ વખતે તેમણે ઉપર મુજબ ટકોર કરી હતી અને કહ્યું હતું કે હરિયાણાને યુવાનોને હું મળ્યો જે વિદેશની ધરતી પર સંઘર્ષ કરી રહ્યા છે એમણે હોટલમાં બેકારી હોવાની વાત કરી હતી અને એ યુવાનોએ મને કહ્યું હતું કે વતનમાં રોજગારી મળતી ન હોવાથી અમેરિકા આવવાની ફરજ પડી છે અને અહીં અમે સંઘર્ષ કરી રહ્યા છીએ. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે હરિયાણાના યુવાનો ડંકી કેમ થઈ ગયા છે ? ગેરકાનૂની રીતે વિદેશ જવા માંગતા વસાહતીઓ માટે ડંકી શબ્દ વાપરવામાં આવે છે. રાજકુમાર હીરાણીની શાહરૂખ ખાનના અભિનય વાળી ૨૦૨૩ માં આવેલી એક ફિલ્મમાં આ લોકપ્રિય બની ગયેલા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં આવી ટેકનીકથી વિદેશ જવાનો પ્રયાસ કરતા લોકોને ડોક્રી ફલાઈટમાં જતા હોવાનું ઉપનામ આપવામાં આવે છે. રાહુલે ટ્વિટ કર્યું હતું કે ભાજપે ફેલાવેલી બેરોજગારીની



બીમારીની લાખો પરિવારો કિંમત ચૂકવી રહ્યા છે અને એમના વહાલાઓથી એમને વિખુટા થઈ જવું પડી રહ્યું છે. મારી અમેરિકાની મુલાકાત દરમિયાન હું હરિયાણાના એવા કેટલાક યુવાનોને મળ્યો છું જેવો વિદેશની ધરતી પર તેમના પરિવારથી દૂર રહીને સંઘર્ષ કરી રહ્યા છે. વતન પરત આવીને હું જ્યારે એમના પરિવારોને મળ્યો ત્યારે એમની આંખોમાં દર્દ ઉભરાઈ આવ્યું મેં જોયું. તક મળતી ન હોવાથી એમના સંતાનો પિતા પાસેથી મળતા ટેકાથી વંચિત થઈ જાય છે અને વયસ્ક નાગરિકો પાસેથી વૃદ્ધાવસ્થામાં મળતો સમર્થન પણ ખુચવાઈ જાય છે. છેલ્લા દસ વર્ષમાં ભાજપે રોજગારીની તક છીનવી લઈને હરિયાણા સહિત દેશના યુવાનો સાથે ગંભીર અન્યાય કર્યો છે. તૂટી ગયેલા વિશ્વાસ અને હારી ગયેલા માનસ સાથે દેશના યુવાનોને પીળાદાયક વિદેશી સફર કરવી પડે છે. તાના દેશમાં પોતાના વહાલા સ્વજનોની વચ્ચે રહીને કમાવાની તક મળતી નથી અને રોજગારી મળતી નથી એટલા માટે પક્ષીઓ એમના માળા છોડીને જઈ રહ્યા છે જો એવું ન હોય તો કદી તેવો વતન ન છોડે. રાહુલ ગાંધીએ હૈયાધારણા આપી હતી કે જો કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવશે તો તુરંત જ હરિયાણામાં એવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે જેથી કરીને યુવાનો તેમના વહાલાઓથી વિખુટા ન પડે અને એમના સપના સાકાર કરવા માટે એમને દેશ છોડવો ન પડે. વીડિયોમાં રાહુલ ગાંધી અમેરિકામાં રહેતા હરિયાણાના યુવાનો સાથે વાતચીત કરતા અને એમની વાત સાંભળતા દેખાય છે. આ વખતે એમની સાથે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા પણ દેખાય છે. યુવાનોએ અમને કહ્યું કે અમને સૌથી મોટો ભાઈએ છે કે અમને પાછા વતન મોકલી દેવામાં આવશે પણ બેરોજગારીને કારણે જ અને સારા જીવનની તલાશમાં અમે ઘર છોડીને અહીં આવ્યા છીએ. અમેરિકામાં માર્ગ અકસ્માતમાં ગવાયેલા એક વસાહતીના પરિવારોને પણ મળવા માટે રાહુલ પહોંચ્યા હતા અને એ પરિવારે પણ એમના વહાલા અમારાથી વિખુટા પડી ગયા હોવાની પીડા વ્યક્ત કરી હતી. શુક્રવારે રાહુલ ગાંધીએ હરિયાણાના કરનાલ જિલ્લાના એક ગામની મુલાકાત લીધી હતી અને જે યુવાન અમેરિકામાં ગવાયો હતો તેના પરિવાર સાથે વાતચીત કરી હતી અને મુલાકાત કરી હતી અને એમને હૈયાધારના અને દિલાસા આપ્યા હતા.

# હું હંમેશા દીદીની સાથે રહીશ; તિહાર જેલમાંથી પાછા ફર્યા બાદ તૃણમૂલના નેતા અનુવ્રતા મોંડલનું વિધાન

## સૂત્રો જણાવે છે કે મમતા બેનરજી પૂર પરિસ્થિતિના મૂલ્યાંકન માટે અને બેઠક માટે બોલપુર જવાના છે ત્યારે એમના નજીકના સાથી ગણાતા મોંડલની સાથે મુલાકાત કરે તેવી શક્યતા

(એજન્સી) કોલકાતા, તા.૨૪

ટીએમસીના નેતા અનુબ્રત મોડલ અને એમના દીકરી સુકન્યા મંડળ એમના વતન બિરભૂમ આવી પહોંચ્યા હતા. અનુ વ્રત મંડલને પશ્ચિમ બંગાળ ઢોરની દાળ ચોરીના કૌભાંડને લગતા નાણાકીય હેરફેરના કેસમાં તિહાર જેલમાં રાખવામાં આવ્યા હતા અને નિયમિત જામીન મળતા તેઓનો આજે છુટકારો થયો હતો અને પશ્ચિમ બંગાળ પરત ફર્યા હતા. આ પ્રસંગે આવતા વેંત ત ટીએમસી ના નેતા અને મારથી ગણાતા તથા મમતાની ખૂબ જ નજીક ગણાતા અનુબ્રતે જણાવ્યું હતું કે હું હંમેશા દીદીની સાથે રહીશ. સંખ્યાબંધ કેસો હોવાથી તેઓ બે વર્ષથી ઈતિહાસ જેલમાં બંધ હતા તેમણે જેલમાંથી આવ્યા બાદ સુરત જ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ટી એમ સી ન સર્વે સરવા નેતા અને મુખ્યમંત્રી મમતા બેનર્જીને મારો અડીખમ ટેકો છે. ટેકેદારોએ શંખ વગાડીને અને ઢોલ નગારા સાથે તથા ગુલાલ ઉડાડીને એમનું સ્વાગત કર્યું હતું. પોતાના નિવાસ પાસે પત્રકારો સાથે વાતચીત કરતા અનુબ્રત મોડલે જણાવ્યું હતું કે હું દીદીની સાથે હતો અને હંમેશા રહીશ હું દુર્ગા પૂજાની શુભેચ્છા



દીદીને પાઠવું છું. અત્યારે મારી તબિયત સારી નથી પગમાં અને કમરમાં દુખાવો છે. સૂત્રોએ છે કે મમતા એમના ગાઢ સાથી ગણાતા અને ટીએમસીના દિગ્ગજ નેતા મનાતા અનુ વતને મળવા માટે સમય આપે તેવી શક્યતા છે. મમતા હંમેશા અનુ વ્રત મોડેલને તેમના હુલામણા નામ કેસ્ટોથી બોલાવે છે. ટીએમસી નેતાના સ્વાગત માટે થયેલ ઠેર રોશની કરવામાં આવી હતી અને બોલપુર શહેરમાં દરેક મહત્વના ચોકમાં મોટા મોટા વોર્ડિંગ મૂકવામાં આવ્યા હતા અને એમને આવકાર આપતા લેખ સાથેના પોસ્ટર લગાડવામાં આવ્યા હતા જેથી તેમને લાગે કે લોકોને એમની ખોટ સાલી રહી હતી. અત્યારે સીબીઆઇ અને ઈડી દ્વારા અનુબ્રત અને એમની દીકરી સામે જમીનના સોદા તેમજ મિલકતો અને અન્ય ધંધાકીય બાબતો અંગે તપાસ ચાલી રહી છે. ૨૦મી સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટે એમને જામીન આપ્યા હતા. તેમની દીકરી સુકન્યાને દિલ્હી કોર્ટે ૧૦ મી સપ્ટેમ્બરે જામીન આપ્યા હતા.

# મિલકતોનું ગેરકાયદેસર બુલડોઝિંગ : મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પીડિતોએ સુપ્રીમ કોર્ટમાં હસ્તક્ષેપ માટે અરજી દાખલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટમાં જમિયત ઉલેમા-એ-હિંદ (JUH) દ્વારા ડિમોલિશન કેસમાં અનેક હસ્તક્ષેપ કરનારાઓમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનના બે ડિમોલિશન પીડિતો સામેલ છે. આ કેસની સુનાવણી બે જજની બેંચ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં બી.આર. ગવઇ અને કે.વી. વિશ્વનાથન સામેલ છે. ખંડપીઠે ૧ ઓકટોબર, ૨૦૨૪ સુધી સમગ્ર દેશમાં તમામ ડિમોલિશન પર સ્ટે આપ્યો છે અને આદેશ આપ્યો છે કે, તેની પૂર્વ મંજૂરી વિના કોઈપણ ડિમોલિશન કરવામાં આવશે નહીં. MPના પીડિત રતલામ જિલ્લાના જૌરા શહેરના મોહમ્મદ હુસૈન છે અને રાજસ્થાનના ઉદયપુરના રાશિદ ખાન છે. વરિષ્ઠ વકીલ સી.યુ. સિંઘ મોહમ્મદ હુસૈનનું પ્રતિનિધિત્વ કરે છે અને એડવોકેટ ફૌઝિયા શકીલ સુપ્રીમ કોર્ટમાં રાશિદ ખાનનું પ્રતિનિધિત્વ કરે છે. આ અરજીઓના આધારે સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને મધ્યપ્રદેશની રાજ્ય સરકારોને નોટિસ જારી કરી હતી. આ બંને પીડિતોએ રજૂઆત કરી હતી કે, રાજ્ય સત્તાવાળાઓ દ્વારા તેમના ઘરોને ગેરકાયદેસર રીતે બુલડોઝ કરવામાં આવ્યા હતા. તેઓએ દાવો કર્યો હતો કે, સ્થાનિક અધિકારીઓની ક્રિયાઓ મનસ્વી અને શિક્ષાત્મક હતી. મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના જૌરાના મજૂર મોહમ્મદ હુસૈનનું ઘર તેના પુત્ર પરના આરોપોના આધારે આંશિક રીતે તોડી પાડવામાં આવ્યું હતું. હુસૈને સુપ્રીમ કોર્ટને મનસ્વી ક્રિયાઓની ન્યાયિક તપાસનો આદેશ આપવા, સત્તાવાળાઓને તેના પુનઃ નિર્માણ માટે નિર્દેશ આપવા વિનંતી કરી હતી. ઘરના નુકસાન માટે તેને વળતર આપવા અને ગેરકાયદેસર ડિમોલિશનમાં સામેલ અધિકારીઓને સજા કરવા વિનંતી કરી છે. હુસૈને રજૂઆત કરી હતી કે, તે તેની માતા સાથે મિલકતનો સહ-માલિક છે. ૩૬ ફૂટ બાય ૮ ફૂટના આવાસમાં ભોંયતળિયે એક ઓરડો, એક રસોડું, એક શૌચાલય, બાથરૂમ અને ઉપરના માળે વિશાળ હોલનો સમાવેશ થાય છે. તેની બાજુમાં ૮ ફૂટ બાય ૬ ફૂટની નાની દુકાન હતી. આ મિલકતનો ઈતિહાસ પાંચ જાન્યુઆરી, ૧૯૯૦નો છે, જ્યારે હુસૈનના દાદા નૂર મોહમ્મદે ગિફ્ટ ડીડ દ્વારા તેમના પાંચ પુત્રો વચ્ચે ૧૬૦૦ ચોરસ ફૂટની મિલકત સમાનરૂપે વહેંચી હતી. હુસૈનના પિતા બુલબુલને તે ભાગ વારસામાં મળ્યો હતો જ્યાં ઘર અને દુકાન હતી. ૧૩-૧૪ જૂન, ૨૦૨૪ના રોજ ફાટી નીકળેલા સાંપ્રદાયિક તણાવને પગલે સત્તાવાળાઓ દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું, જૌરામાં સ્થાનિક મંદિરના પરિસરમાંથી એક કપાયેલ બોવાઇનનું માથું મળી આવ્યું હતું. આ ઘટનાને કારણે જમણેરી જૂથો દ્વારા વિરોધ થયો, જેમણે આરોપીઓની ધરપકડ અને તેમના ઘરો તોડી પાડવાની માંગ કરી. ૧૪મી જૂને પોલીસે બે મુસ્લિમ પુરૂષોની ધરપકડ કરી હતી અને હુસૈનના પુત્ર સલમાન મેવતી સહિત ચાર આરોપીઓ સામે એફઆઈઆર નોંધી હતી. હુસૈનના પ્રયાસો અને સ્થાનિક અદાલત દ્વારા તેની તરફેણમાં આપવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમ છતાં જિલ્લા વહીવટીતંત્રે ૧૪ જૂનના રોજ આશરે ૧૦ ફૂટનું માળખું આંશિક રીતે તોડી પાડ્યું હતું. હુસૈન જણાવે છે કે, તેણે અધિકારીઓને સંબંધિત દસ્તાવેજો રજૂ કર્યા હતા, પરંતુ તેઓએ તેની અવગણના કરી અને તોડી પાડવાની પ્રક્રિયા આગળ ધપાવી અને તેને અને તેના પરિવારને સંબંધીઓ પાસે આશ્રય લેવાની ફરજ



પડી છે. તે દાવો કરે છે કે, તેને મિલકતની કથિત ગેરકાયદેસરતા અંગે કોઈ ઔપચારિક નોટિસ જારી કરવામાં આવી ન હતી. હુસૈને સર્વોચ્ચ અદાલતને વિનંતી કરી છે કે, તેઓ મનસ્વી કાર્યવાહીની ન્યાયિક તપાસનો આદેશ આપે, સત્તાવાળાઓને માળખું પુનઃ નિર્માણ કરવા, તેના નુકસાન માટે તેને વળતર આપવા અને ગેરકાયદેસર ડિમોલિશનમાં સામેલ અધિકારીઓને સજા કરવાનો આદેશ આપે. રાશિદ ખાને પોતાની મિલકત ભાડે આપી હતી. ફોજદારી કેસમાં તેના ભાડૂતના પુત્રની સંડોવણીને કારણે તેને બદલો લેવાની કાર્યવાહી તરીકે તોડી પાડવામાં આવી હતી. રાશિદ ખાન વ્યવસાયે ઓટો ડ્રાઈવર છે. ખાને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ઉદયપુરના પટેલ સર્કલના દીવાન શાહ કોલોનીમાં એક માળનું મકાન રૂા.૧૬.૫ લાખમાં ખરીદ્યું હતું. ચાર રૂમ, એક રસોડું, બાથરૂમ અને એક નાની દુકાન ધરાવતી મિલકત બે ભાડૂતોને ભાડે આપવામાં આવી હતી. આ ભાડૂતોમાંથી એક સલીમ શેખ તેના પરિવાર સાથે ત્યાં રહેતો હતો, જેમાં એક વિકલાંગ પુત્રીનો પણ સમાવેશ થતો હતો. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સલીમ શેખના ૧૬ વર્ષીય પુત્રએ ઉદયપુરમાં શાળામાં વિવાદ દરમિયાન કથિત રીતે સહાધ્યાયીને છરો માર્યો હતો ત્યારે સત્તાવાળાઓ દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. આના પગલે જમણેરી સંગઠનો અને ભાજપના સ્થાનિક ધારાસભ્યએ 'બુલડોઝર કાર્યવાહી' માટે હાકલ કરી. ૧૭ ઓગસ્ટની સવારે પોલીસે ખાનની મિલકતની મુલાકાત લીધી અને ભાડૂતોને ખાલી કરવાનો નિર્દેશ આપ્યો. મિલકત પર બે નોટિસ ચોંટાડવામાં આવી હતી : એક ઉદયપુર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી અને બીજી પ્રાદેશિક વન અધિકારી, ઉદયપુર પશ્ચિમ તરફથી, ૨૪ કલાકની શો-કોઝ નોટિસ અને કથિત અતિક્રમણ દૂર કરવા માટે ૨૦ ઓગસ્ટ સુધીનો સમય આપવામાં આવ્યો હતો. તેમની અરજીમાં ખાને જણાવ્યું છે કે, રાજસ્થાન મ્યુનિસિપાલિટી એક્ટ ૨૦૦૯ની જોગવાઈઓ તેમના કેસ પર લાગુ પડતી નથી કારણ કે, બાંધકામ ૪૦ વર્ષથી વધુ જૂનું છે. તે એ પણ નિર્દેશ કરે છે કે, સત્તાવાળાઓએ તેમની પોતાની સૂચનાઓ અને વૈધાનિક જોગવાઈઓ વિરુદ્ધ કાર્ય કર્યું હતું.

# મલયાલમ એક્ટર સિદ્દીકની આગોતરા જામીન અરજી ફગાવી દેતી કેરાલા હાઈકોર્ટ

## ફરિયાદી દ્વારા ૨૦૧૯થી ખોટા આક્ષેપો કરીને અને સતત સતામણીની ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાની અભિનેતા સિદ્દીકે અરજીમાં રજૂઆત કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

મલયાલમ ફિલ્મોનો જાણીતા અભિનેતા સિદ્દીકની આગોતરા જામીન અરજી આજે કેરાલા હાઈકોર્ટે ફગાવી દીધી હતી. કેરાલાની જ એક અભિનેત્રીએ સિદ્દીક પર દુષ્કર્મ કર્યાનો કેસ દાખલ કર્યો છે. જસ્ટિસ સીએસ દેસાઈએ અરજી કાઢી નાખી હતી જોકે અદાલતના પૂરેપૂરા આદેશની વિગતો હજુ જાહેર થઈ નથી. અભિનેતા પર કલમ ૩૭૬ અને ૫૦૬ મુજબ ફરિયાદ કરવામાં આવી છે તેમણે પોતાની આગોતરા જામીન અરજીમાં એવી રજૂઆત કરી હતી કે પોતાના પર કેસ કરનાર અભિનેત્રી ૨૦૧૯થી પોતાની સામે ખોટા અક્ષેપો કરીને અને લાંબી



હેરાનગતિની ઝુંબેશ ચલાવી રહી છે. અરજીમાં અભિનેતાએ એવો દાવો પણ કર્યો હતો કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આ અભિનેત્રી દ્વારા વારંવાર પાયા વગરના આક્ષેપો કરવામાં આવ્યા છે અને મારા પર જાતીય સતામણીના અને ગેરવર્તનના આરોપ મૂક્યા છે અને ૨૦૧૬માં પણ એક થિયેટરમાં મેં તેની પાસે જાતીય સમાગમની માંગણી કરી હોવાના પણ મારો મારા પર આરોપ મૂક્યા છે. અભિનેત્રી દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યા બાદ મલયાલમ મુવી આર્ટિસ્ટ સંઘના મહામંત્રી પદેથી સિદ્દીકે સુરત જ રાજીનામું આપી દીધું હતું. કેરાલા સરકારે મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં જાતીય શોષણ અંગેના જે આરોપો થયા છે તેની તપાસ કરવા માટે ખાસ સમિતિ પણ રચી છે અને તેના રિપોર્ટમાં પણ સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે મલયાલમ સિનેમા ઉદ્યોગમાં મહિલા કલાકારોની હેરાનગતિ થાય છે અને એમનું જાતીય શોષણ કરવામાં આવી રહ્યું છે.

# UNRWA : ગાઝાના લોકોને જરૂરી શિયાળાનો પુરવઠો લાવવામાં અમને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે

(એજન્સી) તા.૨૪

યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (યુએનઆરડબ્લ્યુએ)એ જણાવ્યું કે તે ગાઝા પટ્ટીના લોકોને પ્લાસ્ટિકની ચાદર, તંબુ, ગાદલા, ધાબળા અને અન્ય મૂળભૂત પુરવઠો સહિત તાત્કાલિક શિયાળાની જરૂરી ચીજવસ્તુઓ પૂરી પાડવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. UNRWAએ સોમવારે એક અખબારી નિવેદનમાં જણાવ્યું કે તે અને અન્ય માનવતાવાદી સંગઠનો ગાઝા પટ્ટીમાં આ પુરવઠો લાવવામાં નોંધપાત્ર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, અને જણાવ્યું કે એકવાર આ પુરવઠો આવી જશે, તે તરત જ જરૂરિયાત મંદોને આપવામાં આવશે. UNRWAએ ઘરો અને આશ્રયસ્થાનોના વિનાશને તાત્કાલિક રોકવા માટે માંગ કરી, અને ગાઝા પટ્ટીમાં વધુ ક્રોસિંગ ખોલવા માટે માંગ કરી, જેથી માનવતાવાદી એજન્સીઓ હજારો પરિવારોને મૂળભૂત પુરવઠો પહોંચાડી શકે. UNRWAએ સહાયની સલામત અને ટકાઉ ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક યુદ્ધવિરામની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો અને પરિવારોને સલામતી સાથે તેમનું જીવન ફરી શરૂ કરવાની તક આપવા માટે પરવાનગી આપી હતી.





ઈઝરાયેલ ગાઝા પર વિનાશક યુદ્ધ ચલાવી રહ્યું છે, જેણે લગભગ ૧,૩૫,૦૦૦ પેલેસ્ટીનીઓને માર્યા અને ઘાયલ કર્યા છે, જેમાંથી મોટા ભાગના બાળકો અને સ્ત્રીઓ છે. વિશ્વની સૌથી ખરાબ માનવતાવાદી કટોકટીમાંથી એકમાં, વિશાળ વિનાશ અને દુષ્કાળ વચ્ચે ૧૦,૦૦૦ થી વધુ લોકો ગુમ થયા છે જેણે ડઝનેક લોકોના જીવ લીધા છે.

# BKU નેતા રાકેશ ટિકૈત એમપીમાં ખેડૂતોના વિરોધમાં જોડાયા, ઉચ્ચ MSPની માંગ કરી

## BKU નેતાએ કેન્દ્રીય સાંસદના નર્મદાપુરમ જિલ્લાના સિઓની માલવા વિસ્તારમાં તવા કોલોનીથી કૃષિ ઉત્પાદન મંડી (બે કિમી અંતર) સુધી ખેડૂતોની ટ્રેક્ટર રેલીનું નેતૃત્વ કર્યું હતું

(એઝન્સી) ભોપાલ, તા.૨૪

ભારતીય કિસાન યુનિયન (BKU)ના નેતા રાકેશ ટિકૈત, જે ત્રણ કૃષિ કાયદાઓને રદ કરવા માટે દિલ્હીમાં ૨૦૨૦-૨૧ના ખેડૂતોના આંદોલનનો અગ્રણી ચહેરો છે, તે હવે સોયાબીન, ઘઉં અને ડાંગર પર MSP વધારવા માટે મધ્ય પ્રદેશમાં ખેડૂતોના આંદોલનમાં જોડાયા છે. BKU નેતાએ કેન્દ્રીય સાંસદના નર્મદાપુરમ જિલ્લાના સિઓની માલવા વિસ્તારમાં તવા કોલોનીથી કૃષિ ઉત્પાદન મંડી (બે કિમી અંતર) સુધી ખેડૂતોની ટ્રેક્ટર રેલીનું નેતૃત્વ કર્યું હતું. ટિકૈત અને સમર્થકોએ મોટા પાયે ધરણાનું આયોજન કર્યું હતું, વહીવટીતંત્ર-પોલીસે તેમને પરવાનગી વિના રેલી કાઢવાથી રોક્યા હતા, ત્યારે સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસે ખેડૂતોના નેતાના આશ્ચર્ય વચ્ચે રેલીને મંડીમાં જવા દીધી હતી અને રેલી ટિકૈત દ્વારા સંબોધિત ખેડૂતોના મેળાવડામાં ફેરવાઈ ગયા. ટિકૈતે ખેડૂતોની સભાને સંબોધતા કહ્યું "સરકારે અમારી વાત સાંભળી તે પહેલાં અમે દિલ્હીમાં ૧૩ મહિના સુધી લડ્યા. અમે અહીં લાંબી લડાઈ માટે તૈયાર હતા, પરંતુ સ્થાનિક વહીવટીતંત્રે સમજદારી બતાવી અને



અમને મંડીમાં જવાની અને અમારો વિરોધ કરવાની મંજૂરી આપી." ટિકૈતે ઉમેર્યું ,'હંમેશા યાદ રાખો કે સત્તાવાળાઓ ખેડૂતોના દુશ્મન નથી, તેના બદલે તેઓ એક ચેનલ છે જેના દ્વારા ખેડૂતોની માંગણીઓ રાજ્ય સરકાર અને પછી કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે, કારણ કે MSP પર નિર્ણય માત્ર કેન્દ્ર દ્વારા લેવામાં આવે છે.," એવા સમયે જ્યારે વિપક્ષ કોંગ્રેસ તેની રાજ્યવ્યાપી કિસાન ન્યાય યાત્રા સાથે સોયાબીન પર એમએસપી વર્તમાન રૂ.૪,૮૯૨થી વધારીને રૂ.૬,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ કરવાની અને ઘઉં અને ડાંગર પર એમએસપી વધારવાની માંગને લઈને ખેડૂતોના હિત માટે જોરશોરથી વિરોધ કરી રહી છે. ટિકૈતે ખેડૂતોને ખાતરી કરવા કહ્યું કે એમપીમાં તેમનું આંદોલન બિન-રાજકીય રહેશે. ટિકૈતે કહ્યું ,"તમારા મંચ અને માઈક (સ્ટેજ અને માઈક)ને રાજકારણીઓથી દૂર રાખો. શાસક પક્ષના રાજકારણી હોય કે વિપક્ષી પક્ષમાંથી કોઈ હોય, તેમને તમારા સ્ટેજ પર બેસવા અને માઈક પકડવાની મંજૂરી આપશો નહીં,". તેમણે ઉમેર્યું, " એવા તત્ત્વો વિશે હંમેશા સાવધાન રહો કે જેઓ તમારી ભીડમાં ઘૂસી શકે છે અને તમને હિંસા કરવા માટે ઉશ્કેરે છે. તમારૂં આંદોલન અહિંસક હોવું જોઈએ, ". વિરોધ કરી રહેલા ખેડૂતો સામે પગલાં લેવાનો પ્રયાસ ન કરવા MP સરકારને ચેતવણી આપતાં ટિકૈતે કહ્યું, "ખેડૂતો ક્યારેય હારશે નહીં, કારણ કે જો ખેડૂત હારી જશે, તો દેશ ભૂખે મરી જશે. ખેડૂતો તેમની જમીન અને પાક માટે લડતા રહેશે. ટિકૈત, જે જાટ સમુદાયના છે, ભૂતકાળમાં પણ એમપીના નર્મદાપુરમ જિલ્લાના સિઓની માલવા પ્રદેશની મુલાકાત લઈ ચૂક્યા છે. આ પ્રદેશમાં જાટ સમુદાયનો નોંધપાત્ર વિસ્તાર છે. સિવની માલવા સહિત સમગ્ર નર્મદાપુરમ જિલ્લો દાયકાઓથી સત્તારૂઢ ભાજપનો ગઢ રહ્યો છે.

# યુપી ક્રાઈમ : ઈઝરાયેલી બનાવટના મશીનનો ઉપયોગ કરીને ૨૫ વર્ષની વય સુધી કાયાકલ્પના ખોટા વચન સાથે ૬૫ વર્ષની વયના વૃદ્ધ દંપતી સાથે રૂા. ૩૫ કરોડની છેતરપિંડી

## દંપતીએ કથિત બે રોકાણ યોજનાઓ રજૂ કરી હતી, એકની કિંમત રૂા.૬,૦૦૦ અને બીજી રૂા.૯૦,૦૦૦ અને એવું કહેવામાં આવ્યું હતું કે, ભંડોળનો ઉપયોગ ઈઝરાયેલ પાસેથી રૂા.૨૫ કરોડમાં કાયાકલ્પ મશીન ખરીદવા માટે કરવામાં આવશે

(એજન્સી) તા.૨૪

કાનપુરમાં છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં સ્વરૂપ નગરના એક દંપતીએ ઈઝરાયેલમાં બનાવેલા મશીનનો ઉપયોગ કરીને ૬૫ વર્ષના વૃદ્ધોને ફરીથી ૨૫ વર્ષના દેખાડવાનું વચન આપીને લગભગ રૂા.૩૫ કરોડની છેતરપિંડી કરી હતી. આરોપી રાજીવ કુમાર અને તેની પત્ની રશ્મિ દુબેએ આ કૌભાંડને અંજામ આપવા માટે સાકેત નગરમાં 'રિવાઈવલ વર્ડ' નામની સંસ્થા શરૂ કરી હતી. પીડિતા, રેણુ સિંહ ચંદેલના જણાવ્યા અનુસાર, દંપતીએ લોકોને ખાતરી આપી હતી કે ઈઝરાયેલના વૈજ્ઞાનિકોએ ૬૪ અને તેથી વધુ ઉંમરના ૩૫ વૃદ્ધોને પાંચ દિવસ સુધી દબાણયુક્ત ચેમ્બરમાં શુદ્ધ ઓક્સિજન આપીને સફળતાપૂર્વક પુનઃયુવા કર્યા છે. તેઓએ દાવો કર્યો હતો કે આ પ્રક્રિયાથી તેઓ ત્રણ મહિનામાં ૨૫ વર્ષના યુવાન જેવા દેખાયા હતા. આ દંપતીએ કથિત રીતે બે રોકાણ યોજનાઓ રજૂ કરી હતી, એકની કિંમત રૂા.૬,૦૦૦ અને બીજી રૂા.૯૦,૦૦૦એ બહાનું હેઠળ કે ભંડોળનો ઉપયોગ ઈઝરાયેલ પાસેથી રૂા.૨૫ કરોડમાં કાયાકલ્પ મશીન ખરીદવા માટે કરવામાં આવશે. વધુમાં, તેઓએ યોજનામાં અન્ય લોકોની ભરતી કરનારાઓ માટે આકર્ષક પુરસ્કારોનું વચન આપ્યું હતું, જેમ કે, જેઓ ૫૦ નવા ID પ્રદાન કરશે તેમને ગિફ્ટ હેમ્પર્સ આપવામાં આવશે. સ્વરૂપ નગરની રહેવાસી રેણુ સિંહે જણાવ્યું હતું કે તેણે ૧૫૦ ID માટે રૂા.૯ લાખ અને બિઝનેસને વિસ્તારવા માટે અન્ય રૂા.૩.૫ લાખનું રોકાણ કર્યું હતું. દંપતીએ શરૂઆતમાં તેમને એક વર્ષમાં રૂા.૩.૫ લાખ અને રૂા.૨.૧ લાખ પરત





કરવાનું વચન આપ્યું હતું, પરંતુ એક વર્ષ પછી તેઓએ માત્ર રૂા.૧.૭૫ લાખ પરત કર્યા. જ્યારે બાકીની રકમ વિશે પૂછવામાં આવ્યું ત્યારે દંપતીએ તેમને ખાતરી આપી કે પ્લાન્ટ ટૂંક સમયમાં કાર્યરત થશે. સમય જતાં, તે સ્પષ્ટ થયું કે દંપતીએ ખોટા બહાના હેઠળ વિવિધ વ્યક્તિઓ પાસેથી લગભગ રૂા.૩૫ કરોડ લીધા હતા. રેણુએ કૌભાંડના માપદંડને સમજ્યા બાદ પોલીસ કમિશનર અખિલ કુમારને ફરિયાદ કરી. કિડવાઈ નગર પોલીસે હવે કમિશનરના આદેશ પર રિપોર્ટ નોંધ્યો છે, જેની તપાસ ચાલી રહી છે. અહેવાલો સૂચવે છે કે આ દંપતીએ ઘણા પીડિતો સાથે છેતરપિંડી કરીને વિદેશ ભાગી જવાની યોજના બનાવી હોય શકે છે. તપાસ આગળ વધવાની સાથે સત્તાવાળાઓ અન્ય લોકોને વિનંતી કરી રહ્યા છે કે જેમની સાથે આ દંપતી દ્વારા સમાન રીતે છેતરપિંડી કરવામાં આવી હોય તેઓ ફરિયાદ કરવા આગળ આવે.

# એશિયામાં ભારતની શક્તિ અને સ્થિતિ વધુ મજબૂત થઈ વધી રહી છે, ચીન-અમેરિકા પછી બીજા સ્થાને : લોવી ઈન્સ્ટિટ્યૂટનો રિપોર્ટ

(એજન્સી) તા.૨૪

એશિયન જિયોપોલિટિક્સના સંદર્ભમાં, નોંધપાત્ર પરિવર્તન ચાલી રહ્યું છે. લાંબા સમયથી સંભવિત મહાસત્તા તરીકે ઓળખાતું ભારત, આખરે પ્રાદેશિક મંચ પર તેની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. સિડની સ્થિત લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બહાર પાડવામાં આવેલ નવીનતમ એશિયા પાવર ઈન્ડેક્સમાં લશ્કરી ક્ષમતા, રાજદ્વારી અને સાંસ્કૃતિક પ્રભાવ સાથેના સમાવિષ્ટ રેન્કિંગમાં, યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન પછી ભારત ત્રીજા સ્થાને છે. લોવી ઈન્સ્ટિટ્યૂટનો આ અહેવાલ એશિયામાં વ્યાપક શક્તિની ગતિશીલતાને રેખાંકિત કરે છે, તેમાં નોંધ્યું છે કે આ પ્રદેશમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીનનું વર્ચસ્વ છે. ચીનની સતત આર્થિક અને લશ્કરી વૃદ્ધિ સાથે તેની



## લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા એશિયા પાવર ઈન્ડેક્સમાં ભારતે ત્રીજું સ્થાન મેળવ્યું છે અને એશિયન જિયોપોલિટિક્સમાં ભારત મુખ્ય સત્તા તરીકે આગળ વધી રહ્યું છે. આ રિપોર્ટમાં ભારતના વધતા જતા રાજદ્વારી પ્રભાવ અને આર્થિક પુનરુત્થાન પર પ્રકાશ પાડવામાં આવ્યો છે પરંતુ આર્થિક સંબંધો અને સંરક્ષણ નેટવર્કમાં પડકારોની નોંધ પણ લેવામાં આવી છે. ભારતમાં ભવિષ્યના વિકાસની નોંધપાત્ર સંભાવનાઓ છે


શક્તિ ઉચ્ચ સ્તરીય છે, પણ ધીમી આર્થિક વૃદ્ધિ અને લાંબા ગાળાના માળખાકીય પડકારોને કારણે તે ધીમું પડી ગયું છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ચીનની શક્તિ ન તો વધી રહી છે કે ન તો ઘટી રહી છે, ચીનનો આર્થિક દબદબો, હજુ પણ કમાન્ડિંગ હોવા છતાં, હવે વધી રહ્યો નથી. તેનાથી વિપરિત, યુનાઈટેડ સ્ટેટ્સ આ રિપોર્ટમાં વિશ્લેષણ કરવામાં આવેલા સત્તાના આઠ વ્યાપક પગલાંમાંથી છમાં આગળ છે. જો કે, નિષ્ણાતો સૂચવે છે કે બેઈજિંગ હવે એશિયામાં આંતરરાજ્ય સંઘર્ષની સ્થિતિમાં ઝડપથી લશ્કરી દળોને તૈનાત કરવા માટે વધુ સારી સ્થિતિમાં છે. ભારતની સંભવિતતાનું વર્ણન વિદેશ નીતિની ચર્ચાઓનું મુખ્ય સ્થાન રહ્યું છે, જે ઘણીવાર તથ્ય કરતાં વધુ મહત્વાકાંક્ષી હોય છે. ૨૦૨૪ એશિયા પાવર ઈન્ડેક્સ સૂચવે છે કે આખરે વાસ્તવિકતા થઈ શકે છે. અહેવાલમાં નોંધ્યું છે કે ભારત હવે જાપાનને પાછળ રાખીને હવે એશિયામાં એકંદર પાવર માટે ત્રીજા ક્રમે છે. ભારતના રાજદ્વારી પ્રભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ રિપોર્ટમાં આ સુધારા માટે મોદીના વૈશ્વિક નેતૃત્વ અને વ્યૂહાત્મક મહત્વાકાંક્ષાને શ્રેય આપવામાં આવ્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સર્વે કરાયેલા નિષ્ણાતોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વૈશ્વિક નેતૃત્વ અને વ્યૂહાત્મક મહત્વાકાંક્ષાનું વધુ મૂલ્યાંકન કર્યું છે. ભારતની તાકાત મુખ્યત્વે તેના વિશાળ સંસાધનોમાં રહેલી છે. વધતી જતી વસ્તી, વિસ્તરીત ભૂમિ અને અર્થતંત્ર જે હવે ખરીદ શક્તિની સમાનતાની દ્રષ્ટિએ વિશ્વની ત્રીજા ક્રમની છે. દેશનું કોવિડ પછીનું આર્થિક પુનરુત્થાન ખાસ કરીને નોંધનીય રહ્યું છે, જેમાં તેની આર્થિક ક્ષમતાનો સ્કોરમાં ૪.૨ પોઈન્ટનો વધારો થયો છે. ફ્યુચર રિસોર્સિસમાં ભારતના સ્કોરમાં ૮.૨ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. આ મેટ્રિક, આર્થિક, લશ્કરી અને વસ્તી વિષયક સંસાધનોના ભાવિ વિતરણને પ્રોજેક્ટ કરે છે, તે ભારતના સંભવિત વસ્તી વિષયક અંગે સંકેત આપે છે. અહેવાલમાં જણાવાયું છે કે, ભારતની યુવા વસ્તી આગામી દાયકાઓમાં ડેમોગ્રાફિક લાભ આપી શકે છે, હરીફ ચીન સહિત એશિયાના અન્ય ઘણા દેશોમાં લોકો ઝડપથી વૃદ્ધ થઈ રહ્યા છે અને જેમના કાર્યબળ સંકોચાઈ રહ્યું છે. આ ઈન્ડેક્સમાં ભારતના રાજદ્વારી પ્રભાવમાં વધારો નોંધવામાં આવ્યો છે, તે ૨૦૨૩ માં દેશની રાજદ્વારી પ્રવૃત્તિને આંશિક રીતે આભારી છે. આ બંને પરિણામો સૂચવે છે કે ભારતની અસંબંધિતતાની વ્યૂહરચનાથી તેના વૈશ્વિક સ્થાનને સાધારણ ફાયદો થયો છે. તેમ છતાં, આ રિપોર્ટમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, એશિયાની મોટી અર્થવ્યવસ્થાઓ સાથે ભારતનું નીચા સ્તરનું આર્થિક એકીકરણ અને પ્રાદેશિક આર્થિક આર્કિટેક્ચરમાં નબળી ભાગીદારી છે. સંરક્ષણ ક્ષેત્રે ભારતની સ્થિતિ પણ એટલી જ જટિલ છે. ડિફેન્સ નેટવર્ક્સ માટે તેનો સ્કોર સતત ત્રીજા વર્ષે ઘટ્યો છે, અને દેશ ૯મા સ્થાને સરકી ગયો છે. આ અહેવાલ ભારતના નોંધપાત્ર "પાવર ગેપ"ને હાઈલાઈટ કરે છે જે સંસાધનોના આધારે તેના અંદાજિત પ્રભાવ અને તેના વાસ્તવિક પ્રભાવ વચ્ચેનો તફાવત છે. આ અંતર, રશિયા અને ઉત્તર કોરિયાને બાદ કરતાં આ ક્ષેત્રમાં સૌથી વધુ છે, જે સૂચવે છે કે ભારત પાસે એશિયામાં, ખાસ કરીને તેના પોતાના હિંદ મહાસાગરની બહાર તેનો પ્રભાવ વધારવાની પુષ્કળ સંભાવનાઓ છે. એશિયાનો ભૌગોલિક રાજકીય લેન્ડસ્કેપ સતત વિકસિત થતો જાય છે, ચીનની શક્તિ હજુ પણ યથાવત છે અને યુનાઈટેડ સ્ટેટ્સ આઠમાંથી છ પગલાંમાં આગળ છે, ત્યારે ભારતની ભૂમિકા વધુને વધુ નિર્ણાયક બની રહી છે. પ્રશ્ન એ છે કે, શું ભારત તેના વિશાળ સંસાધનો અને વધતા જતાં રાજદ્વારી પ્રભાવને પ્રાદેશિક પ્રભાવમાં ફેરવી શકશે? આ ભારતે તેના ભવિષ્યને માટે જ નહીં, પરંતુ આવનારા દાયકાઓમાં એશિયામાં તેની સત્તા અને શક્તિનું સંતુલન કરવું પડશે.

# પાકિસ્તાન SC : ૮ ફેબ્રુઆરીની ચૂંટણીમાં પોલ પેનલ તેની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહી હતી

## કોર્ટે પીટીઆઈને ચૂંટણી લડવા અને તેના ઉમેદવારોને નોમિનેટ કરવા માટે એક પક્ષ તરીકે માન્યતા ન આપવા બદલ ECPની પણ ટીકા કરી હતી

(એજન્સી) તા.૨૪

પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલતે સોમવાર, ૨૩ સપ્ટેમ્બરના રોજ, અનામત બેઠકોના કેસમાં ૧૨ જુલાઈના આદેશ પર તેનો વિગતવાર ચુકાદો બહાર પાડ્યો અને કહ્યું કે દેશની ટોચની ચૂંટણી સંસ્થા ૮ ફેબ્રુઆરીની સામાન્ય ચૂંટણીઓમાં કાયદા મુજબ તેની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહી છે. ૮-૫ બહુમતી આદેશમાં જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ને મહિલાઓ અને લઘુમતીઓ માટે આરક્ષિત ૨૦થી વધુ બેઠકો માટે લાયક જાહેર કરવામાં આવી હતી, જેનાથી નવાઝની પાકિસ્તાન મુસ્લિમ લીગની આગેવાની હેઠળના શાસક ગઠબંધનને મોટો આંચકો લાગ્યો હતો. સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલ (SIC)ની અરજી પર ટૂંકા ચુકાદાના બે મહિનાથી વધુ સમય પછી જસ્ટિસ મન્સૂર અલી શાહે ૭૦ પાનાનો ચુકાદો લખ્યો, જેણે અનામત બેઠકો માટેની તેની પાત્રતા સામેના ચુકાદાઓને પડકાર્યા હતા. ખાનના પક્ષ દ્વારા સમર્થિત ઉમેદવારો, જેમણે ૮મી ફેબ્રુઆરીની ચૂંટણીમાં અપક્ષ તરીકે ચૂંટણી લડી હતી અને જીતી હતી ત્યારબાદ તેમના પક્ષનું ચૂંટણી ચિહ્ન છીનવાઈ ગયું હતું, તેઓ પાકિસ્તાનમાં ઈસ્લામિક રાજકીય અને બરેલવી ધાર્મિક પક્ષોના રાજકીય જોડાણ સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલ (SIC)માં જોડાયા હતા અને ગઠબંધન રચ્યું હતું. એસઆઈસીએ પેશાવર હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજી દાખલ કરી હતી જે પાકિસ્તાનના ચૂંટણી પંચના અનામત બેઠકોમાં તેનો હિસ્સો નકારવાના પગલાને સમર્થન આપે છે. મુખ્ય ન્યાયાધીશ કાઝી ફૈઝ ઈસાની આગેવાની હેઠળની પૂર્ણ બેન્ચ દ્વારા ૮-૫ બહુમતીથી ચુકાદો આપવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ યાહ્યા આફ્રિદી, અમીનુદ્દીન ખાન, જમાલ ખાન મન્ડોખેલ અને નઈમ અખ્તર અફઘાન પ્રમાણસર પ્રતિનિધિત્વના મહત્ત્વ પર ભાર મૂકતા અસંમતી દર્શાવી હતી. વિગતવાર ચુકાદામાં, ન્યાયમૂર્તિ શાહ,



જે આગામી મહિનાના અંતમાં મુખ્ય ન્યાયાધીશ બનવાની તૈયારીમાં છે, તેણે આરક્ષિત બેઠકો માટેની SIC અરજીને નકારી કાઢવાના ECPના પ્રારંભિક ચુકાદાને બાજુ પર રાખ્યો અને તેણે પેશાવરના ચુકાદાને પણ રદ કર્યો. હાઈકોર્ટે ચૂંટણી પંચના ચુકાદાને યથાવત રાખ્યો હતો. 'અમને એ વાત પર ભાર મૂકવો મહત્ત્વપૂર્ણ લાગે છે કે કમિશન, બંધારણીય 'ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા' તરીકે, માત્ર એક વહીવટી સંસ્થા નથી પરંતુ લોકશાહી પ્રક્રિયાઓની મૂળભૂત 'બાંયધરી સંસ્થા' છે, જે 'સરકારની ચોથી શાખા' જેવો બંધારણીય દરજ્જો ધરાવે છે. વિગતવાર ચુકાદા મુજબ, 'દુર્ભાગ્યે, હાલના કેસના સંજોગો સૂચવે છે કે કમિશન ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં આ ભૂમિકા નિભાવવામાં નિષ્ફળ રહ્યું છે". કોર્ટે ચૂંટણી લડવા અને તેના ઉમેદવારોને નોમિનેટ કરવા માટે પીટીઆઈને પક્ષ તરીકે માન્યતા ન આપવા બદલ પણ ECPની ટીકા કરી હતી. ચુકાદામાં વાંચવામાં આવ્યું હતું કે,'જ્યારે ચૂંટણી સત્તાધિકારીઓ મોટા રાજકીય પક્ષની માન્યતાને ગેરકાયદેસર રીતે નકારવા અને તેના નામાંકિત ઉમેદવારોને અપક્ષ તરીકે વર્તે છે, ત્યારે તેઓ માત્ર આ ઉમેદવારોના અધિકારો સાથે સમાધાન કરતા નથી પરંતુ મતદારોના અધિકારોની સાથે સાથે તેમની પોતાની સંસ્થાકીય કાયદેસરતાનું પણ નોંધપાત્ર ઉલ્લંઘન કરે છે.,". આદેશમાં 'પક્ષની આંતર-પક્ષીય ચૂંટણીના પ્રમાણપત્રને નકારવાની સત્તા છે કે કેમ તે અંગે કેટલીક શંકાઓ' પણ વ્યક્ત કરવામાં આવી હતી, જેના પરિણામે પીટીઆઈ માટે તમામ પ્રકારની કાનૂની અને રાજકીય અસરો થઈ હતી. ચુકાદાએ પુનઃપુષ્ટિ કરી કે ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ એક સંસદીય પક્ષ છે અને તેથી સંસદમાં મહિલાઓ અને લઘુમતીઓ માટે અનામત બેઠકો માટે પાત્ર છે. તે જણાવે છે કે ECPએ ૮૦ ધારાસભ્યોની સૂચિ સબમિટ કરી હતી જેમણે 'ક્યાં તો PTIના પક્ષ પ્રમાણપત્રો (પાર્ટી ટિકિટ) ફાઈલ કર્યા હતા અથવા તેમના નામાંકન ફોર્મ અથવા વૈધાનિક ઘોષણાઓ/સોગંદનામામાં PTI સાથે તેમના જોડાણની જાહેરાત કરી હતી'. ચુકાદામાં તે ૩૯ ધારાસભ્યોની યાદી આપવામાં આવી છે જેઓ 'પછી ફરેલા ઉમેદવારો હતા અને છે જેમની બેઠકો PTI દ્વારા સુરક્ષિત કરવામાં આવી હતી' અને જેમના માટે ECPએ 'સૂચિમાં ઉપરોક્ત કૉલમમાંથી કોઈપણ એકમાં 'PTI' દર્શાવ્યું હતું'. તે બાકીના ૪૧ ધારાસભ્યોની પણ યાદી આપે છે જેમને 'સ્વતંત્ર પરત આવેલા ઉમેદવારો તરીકે ગણવામાં આવ્યા હતા કારણ કે તેઓએ તેમના નામાંકન પત્રોમાં પીટીઆઈ સાથે જોડાયેલા હોવાનો ઉલ્લેખ કર્યો ન હતો'. આ ચુકાદાએ ECPને જે રીતે કેસની સુનાવણીમાં ભાગ લીધો હતો તે પ્રત્યે પણ ધ્યાન ખેંચ્યું હતું. ચુકાદામાં લખવામાં આવ્યું હતું કે, 'આ અપીલોની કાર્યવાહી દરમિયાન જે રીતે કમિશને ભાગ લીધો અને SIC અને PTI સામે પ્રાથમિક હરીફ પક્ષ તરીકે અમારી સમક્ષ આ મામલો લડ્યો તે પણ એક અમને આશ્ચર્યચકિત કરતી બાબત છે.' આ વિગતવાર ચુકાદો એવા સમયે આવ્યો છે જ્યારે ECP ૧૨ જુલાઈના ચુકાદા છતાં પીટીઆઈને અનામત બેઠકો આપવાના ચુકાદાને અમલમાં મૂકવાની વિચારણા કરી રહ્યું છે.

# ‘શું સરકાર ગેરકાયદેસર વેચાણને રોકી શકતી નથી ?’ : અખિલેશ યાદવે વધુ કિંમત સાથે કોલ્ડપ્લે ટિકિટ વેચવા માટે અનધિકૃત પ્લેટફોર્મની ટીકા કરી

(એજન્સી) તા.૨૪

સમાજવાદી પાર્ટીના વડા અને યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવે જાન્યુઆરી ૨૦૨૫માં યોજાનાર મુંબઈમાં કોલ્ડપ્લેના આગામી કોન્સર્ટ માટે ટિકિટના કથિત કાળાબજાર અંગે ચિંતા વ્યક્ત કરી છે. રવિવારે ઓનલાઈન ઉપલબ્ધ થયાની થોડી જ મિનિટોમાં ટિકિટો વેચાઈ ગયા પછી યાદવે સોશિયલ મીડિયા પર ખૂબ જ મોંઘી કિંમતે ટિકિટના પુનઃ વેચાણ તરફ ધ્યાન દોર્યું હતું અને દાવો કર્યો કે, તે તેની મૂળ કિંમતના ૨૦થી ૫૦ ગણી કિંમતે વેચાઈ રહી છે.

પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં યાદવે આવી ગેરકાયદેસર પ્રથાઓને રોકવાની સરકારની ક્ષમતા પર સવાલ ઊઠાવતા કહ્યું કે, બૂકિંગ ખુલતાની સાથે જ તમામ ટિકિટો થોડા જ સમયમાં બૂક થઈ જાય છે અને પછી તે લાખોમાં તે બ્લેકમાં વેચાય છે. શાસન અને વહીવટના સ્તરે આ એક પડકાર છે કે, શું દેશમાં એવી કોઈ સરકાર નથી જે આવા ગેરકાયદેસર વેચાણ અને નકલી ટિકિટના રેકેટને રોકી શકે ?

યાદવે કલાના વ્યાપારીકરણની ટીકા કરતા મનોરંજનના મહત્ત્વ વિશે લખ્યું હતું. તેમણે દલીલ કરી હતી કે, સંપત્તિ પર આધારિત કોન્સર્ટ જેવી ઈવેન્ટ્સની એક્સેસને મર્યાદિત કરવાથી કલાકારોના અધિકારોનું ઉલ્લંઘન થાય છે અને



તેમના કામ માટે લોકોમાં તેમની ઓછી પ્રશંસા થાય છે. યાદવે કહ્યું કે, જો કલા અમુક લોકોની ખરીદશક્તિ સુધી મર્યાદિત હોય તો તે એક વ્યવસાય બની જાય છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, આ પ્રથા સરકાર માટે કરની આવકનું નુકસાનનું કારણ બને છે અને કલાકારો અને તેમની કળા પ્રત્યેના સાચા આદરમાં ઘટાડો કરે છે. આ મુદ્દો ત્યારે સામે આવ્યો જ્યારે ડી.વાય. પાટિલ સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે ૧૮, ૧૯ અને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજના કોલ્ડપ્લેના કોન્સર્ટની ટિકિટો બૂકમાયશો પ્લેટફોર્મ પર થોડી જ મિનિટોમાં વેચાઈ ગઈ હતી. તેની માંગમાં અચાનક વધારો થવાથી આ પ્લેટફોર્મ ક્રેશ થઈ ગયું અને કળાના ચાહકો આ વેબસાઈટ અને એપના સ્ક્રીનશોટ્સ શેર કરી રહ્યા છે. અહેવાલો અનુસાર તૃતીય-પક્ષ વિક્રેતાઓએ જથ્થાબંધ ટિકિટો મેળવી લીધી છે. Viagogo જેવી વેબસાઈટ્સ તેમની મૂળ કિંમતના ૧૦૦ ગણી કિંમત સાથે આ ટિકિટ વેચતી જોવા મળી હતી. વેબસાઈટ પર રૂા.૬૫૦૦ની ટિકિટની કિંમત રૂા.૩૦,૦૦૦થી રૂા.૭૫,૦૦૦ વચ્ચે હતી. યાદવે કહ્યું હતું કે, સંપત્તિ દ્વારા કળાનો આનંદ માણવાની અથવા તેની પ્રશંસા કરવાની ક્ષમતાને નિર્ધારિત કરવી જોઈએ નહીં, માત્ર ધનિકો જ કળાના નિષ્ણાત અથવા પારંગત નથી હોતા. તેમણે ચેતવણી આપી હતી કે, જ્યારે કલાની એક્સેસ શ્રીમંત લોકો સુધી મર્યાદિત હોય છે, ત્યારે કલાકારોને સાચી માન્યતા અને પ્રશંસા મળતી નથી જેના માટે તેઓ લાયક હોય છે.

આ પહેલીવાર નથી જ્યારે અખિલેશ યાદવે સરકારની નીતિઓની ટીકા કરી હોય. ૨૦૧૬માં તેમણે રમૂજી રીતે સરકારની બજેટ ઘોષણાઓના પુનરાવર્તિત સ્વભાવની સરખામણી બ્રિટિશ બેન્ડના સંગીત સાથે કરી હતી અને કટાક્ષ કર્યો કે તેઓ તેમના ગીત ‘હાઈમન ફોર ધ વીકએન્ડ’ સાંભળશે. કોલ્ડપ્લેના ચાહકો કોન્સર્ટની આતુરતાથી રાહ જોતા હોવાથી યાદવની આ ચિંતાઓ ભારતમાં અને વિદેશમાં આવી હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ્સની ટિકિટિંગમાં વધતી જતી સમસ્યાને દર્શાવે છે અને તેની ઉચ્ચ પુનઃ વેચાણ કિંમતો ઘણા લોકો માટે મનોરંજનની સુલભતાને અસર કરે છે.

# દેશમાં અલગ-અલગ સ્થળે ટ્રેન ઉથલાવવાના પ્રયાસોથી ચિંતિત રેલવેમંત્રી : કડક પગલાં લેવાના શપથ લઈ તાજેતરની ઘટનાઓની તપાસ NIAને સુપરત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે દેશમાં તાજેતરમાં ટ્રેન ઉથલાવવાના કેટલાક પ્રયાસો થયા છે તેની તપાસ સરકારે એનઆઈએને સોંપવાનો નિર્ણય કર્યો છે. જે રાજ્યોમાં ટ્રેનને ઉથલાવી દેવાના પ્રયાસો થયા છે ત્યાં તપાસ થશે અને એ રાજ્યના ડીજીપી તથા ગૃહ સચિવ પણ તપાસ કરશે. અત્યાર સુધી જોકે કોઈ મોટી હોનારત થઈ નથી. જયપુરમાં મીડિયા સાથે વાતચીત કરતા રેલવેમંત્રીએ જણાવ્યું હતું કે રાજય સરકારો તથા ડીજીપી અને રાજયના ગૃહ સચિવ સાથે વાટાઘાટો ચાલી રહી છે. એનઆઈએ પણ તપાસમાં જોડાશે અને જે લોકોએ આવા અકસ્માતો સર્જવા માટે પ્રયાસો કર્યા છે એવા તમામ લોકો સામે કઠોર પગલાં લેવામાં આવશે એ મારો નિર્ધાર છે. તેમણે કહ્યું હતું કે સરકાર ટ્રેનની મુસાફરીની સુરક્ષા સામેના જોખમો અંગે



ખૂબ જ ગંભીર છે અને ટ્રેનને ઉથલાવી દેવાના પ્રયાસ કરનાર કોઈપણ હોય તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે એવો મારો સંકલ્પ છે. છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ સ્થળે આવી ઘટનાઓ બની છે જ્યાં રેલવેના પાટા પરથી સિલિન્ડર અને લોખંડના સળિયા જેવી ચીજો ગોઠવાયેલી મળી આવી છે. જે ટ્રેન ઉથલાવવાના કાવતરા તરફ સ્પષ્ટ નિર્દેશ કરે છે. તાજેતરમાં જ મિરઝાપુર સ્ટેશન તરફ આવી રહેલી મહાબોધિ એક્સપ્રેસ પર પથ્થરમારો થયો હતો. રેલવે સ્ટેશન પાસે ટ્રેન પહોંચી રહી હતી ત્યારે કોઈ અજાણી વ્યક્તિએ પથ્થરો ફેંક્યા હતા અને ગાર્ડની બ્રેક પર પત્તર પડ્યા હતા પણ સદનસીબે કોઈને ઈજા થઈ નહોતી. ઉત્તર મધ્ય રેલવેના કર્મચારીઓએ જણાવ્યું હતું કે મહાબોધિ એક્સપ્રેસ ટ્રેન મિરઝાપુરની નજીક પહોંચી રહી હતી ત્યારે કોચના સ્ટાફ અને ગાર્ડ દ્વારા કંટ્રોલરૂમને જાણ કરવામાં આવી હતી કે બ્રેકવાન પર પથ્થર પડ્યા છે અને કંટ્રોલ દ્વારા સુરત જ આરપીએફને જાણ કરવામાં આવી હતી જો કે કોઈ ઈજા થઈ નથી કે કોઈ જાનહાની થઈ નથી અને પરિસ્થિતિ સંભાળી લેવામાં આવી હતી. દરમિયાન રેલવે તંત્ર દ્વારા અત્યારે રેલ રક્ષક દળની પણ સ્થાપના કરવામાં આવી છે અને નોર્થ વેસ્ટ રેલવે ઝોનથી આ પહેલની શરૂઆત કરવામાં આવી છે રેલવે રક્ષક દળ આવી કોઈ પણ ઘટના વખતે સુરત જ સ્થળ પર પહોંચી જાય છે અને બચાવ કામગીરી શરૂ કરી દે છે.

# પીએમઆઈ ડેટા અનુસાર માંગ મંદ પડતાં બિઝનેસ વૃદ્ધિ નવ મહિનાની નીચી સપાટીએ

## ઑક્ટોબરની શરૂઆતમાં આરબીઆઈની આગામી પોલિસી મીટિંગ મહત્ત્વપૂર્ણ રહેશે કારણ કે નીતિ નિર્માતાઓ ફુગાવાના જોખમો અને એકંદર આર્થિક વૃદ્ધિનું મૂલ્યાંકન આ મીટિંગ દરમ્યાન કરશે

(એજન્સી) તા.૨૪

HSBC ફલેશ ઈન્ડિયા કમ્પોઝિટ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) અનુસાર માંગમાં નરમાઈ અને ખર્ચમાં થોડો વધારો થવાને કારણે આ સપ્ટેમ્બરમાં ભારતની વ્યાપાર પ્રવૃત્તિની વૃદ્ધિ તેની નવ મહિનાની સૌથી ધીમી ગતિએ પહોંચી ગઈ છે. S&P ગ્લોબલ દ્વારા સંકલિત, ઈન્ડેક્સ ઑગસ્ટના ૬૦.૭થી ઘટીને ૫૯.૩ પર આવી ગયો, જે બેશક મંદીનો સંકેત આપે છે પરંતુ ત્રણ વર્ષથી વધુ સમય સુધી વિસ્તરણ પ્રદેશમાં નિશ્ચિતપણે રહે છે. પીએમઆઈની ૫૦-માર્કની થ્રેશોલ્ડ વૃદ્ધિને સંકોચનથી અલગ કરે છે, સપ્ટેમ્બરના આંકડા ધીમો વૃદ્ધિ દર સૂચવતા હોવા છતાં સતત વિસ્તરણ સૂચવે છે. HSBCના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજુલ ભંડારીએ નોંધ્યું હતું કે, “ભારતમાં ફ્લેશ કોમ્પોઝિટ PMI સપ્ટેમ્બરમાં થોડી ધીમી ગતિએ વધ્યો હતો, જે ૨૦૨૪માં જોવામાં આવેલી સૌથી ધીમી વૃદ્ધિ દર્શાવે છે. ઉત્પાદન અને સેવા બંને ક્ષેત્રે મહિના દરમિયાન સમાન વલણો દર્શાવ્યા હતા. તેમ છતાં વૃદ્ધિની ગતિ લાંબા ગાળાની સરેરાશ કરતાં સારી રહી.” નવા વ્યવસાય અને ઓર્ડર જેવા મુખ્ય સૂચકાંકો-માગ માટેના આવશ્યક સૂચકાંક-એ સ્થાનિક અને વિદેશી બંને બજારો માટે વધુ સાધારણ વધારો દર્શાવ્યો હતો, જે વ્યવસાયિક પ્રવૃત્તિના એકંદર સુસ્તીમાં ફાળો આપે છે. પ્રવૃત્તિમાં મંદી હોવા છતાં સેવા ક્ષેત્રે તેની રોજગારીની સંખ્યા બે વર્ષમાં સૌથી ઝડપી ગતિએ વધી છે. સેવાઓ PMI ઓગસ્ટના ૬૦.૯થી ઘટીને ૫૮.૯ થઈ ગઈ છે, જે નવેમ્બર ૨૦૨૩ પછી સૌથી નીચી છે. જો કે, આવનારા મહિનાઓમાં નવા કોન્ટ્રાક્ટ મેળવવા માટે વ્યવસાયો આશાવાદી રહેતા હોવાથી હાયરિંગમાં વધારો થયો છે. આ દરમિયાન મેન્યુફેક્ચરિંગમાં થોડી મંદી જોવા મળી હતી, જેમાં પીએમઆઈ ઓગસ્ટમાં ૫૭.૫થી ઘટીને ૫૬.૭ના આઠ મહિનાના નીચા સ્તરે આવી ગયો હતો. આ સેક્ટરમાં નોકરીની વૃદ્ધિનો સતત સાતમો મહિનો છે, જોકે આ વૃદ્ધિ પાછલા મહિનાની સરખામણીમાં થોડી ઓછી ગતિએ હતી. આ સર્વેક્ષણમાં કંપનીઓએ કાચા માલ અને વીજળીના ઊંચા ભાવની જાણ કરતાં ઈનપુટ ખર્ચમાં વધારો દર્શાવ્યો હતો. ફર્મ્સે આ ખર્ચને સંપૂર્ણપણે ગ્રાહકોને માથે થોપવાનું ટાળ્યું હતું, જેના પરિણામે ભાવમાં ઘટાડો થયો હતો. ભંડારીએ ઉમેર્યું હતું કે, “ઈનપુટ કોસ્ટ ફુગાવો સપ્ટેમ્બરમાં થોડી ઝડપી ગતિએ વધ્યો હતો. બંને ક્ષેત્રોમાં આઉટપુટ ચાર્જમાં વધારો થવાનો દર ધીમો પડ્યો, ઉત્પાદકો મોટી મંદીનો અનુભવ કરી રહ્યા છે, જે તેમના માર્જિનમાં મોટો ઘટાડો સૂચવે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) સાવચેત રહેવાની શક્યતા છે, ખાસ કરીને ગ્રાહક ભાવ ફુગાવામાં તાજેતરના ઘટાડા છતાં ફુગાવાની અનિશ્ચિતતા વધે છે, જે ઓગસ્ટમાં સતત બીજા મહિને ૪ ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી નીચે રહી હતી. માંગ થોડી નરમ પડી છે પરંતુ, લાંબા ગાળાના બિઝનેસ આઉટલૂક હકારાત્મક રહે છે. બંને સેક્ટરની કંપનીઓએ તેમના કર્મચારીઓનું વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું છે, જે ભવિષ્યમાં વધતા કારોબારની અપેક્ષાઓ દ્વારા સંચાલિત છે. વિશ્લેષકો અપેક્ષા રાખે છે કે સપ્ટેમ્બરમાં મંદી અસ્થાયી હોઈ શકે છે, ફુગાવાનું દબાણ હળવું થતાં આગામી મહિનાઓમાં આર્થિક ગતિમાં તેજી આવવાની શક્યતા છે. ઑક્ટોબરની શરૂઆતમાં આરબીઆઈની આગામી પોલિસી મીટિંગ મહત્વપૂર્ણ રહેશે કારણ કે નીતિ નિર્માતાઓ ફુગાવાના જોખમો અને એકંદર આર્થિક વૃદ્ધિનું મૂલ્યાંકન કરશે. વિકસતા વૈશ્વિક અને સ્થાનિક પરિબળો વચ્ચે ફુગાવા અને સતત આર્થિક વિસ્તરણ બંનેના સંચાલનમાં કેન્દ્રીય બેંકનો અભિગમ મહત્ત્વપૂર્ણ રહેશે.

# શ્રીલંકાનાં નવા વડાપ્રધાન તરીકે હરિણી અમરસૂર્યાની શપથવિધિ

(એજન્સી) કોલંબો, તા.૨૪

શ્રીલંકાનાં નવા વડાંપ્રધાન તરીકે મહિલા નેતા હરિણી અમરસૂર્યાની શપથવિધિ થઈ છે અને આ રીતે તેઓ સિરીમાવો ભંડારનાયકે બાદ આ હોદ્દો સંભાળનાર પહેલા મહિલા નેતા બન્યા છે. નેશનલ પીપલ્સ પાવર પાર્ટીના ૫૪ વર્ષીય નેતા હરિણી અમરસૂર્યાને રાષ્ટ્રપ્રમુખ દિશાનાયકે શપથ લેવડાવ્યા હતા. એમની સાથે તેમની કેબિનેટના અન્ય ત્રણ સભ્યોએ પણ મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. વડાપ્રધાને એમની પાસે ન્યાય તથા શિક્ષણ શરમ અને ઉદ્યોગ તેમજ વિજ્ઞાન તથા ટેક્નોલોજી આરોગ્ય અને મૂડી



**વર્ષ ૨૦૦૦માં સિરીમાવો ભંડારનાયકે દ્વારા આ હોદ્દો સંભાળવામાં આવ્યા બાદ વડાપ્રધાન બનનાર હરિણી પહેલા મહિલા નેતા**

રોકાણ જેવા ખાતા રાખ્યા છે.

યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને માનવ અધિકાર ચળવળ ચલાવનાર અગ્રણી હરિણી અમરસૂર્યાએ ભંડારનાયકે પછીના પહેલા વડાપ્રધાન બન્યા છે અને દેશના ઈતિહાસમાં ત્રીજા મહિલા વડાપ્રધાન છે. એમની સાથે કેબિનેટ મંત્રી તરીકે શાસક પક્ષના સાંસદ અને મહિલા નેતા વિજિતા હેરાથ અને લક્ષ્મણ નિપુણારાચીએ સોગંદ લીધા હતા. તેઓ રખેવાળ કેબિનેટ તરીકે અત્યારે કામ કરશે. કેમ કે સંસદના વિસર્જનની ભલામણ બાદ નવેમ્બરમાં નવેસરથી ચૂંટણીઓ થઈ શકે છે.

# ગ્વાલિયર ખાતે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાનારી T20 મેચ પહેલાં હિન્દુ મહાસભાના પ્રમુખ ટિકિટ ખરીદનારાને ગણાવી રહ્યા છે “દેશ વિરોધી”

## હિન્દુ સંગઠન દ્વારા મેચનો સખત વિરોધ અને બાંગ્લાદેશ મુર્દાબાદ જેવા સૂત્રો પોકારાયા

(એજન્સી) ગ્વાલિયર તા.૨૪

ગ્વાલિયરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે T20 મેચ જે દિવસે રમાવાનો છે એ છઠ્ઠી ઓક્ટોબરના રોજ અખિલ ભારતીય હિન્દુ મહાસભા એ ગ્વાલિયરમાં બંધનું એલાન આપ્યું છે. મહાસભાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ જયવીર ભારદ્વાજ એવો લવારો કરી રહ્યા છે કે જે લોકો આ મેસેજની ટિકિટ ખરીદશે એમને દેશવિરોધી ગણવામાં આવશે જો ટિકિટ ખરીદેલા વો દેશદ્રોહી હૈ. આ સંગઠને મેં જી યોજવા સામે સખત વિરોધ કર્યો છે અને બાંગ્લાદેશ મુર્દાબાદની નારેબાજી પણ કરી છે. મેચની સામે વિરોધ કરવા માટે શેરીઓમાં ઉતરી પડવાનું જૂથ દ્વારા આયોજન થઈ રહ્યું છે અને સંગઠને બાંગ્લાદેશમાં હિન્દુઓ સામે થઈ રહેલી હિંસા અંગે ચિંતા દર્શાવી છે. બીસીસીઆઈ અને મધ્યપ્રદેશ ક્રિકેટ સંઘ દ્વારા બંને ટીમના ખેલાડીઓની સુરક્ષા અંગે ખાતરી આપવામાં આવ્યા છતાં આવા વિરોધને કારણે મેચ અંગે અનિશ્ચિતતા ઊભી થઈ ગઈ છે. ભારદ્વાજ કહે છે કે હિન્દુઓ સામે હિંસા થઈ રહી હોય ત્યારે આવો મેચ ભારતમાં બાંગ્લાદેશની સાથે રમાય એ બિલકુલ અસ્વીકાર્ય છે. લોકોને પણ મેચથી દૂર રહેવા અને મહાસભાને ટેકો આપવા માટે સંગઠનને અપીલ કરી છે.

# પગમાં GPS ટ્રેકર સાથે હાફિઝ સિકંદર જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં ચૂંટણી ઝુંબેશમાં ભાગ લઈ રહ્યા છે : ‘તેમના સ્નેહીજનો નજીક આવવાથી સાવચેત રહે છે’

## પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી કાશ્મીરના પૂર્વ જિલ્લા પ્રમુખ હાફિઝ મોહમ્મદ સિકંદર મલિક બાંદીપોરાથી અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે, તેમના પર UAPA હેઠળ આરોપો છે

(એજન્સી) બાંદીપોરા, તા.૨૪

પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી (JeI) કાશ્મીરના પૂર્વ જિલ્લા પ્રમુખ હાફિઝ મોહમ્મદ સિકંદર મલિક જામીન પર બહાર છે, પરંતુ તેના પરિવારના સભ્યો અને પ્રિયજનો છેલ્લા ત્રણ મહિનાથી તેની નજીક આવવાથી સાવચેત રહે છે. હાફિઝ સિકંદર જમ્મુ અને કાશ્મીરની ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા એકમાત્ર ઉમેદવાર છે, જે તેના પગની ઘૂંટીમાં કાળો ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ ટ્રેકર બાંધી રાખે છે. જમ્મુ અને કાશ્મીર પોલીસ જીપીએસ ટ્રેકર દ્વારા ચોવીસ કલાક તેમની દેખરેખ રાખે છે.

તે કહે છે કે, મારા પરિવારના સભ્યો પણ મારી નજીક આવવાથી સાવચેત હતા. કેટલાક એવું માનતા હતા કે, તેમની વાતચીત ઉપકરણ દ્વારા સાંભળવામાં આવશે. પરંતુ ધીમે-ધીમે તેઓ સમજી ગયા કે તે મારી હિલચાલ પર નજર રાખવા માટે છે. મને લાગે છે કે, આ મારી ગોપનીયતા પર આક્રમણ છે અને તે ન થવું જોઈએ. હાફિઝ સિકંદર બાંદીપોરાના ગુંદપોરા વિસ્તારના છે અને પ્રતિબંધિત જૈશ કાશ્મીર દ્વારા સમર્થિત અપક્ષ તરીકે બાંદીપોરા વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટણી લડી રહ્યા છે. તે જીપીએસ એંકલેટ પહેરીને ઉમેદવારી પત્રો સબમિટ કરવા ગયા હતા. હાફિઝ સિકંદરે જણાવ્યું હતું કે, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) JeIની વિરુદ્ધ તપાસ કરી રહી છે તેવા કેસ અંગે કોર્ટના નિર્દેશો પર આશરે ત્રણ મહિના પહેલાં આ ટ્રેકર જોડવામાં આવ્યું હતું. જમાત-એ-ઈસ્લામી કાશ્મીર, એક ધાર્મિક-રાજકીય સંગઠન છે અને તેને ચૂંટણી લડવાની મંજૂરી નથી કારણ કે, કેન્દ્રએ ફેબ્રુઆરી ૨૦૧૯માં તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. હાફિઝ સિકંદર પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ આરોપો છે, જમ્મુ અને કાશ્મીરના વિશેષ દરજ્જાને નાબૂદ કર્યા પછી ૨૦૧૯માં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને ૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ તેને જામીન આપવામાં આવ્યા હતા. હાફિઝ સિકંદર તેના પગની ઘૂંટી પર જીપીએસ ટ્રેકર્સ બતાવે છે અને કહે છે કે, આ



GPS એંકલેટ લગભગ ત્રણ મહિના પહેલા ફીટ કરવામાં આવ્યું હતું. તમારે એ જાણવું જોઈએ કે, મારી ગોપનીયતા સુરક્ષિત નથી. જેલની બહાર હોવા છતાં હું મુક્ત નથી કારણ કે, મારી સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. હાફિઝ સિકંદરે કહ્યું કે, જો સરકાર સમાજમાં સારા નાગરિકો ઈચ્છતી હોય તો તેણે એ સુનિશ્ચિત કરવું પડશે કે તેઓને સારા અનુભવ થાય. અમને સમાજમાં એક સારા નાગરિકની જેમ માન મળવું જોઈએ અને એવું વર્તન કરવા માટે સરકાર તરફથી કેટલીક પહેલ હોવી જોઈએ. સરકારે ભવિષ્યમાં આવા જીપીએસ ટ્રેકર બીજા કોઈ સાથે ન જોડવા જોઈએ. જો હું જામીન પર બહાર છું, તો તેઓએ શા માટે મારી હિલચાલને આ રીતે ટ્રેક કરવી જોઈએ ? શું તેઓ જામીન પર બહાર આવેલા તમામ લોકો સાથે આવું કરે છે ? જમ્મુ અને કાશ્મીરના લોકો સાથે શા માટે અલગ વર્તન કરવામાં આવે છે ? હું જ્યાં પણ જાઉં છું, તેઓ મારી હિલચાલને ટ્રેક કરે છે. મારા મતે આવી વસ્તુઓ ન થવી જોઈએ અને અમે સરકારને સમજાવીશું કે આ સારી બાબત નથી.

હાફિઝ સિકંદરે કહ્યું કે, ઘણા મુદ્દાઓ પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે પછી ભલે તે બેરોજગારી હોય, આરોગ્ય હોય કે શિક્ષણ હોય. હજુ પણ કેટલાય લોકો જેલમાં બંધ છે. ઘણાએ વ્યર્થ આરોપોમાં તેમની યુવાની જેલમાં વિતાવી છે. અમે તેમના માટે પણ અમારો અવાજ ઉઠાવવા માંગીએ છીએ. ૨૦૧૬ પછી મેં ઘણું સહન કર્યું છે. મને લાગે છે કે, કાશ્મીરમાં આ જૂની પરંપરા મુજબ લોકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે છે, તેથી અમે સરકારનું આ બાબતો પર ધ્યાન દોરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ભવિષ્યમાં આ વસ્તુઓ ન થવી જોઈએ અને આ ચૂંટણી લડવાનો આ મુખ્ય હેતુ છે. જો કે, JeI કાશ્મીર દ્વારા સમર્થિત અપક્ષો વધારે છે અને ૧૯૮૭ સુધી જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીના રાજકારણમાં તે સક્રિય સંસ્થા હતી. આ ચૂંટણી વિશે હાફિઝ સિકંદરે કહ્યું કે, જો JeI કાશ્મીર પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો હોત તો ચોક્કસપણે, અમે તમામ સ્થળોએ ભાગ લીધો હોત, પરંતુ જમાત પર હજુ પણ પ્રતિબંધ હોવાથી અમે તેની નીતિઓ પર વાત કરી શકતા નથી. હાફિઝ સિકંદરે પોતાના મેનિફેસ્ટોમાં વકફ એમેન્ડમેન્ટ બિલનો વિરોધ કરવાનો સમાવેશ કર્યો છે. તાજેતરમાં સરકારે વકફ સુધારા બિલ રજૂ કર્યું છે. જે મુસ્લિમ સમુદાય માટે એક મોટો પડકાર છે કારણ કે, આ મિલકતોનો ઉપયોગ સમાજના ગરીબ વર્ગના ઉત્થાન માટે કરવામાં આવે છે. તેથી અમે વકફ સુધારા બિલનો વિરોધ કરીએ છીએ. રાજકીય પક્ષો અને ઉમેદવારો કે જેઓ સ્વતંત્રતાઓને ‘પ્રોક્સી ઉમેદવારો’ તરીકે સમર્થન આપી રહ્યા છે, હાફિઝ સિકંદરે કહ્યું કે, દરેકને ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવાનો અધિકાર છે. અમે કોઈની સાથે સમાધાન કર્યું નથી કે અમે કોઈના આધારે ચૂંટણીમાં ભાગ લઈ રહ્યા નથી. એન્જિનિયર રશીદ સાહેબ પણ તેમની વિચારસરણી ધરાવે છે અને તેમની પાર્ટી પણ ચૂંટણી લડે છે. લોકો નક્કી કરશે કે તેઓ કોનું નેતૃત્વ ઈચ્છે છે. હાફિઝ સિકંદરે કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં જમ્મુ અને કાશ્મીરમાં વિકાસ થયો છે, પરંતુ કલમ ૩૭૦ રદ થયા પછી અહીં ભયનું વાતાવરણ છે. તેથી અમે એમ કહી શકતા નથી કે આર્ટિકલ ૩૭૦ નાબૂદ થયા પછી બધું જ અંધકારમય છે. રાજયના લોકોને સલામતીની લાગણીની જરૂર છે.

# ‘બટોગે તો કટોગે’ : યોગી આદિત્યનાથ નિર્ણાયક પેટાચૂંટણી પહેલાં કટ્ટર હિન્દુત્વ સાથે આગળ વધી રહ્યા છે

(એજન્સી) તા.૨૪

પક્ષની અંદર અને રાષ્ટ્રીય રાજકીય મંચ પર વિરોધનો સામનો કર્યા પછી, યોગી હિંદુ મતો મેળવવા અને તેમના વિરોધને રોકવા માટે તેમના શસ્ત્રાગારમાં દરેક સાધનનો ઉપયોગ કરી રહ્યા છે, પછી ભલે તે બાહ્ય હરીફો હોય કે આંતરિક મતભેદો હોય. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ મહત્વપૂર્ણ રાજકીય પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યા છે, તેઓ ફરી એકવાર કટ્ટર હિન્દુત્વના ચહેરા તરીકે સામે આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં દસ મહત્ત્વની વિધાનસભા બેઠકો પેટાચૂંટણીની તૈયારી હોવાથી આ તેમના માટે નિર્ણાયક ક્ષણ છે.

યોગી માટે આ ચૂંટણીઓ માત્ર નિયમિત રાજકીય સ્પર્ધાઓ કરતાં વધુ મહત્વપૂર્ણ છે. તે વ્યક્તિગત અને રાજકીય પ્રતિષ્ઠાની લડાઈ છે. તેમના પક્ષની અંદર અને રાષ્ટ્રીય રાજકીય મંચ પર વિરોધનો સામનો કર્યા પછી, યોગી હિંદુ મતો મેળવવા અને તેમના વિરોધને રોકવા માટે તેમના શસ્ત્રાગારમાં દરેક સાધનનો ઉપયોગ કરી રહ્યા છે, પછી ભલે તે બાહ્ય હરીફો હોય કે આંતરિક મતભેદો હોય. હિંદુત્વ પર યોગીએ નવેસરથી ભાર મૂક્યો છે. તે હિંદુ મતદારોને એકત્ર કરવાની ગણતરીની વ્યૂહરચના હોય તેવું લાગે છે. તેમનો સંદેશ સરળ પણ શક્તિશાળી છેઃ સમુદાયના હિતોની રક્ષા માટે હિંદુ એકતા જરૂરી છે અને મતદારોમાં કોઈપણ વિભાજન આપત્તિજનક સાબિત થઈ શકે છે. યોગીએ આ કથાને રામમંદિર અને હિંદુ ગૌરવ જેવા શક્તિશાળી પ્રતીકો સાથે સરખામણી કરી છે. યોગીના વધુ કટ્ટર વલણ તરફના પરિવર્તનનો પહેલો સ્પષ્ટ સંકેત ૨૪ ઓગસ્ટે સામે આવ્યો જ્યારે તેમણે હિંદુ અત્યાચારના અહેવાલોના જવાબમાં "બટોગે તો કટોગે" ("જો તમે ભાગલા પાડશો તો તમને કાપી નાખવામાં આવશે") ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યો હતો. આવા ભાષણોમાં યોગીએ વારંવાર આક્રમણકારો દ્વારા રામ મંદિરના વિનાશ અને હિંદુઓ વિભાજીત થાય ત્યારે શું થાય છે તેની વાત કરી હતી. તેમણે કહ્યું કે, એકતા એ તાકાત છે અને વિભાજન પતન તરફ દોરી જાય છે.

કટ્ટરપંથી હિન્દુત્વ તરફ યોગીનો ધ્યેય માત્ર અચાનક નથી. તે આ નિર્ણાયક પેટાચૂંટણીમ તેમના સ્ટેન્ડને મજબૂત કરવા માટે કાળજીપૂર્વક ગણતરીની વ્યૂહરચના છે. તેઓ સમજે છે કે તેમનું રાજકીય ભાવિ, તેમજ ભાજપમાં તેમનું કદ, આ પરિણામ પર આધાર રાખે છે. ઉત્તર પ્રદેશમાં તાજેતરની હારથી તેમના આંતરિક ટીકાકારો આવ્યા છે અને આ ચૂંટણીઓ તેમના નેતૃત્વ માટે લિટમસ ટેસ્ટ છે. તેમનું ખરાબ પ્રદર્શન તેમના વિરોધીઓને પક્ષમાં તેમની સત્તાને પડકારવા માટે જરૂરી લાભ પ્રદાન કરી શકે છે.

રાજકીય વિશ્લેષક રાજેન્દ્ર કુમાર નોંધે છે કે, જો યોગી આ પેટાચૂંટણીઓમાં જીતવામાં નિષ્ફળ જશે તો ભાજપમાં તેમના વિરોધીઓ આ હારનો ઉપયોગ તેમને નબળા પાડવા માટે કરશે. તેમના નેતૃત્વને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. તેમનો હિંદુ ગૌરવ, એકતા અને ‘કટોગે થી બટોગે’ જેવા સૂત્રો પર ભાર મૂકવો એ આકસ્મિક નથી પણ તેમના પાવર બેઝને મજબૂત કરવા ઈરાદાપૂર્વકની ચાલ છે.

### હાઈ-સ્ટેક્સ પેટાચૂંટણી

આગામી પેટાચૂંટણીઓ થોડીક વિધાનસભા બેઠકો માટેની સ્પર્ધાઓ કરતાં ઘણી વધારે છે; તેઓ યોગીના રાજકીય અસ્તિત્વની કસોટીનું પ્રતિનિધિત્વ કરે છે. નાટકમાં દસ મતવિસ્તારો-કરહાલ (મૈનપુરી), સિસામાઉ (કાનપુર), મિલ્કીપુર (અયોધ્યા), ગાઝિયાબાદ, કથેરી (આંબેડકર નગર), મઝવાન (મિર્ઝાપુર), ફુલપુર (અલાહાબાદ), કુંદરકી (મુરાદાબાદ), ખેર (અલીગઢ) અને મીરાપુર (મુઝફ્ફરનગર) - એવા વિસ્તારો જ્યાં ભાજપનું વર્ચસ્વ વધી રહ્યું છે અને આ વિસ્તારોમાં હાર થવાથી યોગીના ટીકાકારો તેમના પ્રભાવ અને નેતૃત્વ પર સવાલ ઉઠાવી શકે છે. યોગી તેનાથી વાકેફ છે અને તેમનું રાજકીય ભવિષ્ય નિર્ણાયક વિજય મેળવવા પર નિર્ભર છે. રામ મંદિર અને વિદેશમાં હિંદુઓ પર થતા અત્યાચાર જેવા ભાવનાત્મક મુદ્દાઓને ઉઠાવીને, તે હિંદુ મતદારોને એક સહિયારી ઓળખ સાથે એક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ચૂંટણીમાં, યોગી હિંદુ એકતા, સાંસ્કૃતિક ઓળખ અને ગૌરવના વિષયો પર તેમનું ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે. આ અભિગમ તેમની કારકિર્દી અને ઉત્તર પ્રદેશમાં ભાજપનું વર્ચસ્વ નક્કી કરશે. ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે યોગીનો હિંદુત્વ પરનો જુગાર ફળશે કે શું આંતરિક અને બાહ્ય દબાણો તેમની અવિશ્વસનીય રાજકીય સ્થિતિને દૂર કરશે એ આ પરિણામો યોગીના નેતૃત્વ અને ઉત્તર પ્રદેશના વ્યાપક રાજકીય પ્રવાહોની ભાવિ દિશા વિશે નિર્ણાયક આંતરદૃષ્ટિ પ્રદાન કરશે.

## પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટના

# ખાલી માલગાડી ટ્રેનના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

## આ અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી

(એજન્સી) તા.૨૪

પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર ડિવિઝનના ન્યૂ મયનાગુરી સ્ટેશન પર મંગળવારે વહેલી સવારે ખાલી માલગાડી ટ્રેનના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી. હજુ આ દુર્ઘટનાનું કારણ જાણી શકાયું નથી. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. પૂર્વોત્તર સરહદ રેલવે ઝોનના મુખ્ય જનસંપર્ક અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર રેલવે સેવાઓ પ્રભાવિત થઈ હતી. વૈકલ્પિક માર્ગો દ્વારા કામગીરી ડાયવર્ટ કરવામાં આવી હતી. અલીપુરદ્વારના ડિવિઝનલ રેલવે મેનેજર સહિત વરિષ્ઠ અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અકસ્માતમાં અસરગ્રસ્ત ટ્રેક અને કોચને રિપેર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અહીં પાંચ ઓપરેશનલ લાઈન છે. ટ્રેનની અવરજવર ટૂંક સમયમાં પુનઃ સ્થાપિત કરવામાં આવશે. રેલવે માર્ગ પર કોઈપણ વિક્ષેપને ઓછો કરવા માટે અધિકારીઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. સ્ટેશન સુપ્રિન્ટેન્ડેન્ટ મુકેશકુમારે જણાવ્યું હતું કે, માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી, આ ઘટના આજે સવારે ૬:૨૦ વાગ્યે બની હતી. કોઈ જાનહાનિ થઈ નથી. સમારકામની કામગીરી ચાલી રહી છે. આ અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ટીમ તેની તપાસ કરી રહી છે.

# તમિલનાડુના ડિંડીગુલમાં થેનીની નર્સિંગ વિદ્યાર્થિની પર અપહરણ અને સામૂહિક બળાત્કારની ઘટના : પોલીસ

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૪

પોલીસે જણાવ્યું હતું કે, થેનીની એક નર્સિંગ વિદ્યાર્થિનીનું ડિંડીગુલ જિલ્લામાં અજાણ્યા વ્યક્તિઓ દ્વારા કથિત રીતે અપહરણ કરી અને બળાત્કાર કરવામાં આવ્યો હતો. ડિંડીગુલ જિલ્લા પોલીસ અધિક્ષક પ્રદીપે સોમવારના રોજ જણાવ્યું હતું કે, આરોપીએ પછી તેને ડિંડીગુલ રેલ્વે સ્ટેશન પાસે છોડી દીધી હતી, જ્યાં તેણે પોલીસની મદદ માંગી હતી. અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે,પીડિતાને ડિંડીગુલ સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે અને તેની સારવાર ચાલી રહી છે. પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે, એફઆઈઆર નોંધવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે.

# અનંતપુર જિલ્લામાં મંદિરના રથમાં આગ લગાડવામાં આવી

(એજન્સી) તા.૨૪

પોલીસ કેસની તપાસ કરી રહી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજની મદદથી ગુનેગારોને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે. મંગળવારે (૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪) વહેલી સવારે જિલ્લાના કનેકલ મંડળમાં મંદિરના રથને આગ લગાડવામાં આવી હતી. મળતી માહિતી મુજબ હનાકલહાલ ગામમાં ભગવાન રામ મંદિરમાં અજાણ્યા બદમાશોએ રથને આગને હવાલે કરી દીધો હતો. સ્થાનિક લોકો અને ફાયર સર્વિસના જવાનો ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં રથ સંપૂર્ણપણે બળી ગયો હતો. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજની મદદથી આરોપીઓને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટનાની નિંદા કરી અને રથ સળગાવવા અંગે જિલ્લા અધિકારીઓ સાથે વાત કરી. અધિકારીઓએ નાયડુને જાણ કરી કે આ ઘટના પાછળ કેટલાક અજાણ્યા બદમાશોનો હાથ છે. નાયડુએ અધિકારીઓને સંપૂર્ણ તપાસ કરવા અને ગુનેગારોની ધરપકડ કરવા નિર્દેશ આપ્યો. તેમણે અધિકારીઓને તપાસની પ્રગતિ વિશે નિયમિતપણે તેમને માહિતગાર રાખવા જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકને ગામની મુલાકાત લેવા અને પરિસ્થિતિનો તાગ મેળવવા માટે કહેવામાં આવ્યું હતું. આ ઘટના ચાલી રહેલા તિરૂમાલા લાડુ વિવાદ વચ્ચે બની હતી.

ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતીના પરિણામોને લઈ રોષે ભરાયેલા ઉમેદવારોનો અન્યાયના આક્ષેપો

# લાંબા સમયથી ભરતીની રાહ જોતા ઉમેદવારો ગાંધીનગર પહોંચ્યા : કાર્યક્રમ પહેલા જ ડિટેઈન

## વિરોધ પ્રદર્શન કરવા પહેલાં જ પોલીસ સાથે ઘર્ષણ : ટીંગાટોળી કરી લઈ જવાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં ઘણાં સમયથી વન વિભાગ બીટ ગાર્ડની ભરતીને લઈ રાહ જોવાઈ રહી હતી ત્યારે ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થતાં આજે ઉમેદવારો રજૂઆત માટે ગાંધીનગર પહોંચ્યા અથન. પથિકાશ્રમ પાસે એકઠા થયેલા ઉમેદવારો તેનો આગળનો કાર્યક્રમ આપે તે પહેલાં જ ઉપસ્થિત પોલીસ જવાનોએ ઉમેદવારોને ડિટેઈન કર્યા હતા. છેલ્લાં બે-અઢી વર્ષથી સરકારી નોકરીની રાહમાં રહેલા ઉમેદવારોએ આજે બે હાથ જોડી પોતાની માગણી સ્વીકારવા સરકારને અપીલ કરી હતી. વિભાગમાં મહેકમ મુજબ જે જગ્યા ખાલી પડી છે તે જગ્યાઓને ચાલુ ભરતીમાં જ સમાવેશ કરવાની માગ કરી છે.

ગુજરાતમાં વન વિભાગની ભરતી માટેની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ ૮થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં પરીક્ષા લેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૮૨૩ પદ માટે ૮ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાંથી ૪ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ જાહેર થતાં જ ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો છે.



CBRT નોર્મલાઈઝેશન મેથડના કારણે અન્યાય થયો હોવાનો ઉમેદવારોનો આક્ષેપ છે. ત્યારે આજે ફરીવાર પડતર માંગણીને લઈને ઉમેદવારો ગાંધીનગર આવી પહોંચ્યા હતા. જ્યાં પોલીસે ૧૦૦ જેટલા ઉમેદવારોની અટકાયત કરી હતી. ગાંધીનગરમાં આંદોલન કરવા આવેલા ઉમેદવારોએ કહ્યું હતું કે, મહેકમ મુજબ ૫૦૦થી ૭૦૦ જગ્યાઓ ખાલી પડી છે. તો સરકારને વિનંતી છે કે, ચાલુ ભરતીમાં જ તે જગ્યા ઉમેરી દેવામાં આવે. જેથી જે ઉમેદવારોને અન્યાય થયો છે તેને લાભ મળે. રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી પોતાની રજૂઆત કરવા માટે આવેલા ૧૦૦ જેટલા ઉમેદવારોને પોલીસ દ્વારા ડિટેઈન કરી પોલીસ વાહનમાં બેસાડી લઈ જવામાં આવ્યા હતા. પોલીસે ડિટેઈન કરવાનો પ્રયાસ કરતા પોલીસ કર્મીઓ અને ઉમેદવારો વચ્ચે ઘર્ષણનાં દૃશ્યો સર્જાયાં હતાં. પોલીસ ઉમેદવારોને ટીંગાટોળી કરીને લઈ ગઈ હતી. ગાંધીનગરમાં નોકરીની માગણી સાથે આવેલા શબાના ચોટલિયા નામની ઉમેદવારે રોષ ઠાલવતાં કહ્યું હતું કે, ફોરેસ્ટ બીટ ગાર્ડની ભરતીને અઢીથી ત્રણ વર્ષ થઈ ગયાં છતાં ભરતી સંપૂર્ણ પારદર્શકતા સાથે થઈ નથી. ગોપનીયતાના નામે અમારા રિઝલ્ટમાં માર્ક જાહેર કરવામાં આવતા નથી. તો અન્ય પરીક્ષાઓના માર્ક જાહેર કેમ કરાય છે ? CBRT પદ્ધતિના કારણે ખરાબ પરિણામ આવ્યું છે. અમે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે, અમારી માગણી સ્વીકારો, અમારા પર અત્યાચાર કરવાનું બંધ કરો. છેલ્લા ઘણા સમયથી ગૌણસેવા દ્વારા ફોરેસ્ટ, CCE, સબ ઓડિટર, સિનિયર સર્વેયર, Planning assistant, Work assistant મદદનીશ ઈજનેર સિવિલ, ગ્રાફિક ડિઝાઈનર સહિત અલગ અલગ સંવર્ગ અને કેડરની ભરતીઓ CBRT(કોમ્પ્યુટર બેઝ્ડ રિક્રુટમેન્ટ ટેસ્ટ) પદ્ધતિથી લેવાઈ છે. ભૂતકાળમાં આ પદ્ધતિને લઈને પણ ઉમેદવારોએ નારાજગી વ્યક્ત કરી હતી અને આ પદ્ધતિ રદ કરવાની માગ કરી હતી. જે તે સમયે ઉમેદવારોએ કહ્યું હતું કે, આ પદ્ધતિનો ગુજરાતમાં પહેલી વાર જ્યારે પ્રયોગ કરવામાં આવ્યો તે પહેલાં કહેવામાં આવતું હતું કે, આ CBRT દ્વારા પરીક્ષા લેતી એજન્સી ખૂબ વિશ્વસનીય, પારદર્શી, પેપરરહિત, ભૂલરહિત છે, પરંતુ છેલ્લે લેવાયેલી તમામ પરીક્ષાઓમાં તે ખરી ઊતરી નથી તેને કારણે અનેક છબરડા સામે આવ્યા છે. સૌથી મોટું નકારાત્મક પાસું એ છે કે ગુજરાત સરકારની તમામ પરીક્ષાઓ ગુજરાતી ભાષા દ્વારા લેવામાં આવે છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૯૪ તાલુકાઓમાં મેઘમહેર

# વરસાદે વિદાય ટાણે મધ્ય અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓને પાણી-પાણી કર્યાં

## વલસાડના પારડીમાં સૌથી વધુ પોણા ઈંચ વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં હાલ ચોમાસુ ધીમે-ધીમે વિદાય લઈ રહ્યું છે. ત્યારે વરસાદે વિદાય લેતાં લેતાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓને પાણી પાણી કરી દીધું છે. સોમવારે રાત્રિના સમયે વડોદરા, દાહોદ, મહીસાગર અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતા લોકોને ભાદરવામાં અષાઢ મહિનાની યાદ અપાવી હતી. સોમવારે રાજ્યમાં સૌથી વધુ વલસાડના પારડીમાં પોણા પાંચ ઈંચ ખાબક્યો હતો. એક તરફ વરસાદના કારણે લોકોને ભાદરવાની ગરમીમાં રાહત મળી છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. પંચમહાલના ગોધરા અને આસપાસના વિસ્તારમાં રાત્રિના સમયે ધોધમાર વરસાદ વરસતા શહેરની મેસરી નદી બે કાંઠે વહેતી થઈ હતી. ગોધરામાં મોડીરાતે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવન અને વીજળીના કડાકા સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ ગોધરા સહિત આસપાસના વિસ્તારમાં વીજળીના કડાકા સાથે મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રાજ્યમાં અને ઉપરવાસમાં ચાલુ વર્ષે નોંધપાત્ર વરસાદ વરસવાના કારણે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ છલોછલ થઈ ચૂક્યો છે. ઉપરવાસમાંથી પાણીની આવક ચાલુ હોવાથી ડેમ ગમે ત્યારે છલકાય તેવી શક્યતા રહેલી છે. ડેમની મહતમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે ત્યારે મંગળવારે સવારે ૧૩૮.૨૬ મીટરે પહોંચી છે. ડેમમાંથી હાલ ૭૫ હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે વડોદરા જિલ્લાના ડભોઈ, કરજણ તાલુકાના નદી

## મેઘરાજાએ લોકોને ભાદરવામાં અષાઢ મહિનાની યાદ અપાવી

કાંઠાના નીચાણવાળા વિસ્તારોના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જયારે આણંદ શહેર ઉપરાંત ગામડી, કરમસદ, વિદ્યાનગર, ગાના, મોગરી તેમજ આસપાસના પંથકમાં ગત મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ સાથે પવન ફૂંકાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. જેથી પ્રજાને ગરમી અને અસહ્ય બફારાથી રાહત મળી છે. જોકે, બીજી બાજુ વરસાદી વાતાવરણને પગલે નવરાત્રીનું જાહેર આયોજન કરનાર આયોજકો ચિંતામાં મૂકાયાં છે. રાજ્યમાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં સિઝનનો સરેરાશ ૧૨૬ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન વિભાગ દ્વારા બુધવારથી શુક્રવાર સુધી રાજ્યના છોટા ઉદેપુર, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લા ઉપરાંત સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણમાં બુધવારથી ત્રણ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છોટા ઉદેપુર જિલ્લામાં પણ ગત મોડીરાત્રે સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. વડોદરા શહેર અને જિલ્લામાં સોમવારે મોડી રાત્રે ભાદરવામાં અષાઢ મહિના જેવો માહોલ જોવા મળ્યો હતો. ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતા રસ્તાઓ પાણી પાણી થયા હતા. ભારે પવનના કારણે અનેક જગ્યાએ વૃક્ષો અને હોર્ડિંગ્ઝને નુકસાન થયું હતું. મહીસાગર જિલ્લામાં પણ વરસાદી માહોલ છવાતા બાલાસિનોરમાં સૌથી વધુ ૧ ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે અન્ય ૫ તાલુકાઓમાં પણ ૩ મિમીથી લઈ ૭ મિમી સુધીનો વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૬ જિલ્લાના ૯૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વલસાડના પારડીમાં ૫ ઈંચ ખાબક્યો હતો.

આરોપી આચાર્યનું ભાજપ-RSS-વિહિપ જોડે કનેક્શન નીકળતાં રાજકારણ ગરમાયું

# સિંગવડમાં છ વર્ષની બાળા પર દુષ્કર્મ આચરી હત્યા કરનાર લંપટ આચાર્યને ફાંસીની સજા આપવા માંગ

## કોંગ્રેસ-આપ દ્વારા જિલ્લા પોલીસવડા કચેરીએ આવેદન : મુખ્યમંત્રી, ગૃહમંત્રી તથા ભાજપના વિરોધમાં સૂત્રોચ્ચાર કરાયા

દાહોદ, તા.૨૪

સિંગવડમાં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યાના બનાવમાં શાળાના આચાર્ય દ્વારા આ ઘૃણાસ્પદ કૃત્ય કર્યું હોવાનું બહાર આવતા દાહોદ શહેર સમગ્ર ગુજરાતમાં ઘેરા પ્રત્યઘાતો પડ્યા છે. ખાસ કરીને ગુરૂ શિષ્યના સંબંધોને કલંકિત કરનાર આ ચકચારી કેસમાં દીકરીને તેમજ તેના પરિવારને ન્યાય મળે તે માટે આરોપી આચાર્યને ફાંસીની સજા આપવાની માંગ ચોતરફથી ઊઠવા લાગી છે. ત્યારે અત્યંત સંવેદનશીલ ગણાતા આ પ્રકરણમાં આરોપી આચાર્યનો આરએસએસ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ ભાજપ જોડે સંબંધો હોવાનું બહાર આવતા હવે રાજકારણ ગરમાયું છે. જેના પગલે આજે કોંગ્રેસ તેમજ આપ પાર્ટીએ ભેગા મળી એસ.પી. કચેરીએ આવેદન આપ્યું છે. શહેરના આંબેડકર ચોક ખાતે કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ ભેગા થયા હતા, જેમાં પૂર્વ સાંસદ પ્રભાભેન તાવિયાડ, પૂર્વ ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા વજુભાઈ પણદા, જિલ્લા પ્રમુખ હર્ષદ નિનામા, કિરીટભાઈ, ઝાલોદના આગેવાન સંજય નિનામા, મુકેશ ડાંગી સહિતના હોદ્દેદારો તેમજ કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આમ આદમી પાર્ટીમાંથી પણ



હાર્દિક પરમાર સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી બાળકીની આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું. ત્યારબાદ ભાજપ વિરુદ્ધ, સાંસદ તેમજ મુખ્યમંત્રી ગૃહમંત્રી વિરુદ્ધમાં સૂત્રો તેમજ નારા પોકારતા આંબેડકર ચોકથી એસ.પી. કચેરી સુધી રેલી સ્વરૂપે પહોંચ્યા હતા. બીજા એસ.પી. ડોક્ટર રાજદીપસિંહ ઝાલા હાજર ન હોવાથી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો એસ.પી. કચેરી ખાતે જ બેસી ગયા હતા. જો કે, એસ.પી. જોડે ટેલિફોનિક ચર્ચા થયા બાદ તેઓ આ કેસના તપાસ અર્થે સિંગવડ મૂકામે હોવાથી એલઆઈસી શાખાના પી.એસ.આઈ. ગામિતને આવેદન સુપ્રરત કરી આરોપીને ફાંસીની સજા થાય તે માટે માંગ કરી હતી.

### સાંસદના ઘર તદ્દન નજીક હોવા છતાંય હજી સુધી બાળકીના ઘરે પહોંચ્યા નથી તે કમનસીબ બાબત : પ્રભાબેન તાવિયાડ (પૂર્વ સાંસદ)

પૂર્વ સાંસદ ડોક્ટર પ્રભાબેન તાવિયાડે સાંસદ જશવંતસિંહ ભાભોરને આડે હાથે લીધા હતા. સાંસદ હજી સુધી ભોગ બનનાર બાળકીના ગામમાં પહોંચ્યા નથી તેમના પરિવારને મળ્યા આવવા પહોંચ્યા નથી. એટલું જ નહીં જે પ્રમાણે અન્ય કેટલાક કિસ્સાઓમાં આરોપીના ઘરે બુલડોઝર ચાલતા હોવાના બનાવને લઈ આરોપી આચાર્યના ઘરે પણ બુલડોઝર ચલાવવા માટે પૂર્વ સાંસદ પ્રભાબેન દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### આરોપીને અમને સોંપી દો, અમે ન્યાય કરી દઈશું : ચંદ્રિકાબેન બારિયા (પૂર્વ કોંગી ધારાસભ્ય)

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ આરોપી રિમાન્ડ હેઠળ હોઈ આ મામલે પૂર્વ મહિલા ધારાસભ્ય ચંદ્રિકાબેન બારિયા પણ આ પ્રકરણને લઈ લાલઘૂમ જોવા મળ્યા હતા. તેઓએ રેલી દરમિયાન રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ વિરુદ્ધ પણ નાશ પોકાર્યા હતા. સાથે-સાથે આરોપીઓને અમને સોંપી દો અમે ક્યાંય કરી આપીશું તેમ પણ જણાવ્યું હતું.

### બાળકીને ઝડપી ન્યાય મળે તે માટે ફાસ્ટટ્રેકમાં કેસ ચલાવી ફાંસી આપવા માંગ

સિંગવડના ચકચારી પ્રકરણમાં કોંગ્રેસ આકરા પાણીએ જોવા મળી રહી છે. આરોપીના સંબંધો વિશ્વ હિન્દુ પરિષદ, આરએસએસ જેવા હિન્દુ સંગઠનો તેમજ ભાજપ જોડે હોવાનું બહાર આવતા હવે આ પ્રકરણમાં રાજકારણ ગરમાંવ્યું છે. સાથે-સાથે આવા આરોપીઓને સરકાર અને ભાજપના નેતાઓ છાવરતા હોવાના આક્ષેપો પણ કોંગ્રેસ પાર્ટી દ્વારા લગાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને સોશિયલ મીડિયામાં લોકો આરોપી આચાર્ય સામે ફિટકારની લાગણી વરસાવી રહ્યા છે. તેનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં અંડરટ્રાયલ ચલાવી ફાંસીની માંગ પણ હવે જોરશોરથી ઊઠવા પામી છે.

પુત્રજન્મ માટે ઘરેલુ ઉપચાર સૂચવવાનું માસી સાસુને ભારે પડયું !

# પુત્રવધૂને ગર્ભપાત થઈ જતાં માસી સાસુ સામે કર્યો કેસ : હાઈકોર્ટ દ્વારા મળી રાહત

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૪

ગુજરાત હાઈકોર્ટમાં એક કેસની સુનાવણી બાદ ફરિયાદી પુત્રવધૂની માસી સાસુ સામે નોંધાયેલી ફરિયાદ બદલ તેમની સામેની ફોજદારી કાર્યવાહી ઉપર મનાઈ હુકમ આપ્યો હતો. પુત્રવધુ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી હતી કે પોતે જ્યારે ગર્ભવતી હતી ત્યારે પુત્રનો જન્મ થાય તે માટે માસી સાસુએ સાસુને ટેલિફોન ઉપર કેટલાક ઘરઘથ્થુ ઉપચાર કીધા હતા અને તેના કારણે તેણી ને ગર્ભપાત થઈ ગયો હતો. પુત્રવધુએ સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી હતી તેમાં ઘરેલુ હિંસા, ગર્ભપાત માં મદદગારી અને પજવણી સહિતના આરોપસર ફરિયાદ નોંધાવી હતી તેમાં આરોપીઓમાં સાસુ અને માસી સાસુ બંનેનો સમાવેશ થતો હતો. આથી બંનેએ ગુજરાત હાઈકોર્ટમાં પોતાની સામે થયેલી ફરિયાદ રદ કરવા માટે પિટિશન કરી હતી. કેસની વિગતો મુજબ અમદાવાદમાં રહેતી એક પરિણીતાએ પોતાના સાસરીયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને આ ફરિયાદમાં પરિણીતા દ્વારા સાસુ અને માસી સાસુ સામે ઘરેલુ હિંસા સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. માસી દૂરના શહેરમાં રહેતા હતા અને જ્યારે પરિણીતા ગર્ભવતી હતી ત્યારે તેણીને પુત્રનો જન્મ થાય તે માટે તેણીની સાસુ સાથે ટેલિફોન ઉપર વાત કરતી હતી. આ વાતચીત દરમિયાન માસી સાસુ દ્વારા સાસુને એવો સૂચન કરવામાં આવતું હતું કે ઘરગથ્થુ ઉપચારના મારફતે પુત્ર બાળકનો જન્મ થાય તેવું શક્ય છે અને તે માટે તેણી સાસુને ઘરગથ્થુ ઉપચાર જણાવતી હતી. આ ઉપચારનો પ્રયોગ સાસુ દ્વારા પુત્રવધુ ઉપર કરવામાં આવતા અંતે પુત્રવધુને ગર્ભપાત થઈ ગયો હતો અને આ બાબતે ઘરમાં કંકાસ થતાં અને પોતાને ભારે તકલીફ પડતા પુત્ર વધુએ સાસરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમાં દૂરનાં શહેરમાં રહેતી માસી સાસુને પણ આરોપી બનાવવામાં આવી હતી અને તેમની સામે કોર્ટમાં ખાટલો ચાલી રહ્યો છે. જોકે કેસની સુનાવણી બાદ કોર્ટે માસીસાસુ સામેની કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી ઉપર મનાઈ હુકમ આપ્યો હતો જ્યારે સાસુએ પોતાની અરજી પાછી ખેંચી નીચલી કોર્ટમાં કરવા માટે મન બનાવ્યું હતું. પુત્રવધૂના અને સરકારી વકીલ દ્વારા અરજીઓનો વિરોધ કરવામાં આવ્યો હતો. જો કે અરજદાર માસી સાસુના વકીલ તરફથી રજૂઆત કરાઈ હતી કે તેણી દ્વારા ઘરઘથ્થુ ઉપચાર માટે સૂચન કરાયું હતું આગ્રહ કરાયો નહોતો. આવા સૂચનો સામાન્ય રીતે કરતા હોય છે અને અમલ કરવો કે નહીં તે સામેવાળી વ્યક્તિની ઈચ્છાની વાત છે. આથી ઘરેલુ બાબતો ઉપર વાતચીત કરવી તે ગુનો બનતો નથી. માસી સાસુ અમદાવાદથી દુર રહે છે. સુનાવણી દરમિયાન અદાલતે મૌખિક ટકોર કરી હતી કે ટેલિફોન પર બે વ્યક્તિ વચ્ચે શું વાત થઈ તેની સીધી માહિતી ફરિયાદી પાસે હોઈ શકે નહિ અને માત્ર ટેલીફોનીક વાતચીત નાં આધારે ફરિયાદ કેવી રીતે થઈ શકે આ બાબતે યોગ્ય નથી. સલાહના આધારે કથિત કૃત્ય સાસુ દ્વારા કરાયું છે. મે ફરિયાદ ત્રણ વાર વાંચી છે અને તેના પરથી જણાય છે કે આરોપીએ ફરિયાદીને સીધી કોઈ વાત કરી જ નથી. જો આ પ્રકારની ફરિયાદોને બહાલી આપવાના આવે તો કોઈ વિદેશમાં રહેતી વ્યક્તિને પણ ટેલિફોન વાતચીત આધારિત ફરિયાદ કરી દે. આવા આરોપો બાબતે કોઈ પુરાવો હોવો પણ જરૂરી છે. ત્યારબાદ અદાલતે કાર્યવાહી ઉપર મનાઈ હુકમ આપ્યો હતો.

હાલમાં જરૂરિયાત મુજબ ચાર જિલ્લામાં વધુ વીજળી અપાશે

# રાજ્યમાં ખેડૂતોની માંગ મુજબ હવે બે કલાક વધુ વીજળી આપવા નિર્ણય

## અન્ય જગ્યાએ જરૂરિયાત મુજબ નિર્ણય લેવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨૪

રાજ્યના સિંચાઈ માટે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ખેડૂતોની માગના આધારે સરકારે નિર્ણય લીધો છે. રાજકોટ, જૂનાગઢ, જામનગર, પોરબંદરમાં એમ ચાર જિલ્લામાં હાલ ખેડૂતોને વધુ વીજળી આપવામાં આવશે. ખેડૂતોની રજૂઆત પ્રમાણે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. મગફળીના વાવેતર વિસ્તારમાં વધુ સમય વીજળી આપવાની માગ ઉઠી હતી. જયાંથી માગ આવશે એ વિસ્તારોમાં સરકાર વીજળી આપવાનો સમય વધારશે. એવો સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. એટલે કે હાલ ચાર જિલ્લામાં જરૂરિયાતને લઈ નિર્ણય કરાયો છે તે બાદ આગામી સમયમાં જરૂર મુજબ નિર્ણય લેવાશે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખરીફ પાકોનું સારું વાવેતર જોવા મળ્યું છે. રાજ્યમાં ઓગસ્ટ મહિના સુધીમાં આશરે ૭૦ લાખ હેક્ટર જેટલી જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૭૪ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થયું હતું. છેલ્લા ૩ વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યારસુધીમાં ૮૧ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થયું છે. આ વર્ષે રાજ્યમાં સૌથી વધુ આશરે ૨૩ લાખ હેક્ટરથી વધુ જમીનમાં કપાસનું વાવેતર થયું છે. કપાસ બાદ રાજ્યમાં સૌથી વધુ તેલિબિયા પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨૨.૯૦ લાખ હેક્ટર જમીનમાં તેલીબીયા પાકોનું વાવેતર થયું છે, જે ગત વર્ષે ૨૧.૮૦ લાખ હેક્ટર હતું. ગત વર્ષની સરખામણીએ તેલીબીયા પાકોના વાવેતર વિસ્તારમાં ૧ લાખ હેકટરનો વધારો થયો છે. રાજ્યના મુખ્ય તેલિબિયા પાક એવા મગફળીનું પણ રાજ્યમાં પુષ્કળ એટલે કે ૧૮.૮૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં મગફળીનું વાવેતર થયું છે. જે ગત વર્ષે કરતા ૨.૫ લાખ હેક્ટર વધારે છે.

મુસ્લિમોની લાગણી દુભાઈ તે બદલ માફી માંગી

# કલોલમાં બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા મુસ્લિમ સમુદાયને શાંતિની અપીલ કરાઈ



(તસવીર : સૈયદ અબુ વકાસ, કલોલ)

કલોલ, તા.૨૪

કલોલમાં ઈસ્લામના મહાન પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરવામાં આવી હતી,અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી જેનાથી તમામ મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ હતી ફરિયાદ પણ કરવામાં આવી અને યુવકને જેલના સળિયા પાછળ પણ મોકલી આપવામાં આવ્યો છે. આ ઘટનાથી કલોલની શાંતિ ડહોળાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. પરંતુ કલોલ બ્રહ્મભટ્ટ સમાજના માજી પ્રમુખ નીમુભાઈ બારોટ દ્વારા વીડિયો બનાવીને આ ઘટનાની નિંદા કરી અને કલોલ બ્રહ્મભટ્ટ સમાજ વતી મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ તે બદલ માફી માંગી હતી અને શાંતિની અપીલ કરી હતી. સાથે-સાથે ખૂબ જ અગત્યની વાત કરી હતી જે રવી બારોટ નામનો યુવક જેના મોબાઈલથી આ અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી તે પોતે આટલો હોશિયાર નથી અને તેની માતા પણ અસ્થિર મગજની છે. નીમુભાઈ બારોટે વધુમાં જણાવ્યું કે આં ઘટનાની પાછળ કોઈ કાવતરૂં હોય શકે છે જો ખરેખર આવું હોય તો આ ઘટનાની ઊંડી તપાસ થવી જોઈએ અને જેને પણ આ કાવતરૂં કર્યું છે એને ઉઘાડો કરવો પડે. જેનાથી કલોલમાં એકતા અને ભાઈચારો બની રહે. અંતે કલોલ મુસ્લિમ સમાજને પ્રેમ ભાવ બનાવી રાખવા અપીલ કરી હતી.

# કરાર આધારિત ૨૫૩ સંશોધન અને તાલીમ સહાયકની ભરતી માટે કાર્યવાહી શરૂ

## GCERT- DIETમાં ભરતી માટે આજથી ઓનલાઈન ફોર્મ ભરાશે, ૫ ઓક્ટોબર સુધીની મુદત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)માં કરાર આધારીત ૨૫૩ સંશોધન અને તાલીમ સહાયકની નિમણુંકની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ માટે બુધવારથી ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારોને અરજી કરવા માટે ૫ ઓક્ટોબર સુધીની મુદત અપાઈ છે. ત્યારબાદ પ્રાથમિક અને મુખ્ય એમ બે પરીક્ષાના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર લેક્ચરર સંવર્ગની ૨૫૩ જગ્યાઓ ૧૧ માસના કરારથી સંશોધન અને તાલીમ સહાયક તરીકે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)માં ખાલી જગ્યાઓ પર કામગીરી કરાર કરવાની મંજુરી મળી છે. ઉમેદવારોએ બુધવારના રોજ બપોરના ૨ વાગ્યાથી ૫ ઓક્ટોબર સુધી વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. ત્યારબાદ

## પસંદગી માટે પ્રાથમિક પરીક્ષા ૧૭ નવેમ્બરે, મુખ્ય પરીક્ષા ૧૫ ડિસેમ્બરે યોજવાનું હાલના તબક્કે આયોજન

પ્રાથમિક પરીક્ષા જે બહુવિકલ્પ સ્વરૂપની હશે તેની સંભવિત તારીખ ૧૭ નવેમ્બર જાહેર કરવામાં આવી છે. જયારે મુખ્ય પરીક્ષા જે વર્ણનાત્મક લેખિત સ્વરૂપે હશે તેની સંભવિત તારીખ ૧૫ ડિસેમ્બર જાહેર કરવામાં આવી છે. પ્રાથમિક પરીક્ષા ૨૦૦ ગુણની બહુવિકલ્પ સ્વરૂપ (MCQ) પદ્ધતિથી લેવામાં આવશે. જયારે મુખ્ય પરીક્ષા ૨૦૦ ગુણની વર્ણનાત્મક લેવામાં આવશે. મુખ્ય પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારોનો મેરિટ લિસ્ટમાં સમાવેશ કરી શકાશે. મેરિટ યાદી શાખાવાર તૈયાર કરવામાં આવશે. ઉમેદવારોની પ્રાથમિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ વેબસાઈટ પર મુકવામાં આવશે. પરીક્ષાનું માળખું પણ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. પ્રાથમિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્ર ગુજરાતી માધ્યમાં આપવામાં આવશે. તમામ કેટેગરીના ઉમેદવારો માટે પ્રાથમિક પરીક્ષાની ફી રૂા. ૩૫૦ નક્કી કરવામાં આવી છે. જ્યારે દ્વિતીય કસોટી માટે પાત્ર ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવનાર ફી ભરવાની રહેશે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS